શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્

# ચારધામ

# યાત્રા

www.neelkanthvarni.com

સંવત્ ૨૦૬૨ પોષસુદ ૨ સને. ૨૦૦૬ તા. ૧-૧-૦૬



-: પ્રકાશક :-
શ્રીસ્વામિનારાયણ
મંદિર ભુજ - કચ્છ.

કમ્પોઝ સેટીંગ
શ્રીનરનારાયણદેવ કોમ્પ્યુટર
શ્રીસ્વામિનારાયણ મંદિર
ભુજ - કચ્છ.

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# ચાર ધામની યાત્રા

www.
jayswaminarayan.org

કચ્છ દેશમાં શ્રીસ્વામિનારાયણ ભગવાન જ્યાં જ્યાં વિચરેલા છે ત્યાં ત્યાંનાં પ્રસાદીનાં સ્થાનોની યાદી :-

કચ્છમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન સંવત્ ૧૮૬૧થી સંવત્ ૧૮૬૮ સુધી એમ સાત વર્ષ વિચરેલા છે, અને પોતાના ભક્તોને સુખ આપેલાં છે. જે જે ગામોમાં શ્રીજીમહારાજ પધારેલા છે તે તે ગામોનાં પ્રસાદીનાં સ્થળોની યાદી નીચે પ્રમાણે છે.

## કચ્છ દેશની પંચતીર્થી

**૧ ભીમાસર :-** (ભુટકીયા) તલાવ પ્રસાદીનું છે, તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે.

**૨ વાંઢિયું :-** ત્યાં તલાવ પ્રસાદીનું છે. તેમાં સંતો સાથે શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે.

**૩ ગાગોદર :-** હરિ મંદિર છે. ત્યાં ગોરસર તલાવ પ્રસાદીનું છે, તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે.

**૪ લાકડિયા :-** ત્યાં તલાવ પ્રસાદીનું છે તેમાં શ્રીજીમહારાજે લાલજી સુતારની સાથે સ્નાન કરેલું છે. અને લાલજી સુતારને ત્યાં જ સાધુ દિક્ષા આપીને શ્રી નિષ્કુળાનંદ સ્વામી નામ આપેલું હતું.

**૫ સિકારપુર :-** તલાવ પ્રસાદીનું છે, તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે.

**૬ કટારિયા :-** તલાવ પ્રસાદીનું છે. તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે.

**૭ આધોઇ :-** હરિ મંદિર છે. ત્યાં દરબાર લાલજીના પુત્ર કલ્યાણસિંહજીનાં પત્ની કર્ણિબાએ પોતાને ઘેર શ્રીજીમહારાજને થાળ જમાડેલ છે. તેમજ ચાર ગોરસાં જેટલું દહીં જમાડેલું હતું. અહીં શ્રીજીમહારાજે ડભાણના યજ્ઞની સાથે જ યજ્ઞ કરેલો હતો, તે ઠેકાણે છત્રી કરીને ચરણારવિંદ પધરાવેલાં છે.ગામથી ઉત્તરમાં નદી પ્રસાદીની છે. તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે. નદીની ઉત્તરમાં થોડે દૂર મહાદેવજી પ્રસાદીના છે. તેની શ્રીજીમહારાજે પૂજા કરેલી છે. મહાદેવના મંદિર આગળ કુંડ પ્રસાદીનો છે તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે, સદ્ગુરૂ નિષ્કુળાનંદ સ્વામીએ સર્વ પહેલાં યમદંડ નામે ગ્રંથ આધોઇ ગામમાં કરેલો છે.

**૮ કંથકોટ :-** હરિ મંદિર છે. ઠાકર મંદિરના ગોખમાં શ્રીજીમહારાજ બેઠેલા હતા તે ગોખ પ્રસાદીનો છે. તથા શ્રીકૃષ્ણ ભગવાનની શ્યામ મૂર્તિ તથા રાધિકાજીની મૂર્તિ પ્રસાદીની છે, તથા હનુમાન પ્રસાદીના છે. તથા અડિકડિની વાવ પ્રસાદીની છે. તથા નોંધણ કૂવો પ્રસાદીનો છે, જેમાં

શ્રીજીમહારાજે સંતો સહિત બહુવાર સ્નાન કરેલું તથા દરવાજો પ્રસાદીનો છે. શ્રીજીમહારાજ તે દરવાજેથી વારંવાર આવતા જતા. ગામથી બહાર ઈશાન કોણમાં થોડે દૂર પતાસર તલાવ છે. તેમાં સંતો તથા શ્રીજીમહારાજે બહુવાર સ્નાન કરેલું છે. તથા તલાવને પશ્ચિમ કિનારે પતેશ્વર મહાદેવ પ્રસાદીના છે. શ્રીજીમહારાજે પૂજા કરેલી છે.

**૯ રાપર :-** હરિ મંદિર છે. ઠાકર (ધીંગડમલ)નું મંદિર પ્રસાદીનું છે. તેની સમીપે વેદાંત સાંમત સરવૈયાનાં ઘર હતાં. ત્યાં શ્રીજીમહારાજ રહ્યા હતા અને સાંમત સરવૈયે પૂછેલા પ્રશ્નોના ઉત્તર શ્રીજીમહારાજે કરીને તે વેદાંતિનો પરાભવ કરેલો હતો તે સ્થળે ઓટો કરીને ચરણારવિંદ પધરાવેલાં છે. તથા જગાસર તલાવ તથા દૂધેસર તલાવ પ્રસાદીનાં છે. શ્રીજીમહારાજે સંતો સહિત તેમાં સ્નાન કરેલું છે.

**૧૦ ભચાઉ :-** હરિ મંદિર છે. ગામથી ઉત્તરે આધોઈના રસ્તે લિંબડાનું ઝાડ હતું. તે નીચે ત્યાંનાં બાઈઓ હરિભક્તોએ શ્રીજીમહારાજને થાળ જમાડેલા છે. ગામમાં વાઘાશાહનાં ઘર, તેમાં શ્રીજીમહારાજ ઘણીવાર રહેલા છે અને થાળ જમેલા છે. ગામથી દક્ષિણ બાજુ થોડે દૂર બટિયું તળાવ, બટિયો કૂવો પ્રસાદીનો છે, તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે.

**૧૧ નાની ચીરઇ :-** હરિ મંદિર છે. તલાવ પ્રસાદીનું છે. તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે. તલાવના કિનારે છત્રી બનાવીને ચરણારવિંદ પધરાવેલાં છે.

**૧૨ ભીમાસર (ચકાસર) :-** હરિ મંદિર છે. તલાવ પ્રસાદીનું છે. તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે. તલાવની નજીકમાં છત્રી બનાવીને ચરણારવિંદ પધરાવેલાં છે.

**૧૩ અંજાર :-** અહીં શિખર મંદિર ઉત્તરદ્વારે છે. તેમાં ઘનશ્યામ મહારાજ શ્વેત આરસના વિરાજે છે. સંતો કાયમ રહે છે. ચાગબાઈને ઘેર શ્રીજીમહારાજ થાળ જમ્યા છે. તે સ્થળે હાલે આપણા મંદિરમાં ઠાકોરજીની આગળ કોળીમાં વેદિકા કરી ચરણારવિંદ પધરાવેલાં છે. વંડામાં વડ હતો તેની નીચે શ્રીજીમહારાજે સભા કરેલી છે તે સ્થળે છત્રી કરીને ચરણારવિંદ પધરાવેલાં છે. તથા માધવરાયની વાડીમાં કૂવો પ્રસાદીનો છે તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે. તેની સમીપે આસોપાલવનું વૃક્ષ હતું તે નીચે શ્રીજીમહારાજે સભા કરેલ હતી. તથા પીપળા નીચે પીપળેશ્વર મહાદેવ છે. તેની શ્રીજીમહારાજે પૂજા કરેલી છે. ત્યાં ઓટો કરી ચરણારવિંદ પધરાવેલાં છે.

**૧૪ ધમડકા :-** જાડેજા લાધાજીના દરબારમાં શ્રીજીમહારાજ રહેલા હતા ત્યાં છત્રી કરી ચરણારવિંદ પધરાવેલાં છે. તથા મંદિરના ગોખમાં શ્રીજીમહારાજ બેઠેલા હતા તેથી તે પ્રસાદીનો છે. અને તે મંદિર જીર્ણ થવાથી તેમાંની મૂર્તિઓ હાલે નવા ધમડકામાં મંદિર કરીને પધરાવેલ છે. તથા લાડુદાનજી (બ્રહ્માનંદ સ્વામી) ભણતા તે પિંગલ શાળાનું સ્થળ છે. શંકરનું મંદિર છે. તે શંકરની શ્રીજીમહારાજે પૂજા કરેલી છે. તથા ત્રિપંખો ખિજડો પ્રસાદીનો છે. ત્યાં શ્રીજીમહારાજનો અને લાડુદાનજીનો પ્રથમ મેળાપ થયેલો હતો. ત્યાં છત્રી કરીને ચરણારવિંદ પધરાવેલાં છે તથા સારણ ગંગામાં શ્રીજીમહારાજે સંતો સહિત ઘણીવાર સ્નાન કરેલું છે તે નદીમાં નારાયણધરો છે તે પ્રસાદીનો છે. ત્યાં છત્રી કરી શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પધરાવેલ છે.

**૧૫ દુધઇ :-** હરિ મંદિર છે. ગામની દક્ષિણ દીશામાં થોડે દૂર ગંગાજી પ્રસાદીનાં છે. તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે.

**૧૬ ખોખરા (ઝરૂ) :-** રામાનંદ સ્વામીની ઓરડી હતી તેમાં એક વખત રામાનંદ સ્વામીએ હરિભક્તોને કહ્યું જે, અમે તો ડુગડુગિને વગાડીએ છીએ. પણ વેષ ધરનાર (ભગવાન) તો હવે આવશે તેમને ઓળખજો. હરિભક્તોએ કહ્યું કે, અમો તેમને કેમ ઓળખીએ ? ત્યારે રામાનંદ સ્વામીએ ગાદલું તથા ઓશીકાં સહિત ઢોલિયો તૈયાર કરાવીને, તે ઓરડીને તાળું વાસીને કહ્યું કે, આ તાળું પોતાની મેળે ઉઘાડીને આ ઢોલિયા ઉપર બેસે તેને ભગવાન માનજો. તે ઓરડીમાં શ્રીજીમહારાજ તેવી જ રીતે જઈને બેઠેલા હતા. તેથી તે ગામના માણસોને શ્રીજીમહારાજનો ભગવાનપણાનો નિશ્ચય થયો હતો. અને તે ગામમાં પાણીનું દુઃખ હોવાથી શ્રીજીમહારાજે બતાવેલ સ્થળે કૂવો ખોદયો

તેનું પાણી બહુ મીઠું થયું, તે કૂવો હાલ પણ છે.

**૧૭ ચાંદરાણી** :- તલાવમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે. તેના દક્ષિણ કિનારા ઉપર એક વરખડા (જાર)નું ઝાડ છે. તેની ડાળ ઉપર શ્રીજી-મહારાજ ઘોડાની માફક બેઠેલા હતા તે ઝાડ હાલ પણ છે. તે પ્રસાદીનું છે. ત્યાં છત્રી કરી શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પધરાવેલ છે.

**૧૮ ધોરાવા** :- નદીની પૂર્વ બાજુ થોડે દૂર ભીમા ઠક્કરની વાવ છે. તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલ છે. તથા ત્યાં મહાદેવ છે તેની શ્રીજીમહારાજે પૂજા કરેલી છે, તેથી તે પ્રસાદીના છે. ત્યાં છત્રી કરીને ચરણારવિંદ પધરાવેલ છે.

**૧૯ માધાપુર** :- હરિ મંદિર દક્ષિણ દ્વારે. ગામની પૂર્વ બાજુ થોડે દૂર મેગજીરાઇ નામે તલાવ છે. તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે ત્યાં છત્રી કરીને ચરણારવિંદ પધરાવેલાં છે.

## ૨૦ ભુજ :-

૧ શ્રીનરનારાયણ દેવનું મંદિર છે. તેમાં શ્રીજીમહારાજે સ્વહસ્તે સંવત્ ૧૮૭૯ ના વૈશાખ સુદ ૫ ના રોજ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી છે.

૨ મંદિરમાં કષ્ટભંજન હનુમાનજી, સદ્ગુરુ ગોપાલાનંદ સ્વામીના પધરાવેલા છે.

૩ સુંદરજીભાઇ તથા હીરજીભાઇને ઘેરથી ગંગારામભાઇને ઘેર જતાં માર્ગમાં, આંબલીનું એક વૃક્ષ હતું તેની ડાળખી ઝાલીને શ્રીજીમહારાજ વારંવાર ઉભા રહેતા. તે સ્થળ સભામંડપમાં, શ્રી ઠાકોરજીના સિંહાસન આગળ આવેલું છે, ત્યાં વેદિકા કરી શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પધરાવેલાં છે.

૪ સુંદરજીભાઇ તથા હીરજીભાઇને ઘેર દ્રાક્ષની વેલનો મંડપ હતો. ત્યાં હાલ અક્ષરઓરડી કરીને શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં છે. ત્યાં શ્રીજીમહારાજ સભા કરીને બેસતા તથા થાળ જમતા. રામનવમીનો ઉત્સવ તથા રંગોત્સવ પણ ત્યાં કરેલો ને રામાનંદ સ્વામી પણ ત્યાંજ રહેતા,

૫ કાયસ્થ ફળિયામાં લાધીબાની ઓરડી છે. તેમાં શ્રીજીમહારાજે અન્નકૂટોત્સવ કરેલો તથા અનેકવાર થાળ જમેલા છે. તે અક્ષર-ઓરડીમાં વેદિકા કરી શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પધરાવ્યાં છે.

૬ નાનો મલ્લ અખાડો, જેમાં ગંગારામ આદિક મલ્લોને મલ્લકુસ્તી કરાવીને શ્રીજીમહારાજે તેઓને મીઠાઇ જમાડેલી છે.

૭ ગંગારામભાઇ મલ્લના ઘરની આગળ ચોકમાં ચોતરા ઉપર બેસીને શ્રીજી મહારાજે મલ્લોને રમાડીને મીઠાઇ જમાડી હતી. ત્યાં વેદિકા કરાવીને ચરણારવિંદ પધરાવ્યાં છે.

૮ તે અખાડાની નજીકમાં ગંગારામ મલ્લનાં ઘર તથા મેડી છે. ત્યાં શ્રીજી મહારાજ સભા કરીને બેસતા તથા ફુલમંડળી કરી હિંડોળામાં ઝુલ્યા હતા, ત્યાં નૃસિંહાનંદ સ્વામીએ પહેલાં જ શ્રીજીનાં દર્શન કર્યાં હતાં.

૯ સોનીવાડમાં તુલસી વાળંદને ઘેર શ્રીજી મહારાજ થાળ જમ્યા છે. અને નવા પરમહંસોને ત્યાં પ્રથમ ઉતારો આપ્યો હતો.

૧૦ મોટા મલ્લ અખાડા પાસે ભટ્ટની ડેલીમાં સુરજબાઇનું ઘર. ત્યાં શ્રીજી થાળ જમ્યા હતા.

૧૧ મલ્લના ફળીયામાં ઘેલાભાઇ કોટવાલના ઘર આગળ લેરખી-બાઇનું ઘર છે. ત્યાં શ્રીજી મહારાજ થાળ જમ્યા હતા.

૧૨ જણસારીનું મંદિર તથા મૂર્તિઓ પ્રસાદીનાં છે. ને ત્યાં શ્રીજી મહારાજ સભા કરીને બિરાજેલા હતા અને અખૈ જોષીને જ્ઞાનોપદેશ કરેલ હતો.

૧૩ રઘુનાથજીનું મંદિર. મંદિરમાં જઇ મૂર્તિઓનાં ચરણસ્પર્શ કરી શ્રીજી મહારાજે દર્શન કરેલાં છે.

૧૪ રઘુનાથજીના મંદિરની પાસે રામવાડીમાં, રામાનંદ સ્વામીનું બંધાવેલ મંદિર ત્યાં શ્રીજી મહારાજ પધારેલા છે. અને સમીપે ધર્મશાળામાં પ્રથમ મુક્તાનંદ મુનિ આદિ સંતો ભણવા આવેલા ત્યારે ત્યાં ઉતર્યા હતા.

૧૫ હમ્મીર સરોવર, જેને શ્રીજી મહારાજે સંતો, પાર્ષદો, હરિભક્તો સાથે જળક્રિડા કરીને તીર્થોત્તમ કરેલું છે.
૧૬ રઘુનાથજીનો તથા ભોઈવાળો તથા જંદાવાળો આરો. આ આરાઓમાં શ્રીજી મહારાજે સંતો સાથે જળક્રીડા કરતા થકા અનેક વખત સ્નાન કરેલું છે.
૧૭ હમ્મીરસરને કાંઠે મંદિરની વાડી, જેનું નામ (નારાયણ બાગ) છે. તેમાં છત્રી કરીને શ્રીહરિનાં ચરણારવિંદ પધરાવેલાં છે, તેની નજીક પૂર્વ દિશામાં એક આંબલીનું વૃક્ષ છે. ત્યાં શ્રીજી મહારાજ સભા કરીને ઘણીવાર બેઠેલા છે.
૧૮ નારાયણ બાગની દક્ષિણ દિશામાં મંદિરની વાડી છે. તે આરે શ્રીજી મહારાજે અનેકવાર સંતમંડળ સહિત જળ ક્રિડા કરી છે, અને સંતદાસજી સ્વામીને તલાવમાં ડૂબકી દેવરાવીને ત્યાંથી જ પાધરા બદરિકાશ્રમમાં મોકલ્યા હતા. ત્યાં ઘણીવાર સભાઓ પણ કરેલી છે. ત્યાં છત્રી કરાવીને શ્રીજી મહારાજનાં ચરણારવિંદ પધરાવેલાં છે.
૧૯ કલ્યાણેશ્વર મહાદેવનું મંદિર. તે મહાદેવની શ્રીજી મહારાજે પૂજા કરેલી છે.
૨૦ કલ્યાણેશ્વર મહાદેવની નજીકમાં મોટી વાવ છે. તેમાં શ્રીજી મહારાજે સંતમંડળ સહિત ઘણીવાર સ્નાન કર્યું છે.
૨૧ મહાદેવના નાકા બહાર હમ્મીરસરના તટ ઉપર ખાખચોક પાસે કૂવો છે કે જેને દેડકા વાવ કહે છે, ત્યાંશ્રીજી મહારાજે કૂવાના પરથારમાં બેસીને સ્નાન તથા જળપાન કર્યું છે.
૨૨ રામકુંડ, તેમાં શ્રીજી મહારાજે સંતમંડળ સહિત જળક્રીડા કરી છે.
૨૩ ખાખચોક. ત્યાં શ્રીજી મહારાજે સંતમંડળ સહિત સભા કરી હતી.
૨૪ રામકુંડ ઉપર પશ્ચિમાભિમુખે રહેલું શંકરનું મંદિર છે. તે શંકરનું શ્રીજી મહારાજે પૂજન કરેલું છે.
૨૫ શહેરથી પશ્ચિમ બાજુમાં રાઓ શ્રી લખપતજીની છત્રી છે. શ્રીજી મહારાજ ત્યાં બિરાજ્યા હતા તેથી તેની ઉત્તરાદિ રૂપચોકી પ્રસાદીની છે.
૨૬ તેની નજીકમાં બિહારીલાલ મહાદેવનું મંદિર છે. શ્રીજી મહારાજે તે મહાદેવની પૂજા કરેલી છે.
(ઉત્તર બાજુ દ્વિશતાબ્દી સ્મૃતિ મંદિર છે.)
૨૭ તેથી પશ્ચિમ બાજુમાં (પડદાભીટ) સુખપુરને પગ રસ્તે, જ્યાં હાલ છત્રી કરાવીને શ્રીજી મહારાજનાં ચરણારવિંદ પધરાવેલાં છે. ત્યાં શ્રીજી મહારાજ સભા કરી બેસતા. અને પોતાને વળાવવા પાછળ આવતા ભુજના હરિભક્તોને ધીરજ આપી તથા સ્વધર્મમાં રહેવાનો ઉપદેશ કરી, ત્યાંથી તે ભક્તોને પાછા વાળીને પોતે માનકુવા પધારતા. ત્યાં હનુમાનજી પ્રસાદીના છે.
૨૮ આ છત્રીથી નજીકમાં પશ્ચિમ તરફનો કૂવો છે, ત્યાં શ્રીહરિએ સંતો સહિત સ્નાન તથા જળપાન કર્યું છે. તેની પાસે ધર્મશાળા પ્રસાદીની છે શ્રીજી મહારાજ તેની અંદર બેસતા.
૨૯ આ છત્રીથી નજીકમાં એક નાની ટેકરી છે તેના ઉપર શ્રીજી મહારાજ બિરાજમાન થયા હતા.
૩૦ આ કૂવાથી દક્ષિણ દિશા તરફ અને રણજીતવિલાસ પાસેની સડકથી પશ્ચિમ દિશામાં ભટ્ટ મહીદાસની વાડી છે. ત્યાં શ્રીજીમહારાજ કૂવા પાસે કુંડીની શીલા ઉપર ખીચડી રાખીને જમ્યા હતા. તે સ્થળે સંસ્મરણાર્થે વેદિકા કરી છે. તે પ્રસાદીની શીલા શ્રી ભુજ સ્વામિ-નારાયણ મંદિરમાં ગણપતિજીની બાજુમાં દર્શનાર્થે રાખી છે.
૩૧ શહેરથી પૂર્વ દિશાએ દેસરસર તલાવ છે. ત્યાં શ્રીજી મહારાજે સંતોએ સહિત જળક્રિડા કરી છે.
૩૨ દેરસરના તટ ઉપર સલાટનો વંડો છે. ત્યાં શ્રીજી મહારાજે સભા કરી હતી. ત્યાં છત્રી કરીને શ્રીજી મહારાજનાં ચરણારવિંદ પધરાવેલ છે.
૩૩ શિવરામ મંડપ. ત્યાં શ્રીજી મહારાજ નવા પરમહંસની મંડળી સહિત સભા કરીને વિરાજમાન થયા હતા.

૩૪ જુના રેલ્વે સ્ટેશનથી શહેરમાં આવતાં જમણી તરફ છત્રી આવેલ છે, ત્યાં નવા પરમહંસની મંડળીની સન્મુખ આવી, શ્રીજી મહારાજે તે પરમહંસોને એક દંડવત પ્રણામ કર્યો. અને પરમહંસો શ્રીજી મહારાજને ઉપાડી લઈ, બાથમાં ઘાલી મળ્યા હતા. તે સ્થળે જેઠી ઘેલા ત્રીકમજીએ છત્રી કરાવીને, શ્રીજી મહારાજનાં ચરણારવિંદ પધરાવેલાં છે.

૩૫ તેની નજીક દક્ષિણ દિશામાં એક વાડી છે. તેમાં રાયણનું વૃક્ષ છે. તેની નીચે શ્રીજી મહારાજ બેસીને થાળ જમ્યા છે. ત્યાં છત્રી કરી શ્રીજી મહારાજનાં ચરણારવિંદ પધરાવેલ છે.

## (ભુજ શહેરનાં તીર્થસ્થળો પૂરાં થયાં)

**૨૧ સૂરજપુર** :- હરિ મંદિર દક્ષિણદ્વારે છે.

**૨૨ બલદીયા ની.વાસ** :- હરિ મંદિર દક્ષિણદ્વારે. ઠાકર મંદિર પ્રસાદીનું છે. ત્યાં શ્રીજી મહારાજ મંદિરના ગોખમાં બેઠેલા હતા. ત્યાં ચરણારવિંદ પધરાવેલાં છે તથા ગંગદાસ પટેલને ઘેર શ્રીજી મહારાજ થાળ જમેલા છે. ત્યાં પણ વેદિ કરીને ચરણારવિંદ પધરાવેલ છે. ગામની ઉત્તર બાજુએ બળદેશ્વર મહાદેવ પ્રસાદીના છે. ત્યાં છત્રી કરી ચરણારવિંદ પધરાવેલ છે, તેની ઉત્તર બાજુ સમીપે જ ગંગાજી પ્રસાદીનાં છે. ત્યાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે. ત્યાં છત્રી કરીને ચરણારવિંદ પધરાવેલ છે. તથા બળદેશ્વર મહાદેવની આથમણી બાજુ થોડે દૂર કૂવો પ્રસાદીનો છે. તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે. તથા કાળી તળાવ નામે સરોવર છે તે પ્રસાદીનું છે, તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલ છે, તેના પશ્ચિમ કિનારા ઉપર છત્રી કરીને ચરણારવિંદ પધરાવેલાં છે.

**૨૩ બલદીયા ઉ.વાસ** :- હરિમંદિર દક્ષિણદ્વારે છે.

**૨૪ કેરા-ગઢ** :- હરિમંદિર દક્ષિણદ્વારે. સદાબાનાં ઘર પ્રસાદીનાં છે. ત્યાં શ્રીજીમહારાજ ઘણી વખત થાળ જમેલા છે, તથા સાત કુંડ પ્રસાદીના છે. તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે. તથા નદીમાં નારાયણ ધરો પ્રસાદીનો છે. તેમાં શ્રીજીમહારાજે જલક્રીડા કરેલી છે.

**૨૫ કુંદનપુર** :- હરિ મંદિર દક્ષિણ દ્વારે.

**૨૬ નારાયણપુર** :- (નીચલોવાસ) હરિમંદિર દક્ષિણદ્વારે. ચોકમાં છત્રી છે. ત્યાં શ્રીજીમહારાજ બેઠેલા હતા. ઠાકર મંદિર પ્રસાદીનું છે. તથા ગામની ભાગોળમાં શંકરનું મંદિર પ્રસાદીનું છે. શિવજીની શ્રીજીમહારાજે પૂજા કરેલ છે. તથા તે મહાદેવના મંદિર પાસે શ્રીજી મહારાજ બેઠેલા હતા ત્યાં વેદિકા કરી ચરણારવિંદ પધરાવેલાં છે. તે મહાદેવના મંદિર પાછળ સેલોર પ્રસાદીની છે. તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે.

**૨૭ નારણપુર (ઉપલોવાસ)** :- હરિમંદિર દક્ષિણદ્વારે. ચોકમાં છત્રી છે. ત્યાં શ્રીજીમહારાજ બેઠેલા હતા તથા ઠાકર મંદિર પ્રસાદીનું છે. તથા તેની સમીપમાં શંકર પણ પ્રસાદીના છે. તેની પાછળના ભાગમાં શ્રીજીમહારાજ બેઠેલા હતા ત્યાં છત્રી કરાવી ચરણારવિંદ પધરાવેલાં છે. તથા ગામની આથમણી બાજુ લોદરવો પ્રસાદીનો છે. તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે.

**૨૮ મેઘપુર** :- હરિ મંદિર દક્ષિણ દ્વારે.

**૨૯ ગોળપુર** :- હરિમંદિર દક્ષિણદ્વારે. ગામથી ઈશાન કોણમાં ઝામોરા તળાવ પ્રસાદીનું છે. તેમાં શ્રીજીમહારાજે સંતો સહિત સ્નાન કરેલું છે.

**૩૦ દહીંસરા** :- હરિમંદિર દક્ષિણદ્વારે. ગોવર્ધન વ્યાસનાં ઘર પ્રસાદીનાં છે. ત્યાં શ્રીજીમહારાજ થાળ જમેલા હતા. ત્યાં વેદી કરીને ચરણારવિંદ પધરાવેલાં છે. તથા ગામની આથમણી બાજુ સમીપમાંજ શ્રીજીમહારાજ બેઠેલા હતા ત્યાં ઓટો કરીને ચરણારવિંદ પધરાવેલાં છે. તથા તેથી થોડે દૂર એક કૂઈ પ્રસાદીની છે. તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલ છે. ત્યાં છત્રી કરીને ચરણારવિંદ પધરાવેલાં છે. તથા ગામથી ઉત્તરે હરિ સરોવર નામનું તળાવ પ્રસાદીનું છે. તેમાં શ્રીજીમહારાજે સંતો સહિત ઘણીવાર સ્નાન કરેલું છે. હરિસરોવરના કિનારા ઉપર પ્રસાદીનો પીપળો હતો. તેના નીચે શ્રીજીમહારાજ બેઠેલા હતા. ત્યાં હાલે છત્રી કરીને ચરણારવિંદ પધરાવેલાં છે. હરિસરોવરના પશ્ચિમ કિનારે જરા

દૂર છત્રી છે. ત્યાં શ્રીજીમહારાજ બેઠેલા હતા.

૩૧ **સરલી** :- હરિ મંદિર દક્ષિણ દ્વારે. ગામની દક્ષિણે વિરડો પ્રસાદીનો છે. તેમાં શ્રીજીમહારાજે ઘણી વખત સ્નાન કરેલું છે ત્યાં છત્રી કરીને ચરણારવિંદ પધરાવેલ છે. તે વિરડાની પૂર્વ બાજુ વાડીમાં શ્રીજીમહારાજ બેઠેલા હતા. ત્યાં ઓટો કરીને ચરણારવિંદ પધરાવેલાં છે તે વાડીની ઉગમણીકોરે બીજી વાડીમાં કૂવો પ્રસાદીનો છે. ત્યાં ઓટો કરીને ચરણારવિંદ પધરાવેલ છે.

૩૨ **રામપુર** :- હરિમંદિર દક્ષિણ દ્વારે છે. ચોકમાં છત્રી છે ત્યાં શ્રીજીમહારાજ બેઠેલા હતા. તથા ગામમાં મંદિરને સમીપે જ દક્ષિણ બાજુ હરિભક્તને ઘેર થાળ જમેલા હતા. ત્યાં ઘરમાં વેદિકા કરીને ચરણારવિંદ પધરાવેલાં છે. તથા મંદિરની પૂર્વ બાજુએ હનુમાનજી પ્રસાદીના છે. ત્યાં ઓટો કરી ચરણારવિંદ પધરાવેલાં છે.

૩૩ **વેકરા** :- હરિમંદિર દક્ષિણ દ્વારે. એક હરિભક્તને ઘેર શ્રીજીમહારાજ થાળ જમેલા હતા. ત્યાં વેદિકા કરીને ચરણારવિંદ પધરાવેલાં છે. અત્યારે બાઈઓના મંદિરના ચોકમાં તથા ભાઈઓના મંદિરના ચોકમાં છત્રી કરીને ચરણારવિંદ પધરાવેલ છે ત્યાં કેરડાનું વૃક્ષ હતું તે સ્થાને શ્રીજીમહારાજ ઉભા રહેતા. રામપુરની ઉત્તર બાજુ થોડે દૂર મેરાઈ નામે વાડી છે. ત્યાં કોસ હાંકતા લક્ષ્મણ ભક્ત પાસેથી શ્રીજીમહારાજ ભોજન માગીને જમ્યા હતા અને તે કૂવામાંથી પોતાનો હસ્ત લાંબો કરીને દોરડી વિના જ જલનું કમંડલ ભરીને જલપાન કરેલું છે. ત્યાં છત્રી કરીને ચરણારવિંદ પધરાવેલાં છે અને તે કૂવો પ્રસાદીનો છે. તથા તે વાડીની પશ્ચિમ બાજુ થોડે દૂર રૂકમાવતી નદીને કિનારે, ભગવાન શ્રી રામચંદ્રજીના વખતનાં ગંગાજી છે. તેમાં શ્રી રામચંદ્રજી ભગવાને સ્નાન કરેલ છે. તથા શ્રીકૃષ્ણ ભગવાને પણ સ્નાન કરેલ છે. તેવી જ રીતે, શ્રીજી મહારાજે પણ ઘણી વખત સ્નાન કરેલ છે. તે ગંગાજી બહુ પ્રસાદીનાં છે. ગંગાજી ઉપર શ્રીજીમહારાજે પોતે એક માસ પર્યંત શ્રીમદ્‌ભાગવત પારાયણ કરેલું હતું, ત્યાં છત્રી કરીને ચરણારવિંદ પધરાવેલાં છે. તથા ત્યાં શંકર પ્રસાદીના છે. તેની શ્રીજીમહારાજે પૂજા કરેલી છે. તે મહાદેવની સમીપમાં જ ઓરડી પ્રસાદીની છે. તેમાં શ્રીજીમહારાજે ઘણી વખત નિવાસ કરેલ છે. ત્યાં આરસની છત્રી કરીને શ્રીજીમહારાજનાં ચરણારવિંદ પધરાવેલ છે. તથા શંકરના મંદિરથી નીચલે ભાગે એક ગુફા પ્રસાદીની છે. તેમાં શ્રીજીમહારાજ સંતાણા હતા. તથા ત્યાં સમીપેજ વિરડો છે. તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલ છે. તે વિરડો પ્રસાદીનો છે.

૩૪ **વાડાસર** :- હરિ મંદિર દક્ષિણદ્વારે છે.

૩૫ **વંગડિયા** :- પાદરમાં તળાવ છે, તેના ઉત્તર કિનારા ઉપર એક સતીની છત્રી છે. તેના ઉપર શ્રીજીમહારાજ બેઠા બેઠા જ પોતાનો હસ્ત લાંબો કરીને, એક હાથે જ પાણીમાં બુડતા માનકુવાના નાથા સુતારને ઘોડી સહિત બહાર કાઢી લીધા હતા. ત્યાં ઓટો કરેલ છે અને તે સતીની છત્રી પ્રસાદીની છે.

૩૬ **રૂકમાવતી** :- ગંગાજીની પશ્ચિમ બાજુ આશરે પાંચ માઈલ દૂર બિલેશ્વર મહાદેવ પ્રસાદીના છે. શ્રીજીમહારાજે તે મહાદેવનું પૂજન કરેલ છે. અહીં છત્રીમાં ચરણારવિંદ છે.

૩૭ **ધુણઇ** :- ત્યાં ગંગાજળિયો કૂવો પ્રસાદીનો છે. તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે.

૩૮ **નાના આસંબીયા** :- તળાવ પ્રસાદીનું છે. તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે. તથા તે તલાવના કિનારા ઉપર વડ પ્રસાદીનો છે.

૩૯ **પુનડી** :- એક સુતારની ઓરડી પ્રસાદીની છે તથા ગંગાજળિયો કૂવો પ્રસાદીનો છે. તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલ છે.

૪૦ **ગજોડ** :- ઠાકર મંદિર પ્રસાદીનું છે. તથા નદીમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે, તેથી નદી પ્રસાદીની છે.

૪૧ **માંડવી** :- ૧. અહીં આપણું શિખરબંધ નવું મંદિર છે. મધ્ય મંદિરમાં વૃંદાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ (ધાતુની મૂર્તિઓ) વિરાજે છે. દક્ષિણ બાજુના મંદિરમાં બાળસ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજ છે. અહીં સંતો કાયમ રહે છે.

૨. આપણા જુનાં મંદિરની કોળીમાં વેદિકા કરી ચરણારવિંદ પધરાવેલ છે. ત્યાં બ્રાહ્મણનાં ઘર હતાં. ત્યાં શ્રીજીમહારાજ થાળ જમ્યા છે.

૩. ટંકશાળ પ્રસાદીનો છે. તેમાં શ્રીજીમહારાજે સભા કરેલી હતી.

૪. ખૈયા ખત્રીનાં ઘર પ્રસાદીનાં છે. તેમાં શ્રીજીમહારાજ બેઠેલા હતા. ત્યાં ઓટો કરીને ચરણારવિંદ પધરાવેલાં છે.

૫. ગુંસાઈજીનું મંદિર પ્રસાદીનું છે. ત્યાં શ્રીજીમહારાજે વશિષ્ટ સર્ગ સાંભળ્યો હતો. પછી ખૈયા ખત્રીના પ્રશ્નોના ઉત્તરો કર્યા હતા અને ખૈયો ખત્રી બોલ્યો હતો કે પર્વત ડગ્યો.

૬. લક્ષ્મીનારાયણનું મંદિર પ્રસાદીનું છે. ત્યાં શ્રીજીમહારાજ દર્શન કરવા ગયેલા હતા.

૭. ચાંપસી સુતારનું ઘર પ્રસાદીનું છે, ત્યાં શ્રીજીમહારાજ ઉતર્યા હતા. તેની પાસે ઘાંચીનાં ઘર હતાં. શ્રીજીમહારાજે ઘાંણીના ઉંટને પોતે રોટલા ખવડાવ્યા હતા અને આત્માનંદ સ્વામીએ ઘાંચીને કલમા સંભળાવ્યા હતા.

૮. પશ્ચિમનો દરવાજો એટલે તળાવવાળો દરવાજો તેની બહાર વડ પ્રસાદીનો હતો. તેના નીચે શ્રીજીમહારાજ મોટો રેતીનો ઢગલો કરાવીને, તેના ઉપર આસન પથરાવીને તેના ઉપર બ્રહ્માનંદ સ્વામીને બેસાડીને, વેદાંતિ ખૈયા ખત્રીએ પૂછેલા પ્રશ્નોના ઉત્તરો પોતે કરીને, તે વેદાંતિને પોતાનો આશ્રિત કરેલો હતો. ત્યાં છત્રી કરી ચરણારવિંદ પધરાવેલાં છે.

૯. શાસ્ત્રીવાડામાં શ્રીજીમહારાજે સભા કરેલી હતી. તેથી તે પ્રસાદીનો છે.

૧૦. તળાવવાળા દરવાજાની બહાર બિલેશ્વર મહાદેવના મંદિરમાં જાતાં એક કૂવો પ્રસાદીનો છે. તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે. અને બિલેશ્વર મહાદેવ પ્રસાદીના છે. તેની શ્રીજીમહારાજે પૂજા કરેલ છે. અને જળનો લોટો તે મહાદેવજી પર રેડ્યો હતો.

૧૧. સમુદ્રમાં સ્નાન કરવા ગયા તે વખતે ખૈયા ખત્રીને તરસ લાગવાથી પોતે ત્યાં મીઠું પાણી કરીને પાયું હતું, તે ખારા સમુદ્રમાં મીઠી વિરડી એ નામે પ્રસિદ્ધ છે. ત્યાં વંડી કરી તેમાં છત્રી કરીને ચરણારવિંદ પધરાવેલાં છે.

૧૨. ખારાવાડામાં (મંદિરનો વંડો) શ્રીજીમહારાજે સભા કરી હતી ત્યાં હાલ છત્રી કરીને ચરણારવિંદ પધરાવેલાં છે.

**૪૨ ડોણ :-** સુતારનાં ઘર તથા સુતારની કોઢ પ્રસાદીની છે. તેમાં શ્રીજીમહારાજ રહેલા હતા તથા ત્યાં થાળ જમેલા હતા. તે ગામનું તળાવ પ્રસાદીનું છે. તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલ છે. ત્યાં વેદિકા કરી ચરણારવિંદ પધરાવેલ છે.

**૪૩ તેરા :-** ત્રણે તળાવ પ્રસાદીનાં છે. તેમાં શ્રીજીમહારાજે સંતો સહિત ઘણી વખત સ્નાન કરેલ છે. તથા તે ગામમાં થોભણ સુતારનાં ઘર પ્રસાદીનાં છે. તેમાં શ્રીજીમહારાજ થાળ જમેલ છે. તથા તે સુતારની કોઢ પ્રસાદીની છે ત્યાં હાલ ઓરડી કરી ચરણાવિંદ પધરાવેલ છે. તેમાં શ્રીજીમહારાજે ઘણી વખતસભા કરેલી છે. અને સ્વામી સંતદાસજીને સમાધિ થયેલી હોવાથી, છ માસ પર્યંત તે કોઢમાં જ રહી ગયેલા હતા.

**૪૪ કાળાતલાવ :-** તેરાથી એક વખત રાત્રે ઉઠીને ગામ કાળાતળાવ જતાં વચ્ચમાં એક સમેજાના ખેતરમાં શ્રીજીમહારાજ સૂતા. થોડીવાર પછી મુળજી બ્રહ્મચારી તથા પાર્ષદ ડુંગરજીને સુતા મુકીને સિંધ દેશમાં જવા ચાલી નીકળ્યા. પછી પાછા આવીને તે જ ખેતરમાં હળ હાકતા સમેજાને પાણીનું પૂછ્યું. પછી તે સમેજાએ વોકળીમાં પાણી બતાવતાં શ્રીજીમહારાજ તેને અખંડ દેખાવા લાગ્યા. તે ખેતરમાં ઓટો કરાવેલ છે. તે કાળાતલાવની ગામ પાસેનું તલાવ પ્રસાદીનું છે. તેમાં ઘણી વખત પાંચસો પરમહંસ સહિત શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે. તે તલાવને પશ્ચિમ કિનારે પીપળો તથા ખીજડો પ્રસાદીનો છે. તથા તે તલાવની ઉત્તર બાજુ આપણી ધર્મશાળા છે. તેમાં શંકર પ્રસાદીના છે. તેની શ્રીજીમહારાજે પૂજા કરેલી છે. ત્યાં છત્રી કરીને ચરણારવિંદ પધરાવેલ છે. તથા તે તલાવની પૂર્વ બાજુ વડ પ્રસાદીનો હતો. ત્યાં શ્રીજીમહારાજ સભા કરતા ત્યાં ઓટો કરેલો છે. તથા તે તલાવની દક્ષિણ બાજુએ થોડે દૂર એક કૂવો પ્રસાદીનો છે. તેમાં પાણી બહુ ઉંડુ હોવાથી શ્રીજીમહારાજ તેના કિનારા ઉપર બેસીને પોતાના બન્ને ચરણ કૂવામાં લટકાવીને બેસતા ત્યારે પાણી ઉપર આવતું. પછી સંતો તથા

ગામના માણસો પાણી ભરી લેતા. પછી શ્રીજીમહારાજ પોતાના ચરણ લઈ લેતા, એટલે પાણી પ્રથમની માફકજ ઊંડુ ઉતરી જતું તથા ગામમાં રવજી સુતારનાં ઘર પ્રસાદીનાં છે. તેમાં શ્રીજીમહારાજ રહેતા. તેમ જ હરભમ તથા ભીમજી સુતાર વિગેરેનાં ઘરો પણ પ્રસાદીનાં છે. ભીમજી સુતારની વંડીમાં સંતોનો ભંડાર હતો, ત્યાં આંબલી પ્રસાદીની છે. તેની નીચે બેસીને શ્રીજીમહારાજ લોટનો ગોળો જમ્યા હતા. તથા ત્યાં સંતોને માટે પાણી રાખવાની માટીની કૂંડી હતી. ત્યાં હાલે ઓટો કરેલ છે.

**૪૫ નારાયણ સરોવર** :- ત્રિકમરાય ભગવાનનાં મંદિરમાં શ્રીજીમહારાજે દર્શન કરેલાં હતાં તથા તલાવમાં સ્નાન કરેલું હતું. અને ત્યાં શ્રીહરિ ત્રણ દિવસ રહ્યા હતા. તેની સ્મૃતિ માટે છત્રી કરી ચરણારવિંદ પધરાવ્યાં છે.

**૪૬ કોટેશ્વર** :- ત્યાં મહાદેવજી પ્રસાદીના છે. તેનું શ્રીજીમહારાજે પૂજન કરેલું હતું.

**૪૭ વિથોણ** :- ગામ માનકુવાના નાથા સુતારની દીકરીનાં સાસરાં હતાં. તે બાઈએ કહ્યું કે, હે મહારાજ ! તમે મારી સાથે મારે સાસરે ચાલો તો હું સાસરે જાઉં, નહિં તો નહિં જાઉં, તેથી શ્રીજીમહારાજ તે બાઈની સાથે ગામ વિથોણ ગયેલ હતા. ત્યાં પાંચ દિવસ રહેલા હતા. ત્યાં વડ તથા કૂવો પ્રસાદીનો છે. ત્યાં ઓટો કરીને શ્રીજીનાં ચરણારવિંદ પધરાવેલ છે. તથા ત્યાં એક બાજોઠ પ્રસાદીનો છે. તેના ઉપર શ્રીજીમહારાજ બેઠેલા હતા.

**૪૮ સામત્રા** :- હરિમંદિર દક્ષિણ દ્વારે છે. હાલે બસસ્ટેશન છે તેની પાસે ખડવાળ હતી. તે ઠેકાણે ઘઉંના ભરમાં શ્રીજીમહારાજ સંતાણા હતા, ત્યાં છત્રી કરાવીને ચરણારવિંદ પધરાવેલાં છે, તથા ત્યાં સમીપેજ હાલે ભગતની વાડી છે. તેમાં કૂવો પ્રસાદીનો છે તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે, તથા તે કૂવાને સમીપે શ્રીજીમહારાજ બેઠેલા હતા, ત્યાં હાલે છત્રી કરીને ચરણારવિંદ પધરાવેલાં છે. તથા સાતકોસી વાડીમાં સાત કોસીઓ કૂવો પ્રસાદીનો છે. તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે. તે વાડીમાં છત્રી કરીને ચરણારવિંદ પધરાવેલાં છે. તે સ્થળે નાંગીઆરીના સાંઈઆ નામના યવન ફકીરને શ્રીજીમહારાજે વાતો કરી હતી. એવું એ બહુ જ પ્રસાદીનું સ્થળ છે, તે છત્રીની આથમણી બાજુ સમીપે જ શ્રીજીમહારાજે નગદનું દાતણ કરીને દાતણની ચીરો રોપી દીધી હતી. તેમાંથી મોટું ઝાડ થયું. હાલે પણ શ્રીજીમહારાજનું રોપેલું નગદનું ઝાડ વિદ્યમાન છે. તે બહુ પ્રસાદીનું છે. ગામની દક્ષિણ બાજુ ઉમરા સર તલાવ પ્રસાદીનું છે. તેની પાળ ઉપર શ્રીજીમહારાજ સભા કરીને બેઠેલા હતા. ત્યાં હાલે છત્રી કરીને ચરણારવિંદ પધરાવેલાં છે. તે તલાવને પૂર્વ કિનારે ખિજડો પ્રસાદીનો હતો. તે ઉપર ચડીને શ્રીજીમહારાજે તલાવમાં ધુબકા ખાધા હતા.

**૪૯ ફોટડી** :- હરિમંદિર દક્ષિણ દ્વારે છે.

**૫૦ ભારાસર** :- હરિમંદિર પશ્ચિમ દ્વારે છે. શ્રીજીમહારાજે કેરડાનું દાતણ કરેલું હતું ત્યાં ઓટો કરીને ચરણારવિંદ પધરાવેલ છે. તથા ગામની દક્ષિણ બાજુ પાંચા તલાવ પ્રસાદીનું છે, તેમાં શ્રીજીમહારાજે સંતો સહિત સ્નાન કરેલ છે. તથા તે તલાવના કિનારા ઉપર શંકર પ્રસાદીના છે. તેની શ્રીજીમહારાજે પૂજા કરેલ છે.

એક વખત શ્રીજીમહારાજ ગામ માનકુવાથી, ઉકરડા ભગતની સાથે તેમના ઊંટ ઉપર બેસીને ખત્રીયાણ તળાવના રસ્તેથી ગામ માંડવી જતાં એક વરખડા (જાર)ના ઝાડમાં ઉંટને બાંધી, નીચે બેસીને, ઉકરડા ભગતને ભગવાનની મૂર્તિનું ધ્યાન કરવાનો ઉપદેશ કરેલો હતો. તેની સ્મૃતિને માટે ત્યાં ઓટો કરેલ છે.

**૫૧ ખારો છેલ્લો** :- એક વખત શ્રીજીમહારાજ સંતો સહિત ગામ પુનડીથી વહેલા ઉઠીને ચાલ્યા ત્યારે તેની પાછળ હરિભક્ત બાઈએ સુખડી લઈને મોકલેલ માણસના આગ્રહથી ગામ માનકુવાને રસ્તે ગામ ગોડપુરની ઉત્તર બાજુએ ભારાસરથી આસરે નવ કિ.મિ. દક્ષિણમાં ખારા છેલ્લા (વોકળા)માં સંતોને સુખડી જમાડેલી હતી, તથા પોતે પણ પથ્થરના મોટા ગડા ઉપર બેસીને સુખડી જમેલા હતા. તે પ્રસાદીનો ગડો હાલ પણ છે.

**૫૨ ભક્તિનગર** :- હરિ મંદિર ઉત્તર દ્વારે છે.

**૫૩ માનકુવા** :- હરિ મંદિર દક્ષિણ દ્વારે છે. ચોકમાં છત્રી છે ત્યાં પટેલનાં ઘર હતાં ત્યાં શ્રીજીમહારાજ થાળ જમેલા છે. મંદિરની ઉત્તર બાજુ સમિપે જ નાથા સુતારનાં ઘર હતાં ત્યાં નાથા સુથારની માએ શ્રીજીમહારાજને લવિંગીયાં ચાર શેર મરચાંની કઢી કરીને જમાડેલી હતી. ત્યાં વેદિકા કરી ચરણારવિંદ પધરાવેલાં છે. મંદિરની આથમણી બાજુ અબોટી બ્રાહ્મણનાં ઘર પ્રસાદીનાં હતાં. ત્યાં હાલે બોરડીનું ઝાડ પ્રસાદીનું છે ત્યાં શ્રીજીમહારાજ થાળ જમેલા હતા. તેની સ્મૃતિ માટે ગોખ કરેલો છે. તથા ગામમાં પટેલને ઘેર શ્રીજીમહારાજ થાળ જમેલા હતા. ત્યાં ઘરની ઓસરીમાં વેદિકા કરી ચરણારવિંદ પધરાવેલાં છે. તથા સિયાંણીને ઘેર શ્રીજીમહારાજ થાળ જમેલા હતા. ત્યાં પણ ઓસરીમાં વેદિકા કરીને ચરણારવિંદ પધરાવેલાં છે. ગરાસીઆ અદાભાઈનો દરબાર પ્રસાદીનો છે તેમાં શ્રીજીમહારાજ ઘણી વખત રહેલા છે. ત્યાં એક લીંબડો પ્રસાદીનો છે તેના નીચે શ્રીજીમહારાજે સભા કરેલી હતી. તે લીંબવૃક્ષની સમિપમાંજ શ્રીજીમહારાજને સુતાર બાઈએ પોંખેલા હતા. ત્યાં હાલે ઓટો કરીને ચરણારવિંદ પધરાવેલાં છે. ગામની ઉત્તર બાજુમાં મારવાડ વાડીમાં કૂવો પ્રસાદીનો છે. તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે. ત્યાં સમિપમાં છત્રી કરી ચરણારવિંદ પધરાવેલાં છે. તથા સિયાંણીની વાડીમાં કૂવો પ્રસાદીનો છે. તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું હતું. ત્યાં ઓટો કરીને ચરણારવિંદ પધરાવેલાં છે. તથા આ વાડીના દક્ષિણાદિ તરફના સેઢા ઉપર મહાદેવજીનું મંદિર પ્રસાદીનું છે. તેના પરથાર પર બેસીને શ્રીજીમહારાજ ઘઉંનો પોંક જમ્યા હતા. ગામની દક્ષિણ તરફ સધુરાઈ તલાવ પ્રસાદીનું છે. તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે. તેના પૂર્વ કિનારા ઉપર છત્રી કરી ચરણારવિંદ પધરાવેલાં છે. ગામની પૂર્વ બાજુ એક સતીની છત્રી છે. તેના ઉપર શ્રીજીમહારાજ બેઠેલા તેથી પ્રસાદીની છે. મારવાડ વાડીની ઉત્તર બાજુ વોકળામાં , તેની ભેખડઉપરથી નીચે રેતીમાં હરિભક્તોની સાથે, શ્રીજીમહારાજે ધુબકા દીધેલા હતા. ત્યાં છત્રી કરીને ચરણારવિંદ પધારાવેલાં છે. તેની ઉત્તર બાજુ વિચેન્દ્રસર (ભીચન્દ્રા) તલાવ પ્રસાદીનું છે. તેમાં શ્રીજીમહારાજે સંતો સહિત સ્નાન કરેલું છે. તેના કિનારા ઉપર શંકર પ્રસાદીના છે. તેની શ્રીજીમહારાજે પૂજા કરેલી છે. તે શંકરના મંદિરની સમિપે, શ્રીજીમહારાજ બેઠેલા હતા. ત્યાં છત્રી કરીને ચરણારવિંદ પધરાવેલાં છે.

**૫૪ ભવાનીપુર** :- હરિ મંદિર દક્ષિણદ્વારે છે. ભવાનીપુરના માર્ગે રસ્તાથી પૂર્વમાં શ્રીજીમહારાજ ત્યાં વિશ્રાન્તી લેતા ત્યાં છત્રી કરીને ચરણારવિંદ પધરાવેલ છે. ત્યાંથી આગળ ચાલતાં ગંગાજી છે. ત્યાં શ્રીજીમહારાજે તેમાં સ્નાન કરેલું છે તેથી પ્રસાદીનાં છે. તથા ત્યાં શંકર પ્રસાદીના છે, તેની શ્રીજીમહારાજે પૂજા કરેલ છે. તથા હનુમાનજી પ્રસાદીના છે. તથા તે ગંગાજીની ઉત્તર બાજુ સમિપેજ સજીવન કૂડોં પ્રસાદીના છે. તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે. માનકુવાથી પૂર્વ તરફ થોડે દૂર ખેતરમાં શંકર પ્રસાદીના છે. તેની શ્રીજીમહારાજે પૂજા કરેલી છે. ત્યાં વેદિકા કરીને શ્રીજીનાં ચરણારવિંદ પધરાવેલ છે. નાગથળા નામે પર્વત ઉપર શ્રીજીમહારાજ બેઠેલા હતા તેથી તે પ્રસાદીનો છે. નાગથળાની નીચે જરા પશ્ચિમ બાજુએ એક તળાવ છે, તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે. તેના કીનારે છત્રી બનાવીને શ્રીજીનાં ચરણારવિંદ પધરાવેલાં છે.

**૫૫ સુખપુર** :- હરિમંદિર દક્ષિણ દ્વારે. માનકુવાથી ભુજ આવતાં વચ્ચમાં વિશ્રામ લેવા માટે શ્રીજીમહારાજ બેઠેલા હતા, ત્યાં હાલે મંદિરના ચોકમાં છત્રી કરીને ચરણારવિંદ પધરાવેલાં છે. સુખપુરથી પૂર્વમાં દૂર નારાયણ (મોચીરાઈ) તલાવડી છે. તેમાં શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે. તેથી તે પ્રસાદીની છે. તેના કિનારા પર હનુમાનજી પ્રસાદીના છે. તેની દેરી ઉપર છત્રી કરીને ચરણારવિંદ પધરાવેલાં છે. નારાયણ તલાવડીથી પૂર્વમાં થોડે દૂર એક ઓળાની વાવ પ્રસાદીની છે. તેમાં શ્રીજીમહારાજે સ્નાન અને જલપાન કરેલું છે.

**૫૬ મદનપુર** :- હરિ મંદિર ઉત્તર દ્વારે.

**૫૭ મીરઝાપુર** :- હરિમંદિર દક્ષિણ દ્વારે.

આ પ્રમાણે કચ્છમાં શ્રીજીમહારાજના સંબંધથી જે સ્થળો પ્રસાદીનાં થયેલાં છે તેનું સંક્ષિપ્ત નિરૂપણ પૂર્ણ થયું.

## ॥ કચ્છની પંચતીર્થી સમાપ્ત ॥

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

## સૌરાષ્ટ્ર પંચતીર્થી

**૫૮ જુના દેવળીયા** :- હરિમંદિર ઉત્તરદ્વારે, ગામની પશ્ચિમે તળાવ ત્યાં છત્રી કરીને ચરણારવિંદ પધરાવેલાં છે.

**૫૯ ચરાડવા** :- શિખર મંદિર પશ્ચિમ દ્વારે છે. મધ્ય મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રીકૃષ્ણ ભગવાન (શ્યામ), રાધિકાજી (શ્વેત) એમ ત્રણ મૂર્તિઓ છે. જમણી બાજુના મંદિરમાં ધર્મભક્તિ, હરિકૃષ્ણ મહારાજ છે. અને ડાબી બાજુના મંદિરમાં શ્રી ઘનશ્યામ મહારાજ છે. તલાવ પ્રસાદીનું છે. મહાદેવ પ્રસાદીના છે. ત્યાં એક વેદી કરી છે.

**૬૦ માનસર** :- કૂવો પ્રસાદીનો છે.

**૬૧ રણજીતગઢ** :- હરિમંદિર, તલાવ પ્રસાદીનું છે.

**૬૨ દેરીયારી** :- મીઠીજાર અને પ્રસાદીની છત્રી છે. અહીં શ્રીહરિ શીંગડીઆ વછનાગનાં પાન જમ્યા હતા. મહાદેવનું મંદિર પ્રસાદીનું છે.

**૬૩ ધનાળા** :- હરિમંદિર, શ્રીજીમહારાજ દહીં રોટલો જમ્યા હતા તે સ્થાનકે પહેલાં લીંબડો હતો.

**૬૪ વાંટાવદર** :- હરિમંદિર. ગામની બહાર વંડામાં છત્રી. બ્રાહ્મણી નદી પ્રસાદીની છે. ત્યાં વેદી કરી છે.

**૬૫ હળવદ** :- હરિમંદિર ઉત્તર દિશા સન્મુખ, ગામની પશ્ચિમે તલાવ, વંડો, મહાદેવ, લક્ષ્મીનારાયણનું મંદિર, પૂર્વ દિશે નારાયણ દવેનું ઘર, ઉત્તરે નારાયણ જોશીનું ઘર. સેલોર પ્રસાદીની છે.

**૬૬ ધ્રાંગધ્રા** :- હરિમંદિર, પૂર્વદ્વારે શિખર મંદિર, ગોખવાળું ઘેલડીનું મંદિર, શ્રીકૃષ્ણજીની મૂર્તિ તથા રામ, લક્ષ્મણ, સીતાની મૂર્તિ, રામમહેલ ત્યાં હનુમાનજી પ્રસાદીના છે, વડ પ્રસાદીનો, તથા જોગેશ્વર તલાવ પ્રસાદીનું છે.

**૬૭ મેથાણ** :- હરિમંદિર ઉત્તર દ્વારે, ચતુર્ભુજનું મંદિર પૂર્વ દ્વારે, શંકર, છત્રી, આંબાવાડીયામાં તલાવ, પૂર્ણાનંદ સ્વામી જે અજા પટેલ તેમનું ઘર. ત્યાં થાંભલી પ્રસાદીની, પૂજાભાઈનું ઘર, શ્રીજીમહારાજ છાના રહ્યા હતા તે ગોવિંદરામ વિપ્રનું ઘર, દેવરામભાઈનું ઘર, વિગેરે પ્રસાદીનાં છે.

**૬૮ ખેરવા** :- હરિમંદિર, પ્રસાદીનો કૂવો છે.

**૬૯ લીલાપુર** :- હરિમંદિર દક્ષિણદ્વારે, ગામની ભાગોળે મોતીસર તલાવ, માત્રાસર તલાવ પ્રસાદીનાં છે.

**૭૦ કડુ** :- હરિમંદિર, તલાવ તથા ઓટો પ્રસાદીનાં છે.

**૭૧ લખતર** :- હરિમંદિર પૂર્વદ્વારે, તલાવ છત્રી ઓટો, મહાદેવ, આંબલીનું વૃક્ષ પ્રસાદીનાં છે.

**૭૨ દેવળીયા** :- હરિમંદિર દક્ષિણદ્વારે, કેશાબાનાં ઘર એટલે દરબારમાં માણકી સંતાડી હતી તે. ત્યાં ઓટો છે. તલાવ તથા તેની પાળ પર શંકર પ્રસાદીના છે. માર્ગમાં ડોળી તલાવ, શ્રીહરિએ વતું (હજામત) કરાવેલું હતું, માનની મૂર્તિઓ બતાવી હતી, ત્યાં ઓટો છે તથા હનુમાનજી છે.

**૭૩ તાવી** :- હરિમંદિર દક્ષિણદ્વારે, જયેષ્ટજીત રાજાનો દરબાર, ત્રિભુવન ભક્તનું ઘર, ગાડું પ્રસાદીનું, વંડામાં છત્રી, તલાવ, માર્ગમાં દાદાખાચર પડી જતાં હાથ ઉતરી ગયો હતો તેને ચડાવ્યો હતો. ત્યાં ઓટો પ્રસાદીનો છે.

**૭૪ શિયાણી** :- હરિમંદિર દક્ષિણ દ્વારે, શિવરામ વિપ્રનું ઘર ત્યાં છત્રી પ્રસાદીની છે. મેઘા પટેલનું ઘર ત્યાં ઓટો, મહાનુભાવાનંદ સ્વામીએ પધરાવેલા હનુમાનજી, તલાવ, શ્રીહરિએ દાતણ કર્યું હતું તે સ્થળે ઓટો પ્રસાદીનો છે, મહાદેવ, છત્રીઓ, ચરણારવિંદ, બેઠક પ્રસાદીનાં છે.

**૭૫ ભલગામ** :- હરિમંદિર દક્ષિણદ્વારે, તલાવની પાળ ઉપર ઓટો પ્રસાદીનો છે.

**૭૬ લીંબડી** :- શિખર મંદિર દક્ષિણદ્વારે. વેદી પ્રસાદીની છે.

**૭૭ મેમકા** :- હરિમંદિર દક્ષિણદ્વારે, વાવ, શ્રીહરિએ રેચ લીધો હતો તે સ્થળે ખીજડો પ્રસાદીનો છે, હનુમાનજી, મુળજી શેઠનું ઘર, શામા કણસાગરા, તથા અગોલાનાં ઘર, વેદી, તથા ભોગાવો નદી મોટી છે.

**૭૮ ખોલડીઆદ** :- હરિમંદિર દક્ષિણદ્વારે, મંદિરમાં ઓટો છે. તલાવ, છત્રી છે.

**૭૯ લીંબલી.** :- સગરામ વાઘરી તથા મુળજી શેઠ જ્યાં રહેતા તે ઘરો પ્રસાદીનાં છે.

**૮૦ મૂળી** :- શિખર મંદિર પશ્ચિમદ્વારે, મધ્ય મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ શ્રીકૃષ્ણ-રાધિકાજી, તેથી જમણી બાજુના મંદિરમાં ધર્મદેવ ભક્તિમાતા (શ્વેત આરસનાં) તેથી જમણી બાજુ શંકર, મધ્ય મંદિરથી ડાબી બાજુના મંદિરમાં (શ્યામ) રણછોડ ત્રીકમજી, તેથી ડાબી બાજુના મંદિરમાં સુખશય્યા. સૂર્ય મંદિરના બે હાથી પ્રસાદીના છે, વાડીમાં ગંગાજળીઓ કૂવો, છત્રી, અલર્ક વાવ, બ્રહ્મમોહોલ, કૂવો પ્રસાદીનો છે, ભોગાવો નદી, સેલોર વાવ, લીંબડો, ચાર સદ્‌ગુરુઓની ચાર છત્રીઓ આરસની છે. ખાણ તથા વીડો શ્રીહરિએ દિવ્ય સ્વરૂપે બ્રહ્માનંદ સ્વામીને બતાવેલાં છે.

**૮૧ વાંકાનેર** :- હરિમંદિર દક્ષિણદ્વારે છે. શિવજીભાઈનું ઘર પ્રસાદીનું છે. ત્યાં શ્રીજીમહારાજ થાળ જમ્યા હતા.

**૮૨ મોરબી** :- હરિમંદિર પશ્ચિમદ્વારે, મચ્છુ નદી, ગામમાં વાઘમંદિર તેમાં લક્ષ્મીનારાયણદેવ. રામલક્ષ્મણ સીતા, રાધાકૃષ્ણદેવ, વિગેરેનાં મંદિરો છે. આ મંદિર પૂર્વ દ્વારે છે.

**૮૩ પીપળી** :- હરિમંદિર પૂર્વદ્વારે, મંદિરમાં છત્રી, ચરણારવિંદ, તલાવને કાંઠે કૂવો, ગણેશભાઈનું ઘર ત્યાં ઓછાડ પ્રસાદીનો છે.

**૮૪ ધ્રુળકોટ** :- હરિમંદિર દક્ષિણદ્વારે, તેજ નીકળે છે તે ચરણારવિંદ છે.

**૮૫ ભાદરા** :- હરિમંદિર પશ્ચિમદ્વારે, અક્ષર ઓરડી હતી ત્યાં ઓટો, વિશ્રામ સુતારની વાડી ત્યાં વડ, કૂવો, પાસે ઊંડ નદી છે, વડ નીચે હનુમાનજી તથા ચરણારવિંદ સાથે છે, ગુણાતીતાનંદ સ્વામીનું, શિવાનંદ સ્વામીનું તથા વિજ્ઞાનદાસજીનું જન્મસ્થાન છે.

**૮૬ જોડીયા** :- હરિમંદિર દક્ષિણદ્વારે છે.

**૮૭ દ્વારિકા** :- શિખર મંદિર પૂર્વદ્વારે. બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજ પૂર્વસન્મુખ બિરાજે છે. દ્વારિકાનાથનું (શ્રી રણછોડજીનું) મંદિર પુરાતન બાંધણીનું સાત માળનું લગભગ દોઢસો ફૂટ ઊંચું, વિશાળ મંદિર છે. તેમાં શ્રી રણછોડજીની મૂર્તિ છે. આ મંદિરની ડાબી બાજુ ત્રીકમજીનું (બળદેવજીનું) મંદિર છે. અને જમણી બાજુ કલ્યાણરાયજીનું (પ્રદ્યુમ્નનું) મંદિર છે. બાજુમાં શ્રી લક્ષ્મીજી, ગોવર્ધનનાથજી અને દુર્વાસા મુનિનાં મંદિરો છે. મંદિરની પાછળ સમુદ્ર તરફ ગોમતીતીર્થ છે. તેની પાસે સંગમ નારાયણનું મંદિર તથા સત્યભામા, રૂકમણી, જાંબવતી, ભાગીરથી ગંગા વિગેરેનાં મંદિરો છે. સિવાય જ્ઞાનવાવ, દામોદર કુંડ, સાવિત્રી કૂવો છે. અહીં નરસિંહ મહેતાની શામળશા ભગવાને હૂંડી સ્વીકારી હતી. બોડાણાનો કૂવો પણ છે. ગામથી બે માઈલ જેટલે દૂર રૂકમણીજીનું મંદિર છે. ગોપી તળાવ તથા નાગેશ્વર મહાદેવ (જ્યોતિર્લિંગ) મંદિર છે. ગોપી તળાવની માટી ગોપીચંદન કહેવાય છે. ત્યાં ગોપીનાથ મહાદેવ તથા રાધાકૃષ્ણનું મંદિર છે.

**૮૮ શંખોદ્વાર** :- (બેટ) શ્રીકૃષ્ણ ભગવાનનું વિહાર સ્થળ ગણાય છે. ત્યાં કિલ્લામાં શ્રી રણછોડરાયનું મોટું મંદિર છે. તેમાં શ્રી રણછોડજીની મૂર્તિ છે. તેની આસપાસ લક્ષ્મીજી, રાધિકાજી, જાંબુવતી અને સત્યભામાનાં મંદિરો છે. ત્યાં શંખ તળાવ, પંચકુઇ તળાવ, રણછોડ તળાવ વિગેરે તળાવો છે. ત્યાંથી એક માઈલ દૂર શંખોદ્વાર તીર્થ છે. ત્યાં શંખનારાયણ અને આદિકેશવનાં મંદિરો છે. મંદિર અને શંખોદ્વારની વચ્ચે રણછોડસાગર નામનું મોટું તળાવ છે. ગામમાં બીજાં પણ મંદિરો છે. તે પછી આરંભડા નામનું ગામ છે. ત્યાં પહેલાં છાપો અપાતી હતી. તે પછી મીઠાપુર સ્ટેશન આવે છે. તેમાં મીઠું પાકે છે. 'જે જાય બેટ તે ન આવે માને પેટ' એવી કહેવત છે.

**૮૯ જામનગર** :- શિખર મંદિર પૂર્વદ્વારે, મધ્યમંદિરમાં શ્રીહરિકૃષ્ણમહારાજ (ધાતુના), શ્રીકૃષ્ણ (શ્યામ)અને રાધાજી(શ્વેત), ઉત્તર બાજુના

મંદિરમાં શ્રીઘનશ્યામ મહારાજ છે. તળાવ પ્રસાદીનું છે. તળાવની પાર પર સંતો રહેતા અને તળાવની ખરપડી જમતા તે સ્થળ પ્રસાદીનું છે.

**૯૦ શેખપાટ** :- લાલજી સુતારની કોડ પ્રસાદીની છે. લાલજી સુતાર(એ નિષ્કુળાનંદ સ્વામી) તથા ગોવિંદ સ્વામીનું જન્મ સ્થાન.

**૯૧ મોડા** :- હરિમંદિર ઉત્તર દ્વારે છે, બેઠક, ધુનો, બે ઘર પ્રસાદીનાં છે. ધુના પાસે હનુમાનજી તથા સચ્ચિદાનંદ સ્વામીનું જન્મસ્થાન.

**૯૨ અલીઆ** :- હરિમંદિર ઉત્તર દ્વારે, ત્યાં મહારાજે હરિભક્તોને સમાધી કરાવી હતી.

**૯૩ કાલાવડ** :- હરિમંદિર પૂર્વ દ્વારે છે, વડ, મહાદેવ,નદી પ્રસાદીનાં છે.

**૯૪ કંડોરડા** :- હરિમંદિર પશ્ચિમ દ્વારે. નદીમાં ધુનો, આંબલીયો, જ્યાં મહારાજે બ્રાહ્મણોને ચોરાસી કરી જમાડ્યા હતા.

**૯૫ ફણેણી** :- હરિમંદિર ઉત્તર દ્વારે, છત્રી, ભદ્રાવતી નદી, વાડીમાં ઓટો તથા ભાડીયો કૂવો, મંદિરમાં હનુમાનજી પ્રસાદીના છે.

**૯૬ ધોરાજી** :- શિખર મંદિર પૂર્વ દ્વારે, મંદિરમાં છત્રી, બ્રાહ્મણને ઘેર પીપળો, બાઈઓનું મંદિર પ્રસાદીનું છે. ધર્મશાળા, લાલવડ, હનુમાનજી પ્રસાદીના છે.

**૯૭ ઉપલેટા** :- હરિમંદિર દક્ષિણ દ્વારે જુનું, મોજ નદી, નદી કિનારે સોમનાથ મહાદેવ, કદમવૃક્ષ, ચરણારવિંદ, કૂવો, મલાઈબાઈનાં ઘર, મહાદેવ પ્રસાદીનાં છે.

**૯૮ જાળીયા** :- હરિમંદિર દક્ષિણ દ્વારે, શ્રીજી મહારાજે જ્યાં મંદવાડ ગ્રહણ કર્યો હતો તથા સો બેડાં પાણીથી સ્નાન કર્યું હતું તે ઠક્કર હીરાભાઈનું ઘર ત્યાં છત્રી છે. રતનબાઈનું ઘર ત્યાં મહારાજ થાળ જમ્યા છે. વેણું નદી પ્રસાદીની છે. કિનારે આંબલી તથા હનુમાનજી છે.

**૯૯ ગણોદ** :- અભયસિંહ રાજાનો દરબાર, ત્યાં પ્રસાદીની પાઘ છે, ઢોલીયો પ્રસાદીનો છે. ભાદર નદી, તેના ઉત્તર કિનારે બાગમાં છત્રી છે.

**૧૦૦ રાજકોટ** :- શિખર મંદિર ઉત્તર દ્વારે. મધ્યમંદિરમાં સ્વામિનારાયણ, નારાયણ અને લક્ષ્મીજી (શ્વેત). બાજુનાં મંદિરમાં હરિકૃષ્ણમહારાજ, ધર્મદેવ તથા ભક્તિમાતા (ધાતુનાં), બીજી બાજુ ઘનશ્યામ મહારાજ. મંદિરના ચોકમાં કાંટા વગરની બોરડી પ્રસાદીની છે. ચરણારવિંદ, શંકર પ્રસાદીના છે.

**૧૦૧ સરધાર** :- શિખર મંદિર બનવાનું ચાલુ છે. પૂર્વ દ્વારે, અખાડો, રામાનંદ સ્વામીની ઓરડી, ત્યાં બોરડી પ્રસાદીની છે. મુક્તાનંદ સ્વામીને મળ્યા તે સ્થળ, તળાવ, દરબાર, માંકડવાળો ખાટલો મહારાજને બિછાવી દીધો હતો તે, વાણિયાનું ઘર, પ્રસાદીના મહાદેવ મંદિરમાં જ છે, ચોરો, રામચંદ્રજીનું મંદિર.

**૧૦૨ ભૂપગઢ** :- (ખોખરા) હરિ મંદિર દક્ષિણ દ્વારે, મહારાજ છાના રહ્યા હતા તે ઓરડી.

**૧૦૩ આટકોટ** :- શિખર મંદિર પશ્ચિમ દ્વારે, નદી પ્રસાદીની છે.

**૧૦૪ પીઠા કોટડા** :- હરિમંદિર દક્ષિણ દ્વારે, ઓટો પ્રસાદીનો છે. ગામ બહાર તડકેશ્વર મહાદેવ, પ્રેમપુતળીબાઈનું ઘર (સોનીનું).

**૧૦૫ કરિયાણા** :- હરિમંદિર ઉત્તર દ્વારે, ઉન્નડ ખાચરનો દરબાર, ત્યાં લીંબડો પ્રસાદીનો, પંચપીરની જગ્યા, કાળુભા નદી, કોઠો, લીંબડો, વડ, ઝાલરીઓ પત્થર. આદિ પ્રસાદીના છે.

**૧૦૬ બંધીઆ** :- હરિમંદિર પૂર્વ દ્વારે, ડોસાભાઈનું ઘર હાટનું સ્થાન, મુળુભાઈનો દરબાર તથા ગોખ, શ્રીજીમહારાજ લીંબડો પીને રહેતા તે સ્થાન, વડ, કૂવામાં ધૂબકા મારતા તે સ્થળ.

**૧૦૭ ગોંડળ** :- શિખર મંદિર પશ્ચિમદ્વારે, મધ્ય મંદિરમાં ઘનશ્યામ મહારાજ, ધર્મદેવ, ભક્તિમાતા (ધાતુના), જમણી બાજુ સુખશય્યા, ડાબી બાજુ શ્રીકૃષ્ણ (શ્યામ) રાધિકાજી (સફેદ), ઓટો, જેના પર બેસી શ્રીજી મહારાજ થાળ જમ્યા હતા તે કોઠલો, દહીં ને રોટલો જમ્યા હતા તે સ્થળ, હઠીભાઈનો દરબાર તથા ગોખ. વાડીમાં બેઠક (કૈલાસ બાગ)

**૧૦૮ જેતપુર** :- શિખર મંદિર ઉત્તર દ્વારે, મધ્ય મંદિરે હરિકૃષ્ણ મહારાજ, ઈચ્છારામજી, રઘુવીરજી (ધાતુના), બાજુના મંદિરમાં હરિકૃષ્ણ મહારાજ, ધર્મદેવ, ભક્તિમાતા (ધાતુના) બીજી બાજુ સુખશય્યા, મહારાજને ગાદી સોંપી હતી તે સ્થાને પૂર્વદ્વારે બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજ (કાષ્ટના). ભાદર નદી પ્રસાદીની છે.

**૧૦૯ સાંકડી નાની** :- હરિમંદિર પશ્ચિમ દ્વારે, બારકોસીઓ કૂવો પ્રસાદીનો છે.

**૧૧૦ મોટી સાંકડી** :- મહાદેવ પ્રસાદીના છે.

**૧૧૧ જુનાગઢ** :- શિખર મંદિર ઉત્તર દ્વારે, શ્રીજીએ સ્વહસ્તે સંવત્ ૧૮૮૪ વૈશાખ વદી ૨ ના રોજ મૂર્તિ પ્રતિષ્ઠા કરી છે. (ઉતર દ્વારે) મધ્ય મંદિરમાં રણછોડજી તથા ત્રીકમજી, પૂર્વ બાજુના મંદિરમાં હરિકૃષ્ણ મહારાજ તથા રાધારમણદેવ, પશ્ચિમબાજુ શંકર-પાર્વતી, પોઠીયો, ઘુંમટમાં ઘનશ્યામ મહારાજ, હનુમાન, તથા ગણપતિ, પ્રદક્ષિણામાં છત્રી, ઉતર બાજુ ચોકમાં છત્રી, ઓટો, ભંડારમાં છત્રી, બીજી બે વેદીઓ, ઝીણાભાઈનો દરબાર, મજવડીને દરવાજે વાવ, ગીરનાર પર્વત, રામદહેરી, નારાયણ ધરો, દામોદર કુંડ, મુચુકુંદની ગુફા, બ્રહ્મકુંડ, નરસિંહ મહેતાનો ચોરો, આંબલી, ગોધાવાવ, હાટકેશ્વર મહાદેવ, ઉપરકોટ, ગુફાઓ, અડીકડી વાવ, નવઘણ કૂવો જોવા લાયક છે. ગીરનારે જતાં રસ્તામાં ભૂતનાથ મહાદેવ તથા રાયણ પ્રસાદીની છે. ખેંગારવાવ, વણથલીના માર્ગે જતાં આવે છે તે પ્રસાદીની છે.

**૧૧૨ વણથલી** :- હરિમંદિર પશ્ચિમ દ્વારે, મંદિરમાં થાંભલી, લોજમાં મહારાજે જે થાંભલીને બાથ ભરાવી હતી તે તથા સૂર્યકુંડ, વામન ભગવાનનું પ્રાદુર્ભાવ સ્થાન.

**૧૧૩ અગત્રાઇ** :- હરિમંદિર દક્ષિણ દ્વારે, ત્યાં છત્રી,પર્વતભાઈનું ઘર ત્યાં ઓટો છે તથા મયારામભટ્ટનું ઘર, પર્વતભાઈની વાડી, ધોળીયો આંબો હતો તે સ્થાન, નદીમાં મહારાજ સ્નાન કરતા તે સ્થાન, ખટરસનાં વર્તમાન સંતોને છોડાવ્યાં હતાં તે સ્થળ પર્વતભાઈની વાડીમાં.

**૧૧૪ કાલવાણી** :- હરિમંદિર પશ્ચિમ દ્વારે, ત્યાં છત્રી, સંતોને પરમહંસદીક્ષા ગ્રહણ કરાવી ત્યાં છત્રી, ભાડીયો કૂવો, ભાગોળે વાવ પ્રસાદીની છે. ગામની ઉત્તરમાં વાડી ત્યાં છત્રી, ગામની દક્ષિણે વીરડો છે, ત્યાં મુક્તાનંદ સ્વામીને રામાનંદ સ્વામીએ દર્શન આપ્યાં હતાં અને સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય કરાવ્યો હતો. જય સદ્ગુરુ સ્વામી, આ આરતી મુક્તાનંદ સ્વામીએ પ્રથમ અહીં ઉતારી હતી.

**૧૧૫ મેઘપુર** :- હરિમંદિર દક્ષિણ દ્વારે, ત્યાં છત્રી, હનુમાનજી, લાડકીબાઈનું ઘર, ઘાંચીના ખભા પર બેસી માંગરોલની વાવમાંથી ડુબકી મારીને જ્યાં નીકળ્યા તે ભાડીયો કૂવો, ત્યાં ઓટો તથા આંબલી પ્રસાદીની છે. નિત્યાનંદ સ્વામીને દિક્ષા આપી છે ત્યાં છત્રી, મુલજી લુહાણાને અંત વખતે મહારાજે દર્શન આપ્યાં હતાં તે સ્થળ.

**૧૧૬ ભાડેર** :- હરિમંદિર, મંદિરમાં કટાર, લીંબડાનું લાકડું, મહાદેવ તથા પ્રતાપસિંહ રાજાનો દરબાર પ્રસાદીનો છે.

**૧૧૭ પીપલાણા** :- શિખર મંદિર પશ્ચિમ દ્વારે, મધ્ય મંદિરે હરિકૃષ્ણ મહારાજ, ધર્મદેવ, ભક્તિમાતા, દક્ષિણ બાજુ ઘનશ્યામ મહારાજ તથા ઉત્તરે સુખશય્યા, રામાનંદ સ્વામી તથા નીલકંઠ વર્ણીનો મેળાપ તથા દીક્ષા આપી હતી ત્યાં સભામંડપ નીચે છત્રી, ગામની વાયુ કોણમાં છત્રી છે. ત્યાં વડ હતો. જ્યાં મહારાજ ડુમરો જમ્યા હતા તે સ્થળે વેદિકા છે. ઓઝત નદીનો ઘાટ.

**૧૧૮ આખા** :- હરિમંદિર પૂર્વ દ્વારે, પ્રસાદીનો પીપળો તથા નારાયણ વિપ્રનું ઘર, લાડકીબાઈનું ઘર, વાડીમાં વેદિકા કરીને ચરણારવિંદ પધરાવેલ છે.

**૧૧૯ માણાવદર** :- શિખર મંદિર ઉત્તર દ્વારે. મધ્ય મંદિરે ઘનશ્યામ મહારાજ, ધર્મદેવ, ભક્તિમાતા, તે પછીનાં મંદિરમાં હરિકૃષ્ણ, શ્રીકૃષ્ણ, રાધીકાજી, તે પછીના મંદિરે સુખશય્યા. મંદિરના ચોકની પશ્ચિમે મયારામ ભટ્ટનું ઘર ત્યાં છત્રી, ગામની ઉત્તરે નદી કિનારે બે છત્રીઓ, જ્યાં મહારાજે જલ ક્રીડા કરી હતી. લક્ષ્મીવાડીમાં છત્રી, કૂવો પ્રસાદીનો છે.

**૧૨૦ પંચાળા** :- શિખર મંદિર પશ્ચિમ દ્વારે. મધ્યમંદિરમાં શ્રીઘનશ્યામ મહારાજ, ડાબી બાજુ રંગોત્સવની મૂર્તિ, ડાબી બાજુ સુખશય્યા છે. ઝીણાભાઈનો દરબાર જ્યાં વચનામૃત કહ્યાં હતાં ત્યાં મોટો ઓટો, પાંચસો પરમહંસો સહિત જ્યાં રાસ રમ્યા હતા તે સ્થળે છત્રી, રંગ રમ્યા હતા ત્યાં છત્રી તથા હોજ, ગ્રહણ વખતે સભા કરી હતી તે વખતે જે પથ્થર પર બેઠા હતા તે અર્જુન શીલા, અર્જુનેશ્વર મહાદેવ, સાબલી નદી, મઘરીઓ ધરો, ગોપી તલાવડી, બિંદુસરોવર, ત્યાં હનુમાનજી પ્રસાદીના છે. ખારીવાવ તથા આરો પ્રસાદીનો છે.

**૧૨૧ લોજ** :- ઉત્તર દ્વારે શિખર મંદિર, મધ્ય મંદિરમાં ધર્મ-ભક્તિ હરિકૃષ્ણ મહારાજ, ડાબીબાજુ શ્રી નીલકંઠવર્ણી. જમણી બાજુ સુખશય્યા છે. શ્રીજીમહારાજ જે (વાવની) શીલાપર બેઠા હતા તે બેઠક, ખાંડણીઓ (મરચાં મીઠીઆવળ વાટતા તે), મંદિરમાં ગોખલો (શ્રીજીએ પુરાવી નાખ્યો તે), લોજની વાવ તથા ત્યાં છત્રી, મુક્તાનંદ સ્વામી જ્યાં રામકથા કરતા હતા તે ચોરામાં ઓટો, તેના પર ચરણારવિંદ છે. વાડીમાં જ્યાં મહારાજ અષ્ટાંગયોગ શિખવતા તે સ્થળ, જ્યાં રેચ લેતા તે વાવ. ધર્મશાળામાં છત્રી, જયાં શ્રીજીએ ચીભડાંનો ભારો લાવી ઉતાર્યો હતો.

**૧૨૨ માંગરોળ** :- ઉત્તરદ્વારે શિખર મંદિર, મધ્યમાં ધર્મ-ભક્તિ હરિકૃષ્ણ મહારાજ, ડાબીબાજુ રામચંદ્રજીની મૂર્તિ, જે જૂના પ્રસાદીના રામજી મંદિરમાં હતી તેને હાલે ઘનશ્યામ મહારાજ કહેવાય છે તે મંદિરમાં પધરાવ્યા છે, જમણી બાજુમાં સુખશય્યા છે. રામ વાડીમાં લક્ષ્મણજી તથા જાનકીજી પ્રસાદીનાં છે, વાવ પ્રસાદીની છે. મંદિરમાં આંબલી તથા વાવ ગળાવી તે પ્રસાદીની છે. ત્યાં છત્રી છે. ને ડોસા વાવ તથા સમુદ્રમાં ગોવર્ધનભાઈને મહારાજે ફેંક્યા હતા તે સ્થળે ઓટો કર્યો છે.

**૧૨૩ માળીઆ હાટીના** :- હરિમંદિર પશ્ચિમદ્વારે, નદી પ્રસાદીની છે.

**૧૨૪ વેરાવળ** :- હરિમંદિર પૂર્વદ્વારે છે.

**૧૨૫ પ્રભાસ પાટણ :-** ભલકા તળાવ, પીપળો જ્યાં શ્રીકૃષ્ણ પ્રભુએ પારાધીનું બાણ ચરણમાં સ્વીકાર્યું હતું, પૂર્વદ્વારે સોમનાથ મહાદેવ. (જ્યોતિર્લિંગ છે.) ભગવાને દેહોત્સર્ગ કર્યો તે સ્થળે શ્રીકૃષ્ણ ભગવાનનું મંદિર છે, તેમાં ૧૮ અઢાર થાંભલામાં આખી ગીતા કોતરેલી છે. લક્ષ્મીનારાયણનું મંદિર, સમુદ્ર, ત્રીવેણી સંગમ.

**૧૨૬ પ્રાચી :-** મોક્ષ પીપળો, સરસ્વતીકુંડ, મહાદેવનાં મંદિરો, માધવરાયની મૂર્તિ જલમાં, બીજો પીપળો, કૂંડ.

**૧૨૭ ગુપ્ત પ્રયાગ :-** કુંડ ૭. મહાદેવનું મંદિર, શેષશાયી ભગવાનનું મંદિર, રાયણનું વૃક્ષ પ્રસાદીનું છે.

**૧૨૮ ઉના :-** શિખર મંદિર પશ્ચિમદ્વારે, નારાયણ અને લક્ષ્મીજી. દક્ષિણ બાજુના મંદિરમાં, ઘનશ્યામ મહારાજ, ઉત્તર બાજુ સુખશય્યા, શાલીગ્રામ તથા લાલજી પ્રસાદીના છે. તલાવ પ્રસાદીનું છે.

**૧૨૯ તુલસીશ્યામ :-** તપ્તકુંડ, શ્યામજીનું મંદિર, રૂક્ષ્મણીનું રૂસણું થયું હતું તેની દેરી, પર્વતમાં ભીમચાસ,

**૧૩૦ સામતેર :-** શ્યામકુંડ, મહાદેવ.

**૧૩૧ ભટવદર :-** હનુમાનજી છે, ત્યાં દાદા ખાચર તથા જસુબાઇને પગે લગાડ્યાં હતાં, મહારાજે પાણી મીઠું કર્યું તે વીરડો, (કૂવો) જેમાં હજુ પણ સાકર જેવું મીઠું પાણી છે. નાગપાળવરૂનું ઘર તથા વડ પ્રસાદીનો છે.

**૧૩૨ બાર પટોલી :-** પૂર્વદ્વારે હરિમંદિર. ગામની પશ્ચિમે હનુમાનજી છે. ત્યાં મહારાજને પાટ ઉપર બેસાડી હરિભક્તોએ પૂજા કરી હતી તે સ્થળ.

**૧૩૩ રાજુલા :-** હરિમંદિર દક્ષિણદ્વારે, ગામની પશ્ચિમે પથ્થર પ્રસાદીનો છે, દાદાખાચરની જાન સાથે શ્રીજી મહારાજે આ સ્થળે વિશ્રાંતિ લીધી હતી.

**૧૩૪ સાવરકુંડલા :-** શિખર મંદિર પશ્ચિમ દ્વારે છે.

**૧૩૫ પીઠવડી. :-** હરિમંદિર દક્ષિણદ્વારે, ત્યાં ઓટો છે. ભગા મૂળાનાં ઘર હતાં ત્યાં મંદિર કરેલ છે. ઉપાડની મૂર્તિ છે, બાજુમાં મહારાજ દાદા ખાચરને પરણાવવા જાય છે તે જાનનો દેખાવ ચિત્રમાં કરેલો છે. તે બહુ સુંદર છે. ગામ ભાગોળે ઓટો છે. મહારાજે દાદા ખાચરની જાન સાથે વિશ્રાંતિ લીધી હતી તે સ્થળ પ્રસાદીનું છે.

**૧૩૬ મહુવા :-** (બંદર) શિખર મંદિર પૂર્વદ્વારે, મધ્ય મંદિરમાં હરિકૃષ્ણ, નારાયણ, લક્ષ્મીજી, બાજુમાં શંકર, ગામમાં હનુમાનજી, લક્ષ્મી-નારાયણનું મંદિર, પ્રસાદીના શંકર, ફુલણનાથ બાવાનો મઠ, ખેમનાથનું મંદિર, નાના ગોપનાથ મહાદેવ.

**૧૩૭ કુંદનપુર :-** (કતપુર) ઉત્તરદ્વારે ભવાની માતાનું મંદિર, જ્યાંથી રૂક્ષ્મણીનું અપહરણ થયું હતું તે સ્થળ સમુદ્ર કિનારે છે.

**૧૩૮ ગોપનાથ મહાદેવ :-** મંદિર પૂર્વદ્વારે સમુદ્રના સામે છે. સ્વયંભૂ મહાદેવનું લીંગ છે, ગોપનાથના ગોપાલ યોગી, અહીં રહેતા હતા. આત્માનંદ સ્વામી પણ અહીં આવેલા હતા. મહારાજે અહીં એક માસ રહી મહાદેવની સેવા કરેલી છે. ત્યાં નૃસિંહ ભગવાનનું મંદિર નરસિંહ મહેતાની મૂર્તિ છે તથા રાધાકૃષ્ણનું મંદિર છે.

**૧૩૯ ભાવનગર :-** શિખર મંદિર, મધ્ય મંદિરે હરિકૃષ્ણ મહારાજ, નારાયણ-લક્ષ્મીજી (શ્વેત), ડાબા ખંડમાં શ્રી ઘનશ્યામ મહારાજ (ધાતુના) અને જમણા ખંડમાં સુખશય્યા, વડવામાં પૂર્વદ્વારે હરિ મંદિર છે. દેવજી બાપાની ધર્મશાળા ત્યાં પ્રસાદીની મોટી પીત્તળની ગોળી છે. રૂપાભાઇ તથા રાજાભાઈનાં ઘર, વજેસંગ દરબારનો મોહોલ છે. મહારાજ ત્યાં ગયા છે. રામ મંદિર છે. ત્યાં મહારાજ ત્રણ દિવસ રહ્યા હતા.

**૧૪૦ માલપરા :-** શ્રીજી મહારાજે દાદા ખાચરની જાન સહિત ત્યાં વિશ્રાંતિ લીધી હતી.

**૧૪૧ ગઢાળી :-** પૂર્વદ્વારે હરિમંદિર છે. ત્યાં ઓટો છે. આંબાશેઠનાં ઘર ત્યાં આંબલી પ્રસાદીની છે તથા પાટ પ્રસાદીની છે. આંબા શેઠના વંશના હરિભક્તને ઘેર ત્રણ ચરણારવિંદ, ખેશ એક તથા નખ અને કેશ શ્રીહરિના પ્રસાદીના છે.

**૧૪૨ ગઢપુર :-** (ગઢડા સ્વામિનારાયણ) શિખર મંદિર ઉત્તર દ્વારે. શ્રીજીએ સ્વહસ્તે સંવત્ ૧૮૮૫ આસો સુદ ૧૨ ના રોજ મૂર્તિ પ્રતિષ્ઠા કરી છે. મધ્ય મંદિરમાં હરિકૃષ્ણ,ગોપીનાથજી, રાધિકાજી, પૂર્વ બાજુના મંદિરે સૂર્યનારાયણ, કૃષ્ણ, બલદેવજી, રેવતીજી, પશ્ચિમ બાજુએ વાસુદેવ ધર્મદેવ, ભક્તિમાતા. પ્રસાદીના હનુમાનજી તથા પ્રદક્ષિણામાં બે વાઘ તથા પ્રદક્ષિણામાં ગોખ છે ત્યાં શ્રીજીએ રણછોડજી રૂપે દર્શન દીધેલાં. નીચેના ભાગમાં પાંચુબાઈનાં ઘર હતાં ત્યાં છત્રી છે. મહારાજે જોધાને છાસ તણાવી હતી. ચોકમાં છત્રી ત્યાં સંતોની ધર્મશાળા હતી. મંદિર પાછળ અક્ષર ઓરડી, ગંગાજળીઓ કૂવો, શ્રીજીએ સત્સંગિજીવન ગ્રંથ કરાવ્યો તે સ્થળ, વાસુદેવ નારાયણના ઓરડા ઉત્તર બાર, ચોકમાં લીંબવૃક્ષ પૂર્વબારના ઓરડા, આથમણા બારના ઓરડા, જીવા ખાચરનો દરબાર ત્યાં લીંબડો, ભક્તિબાગ, રાધાવાવ, પીપળાવાડી, લક્ષ્મીવાડી ત્યાં શિખર મંદિર પૂર્વદ્વારે, હરિકૃષ્ણ, રામપ્રતાપજી, ઈચ્છારામજી, વિમાન ઉતાર્યું હતું તે સ્થળે આરસની વેદી, નિષ્કુલાનંદ સ્વામીની ઓરડી, સ્વામીએ અહીં રહી ભક્ત ચિંતામણિ લખેલી, સભા કરતા તથા દાદા ખાચરને હાર આપ્યો તે વેદી બેઠક, ડભાણીઆ આંબાની જગાએ બેઠક, ખીજડો ત્યાં ઓટો, શરદ પુનમનો રાસ રમ્યા ત્યાં છત્રી, વાવ પ્રસાદીની છે, ગામમાં રામમંદિર, ભંગીને ઘેર વટલોઇ તથા કફણ પ્રસાદીનું છે, ઘેલા નદી, ખળખળીઓ, નીલકંઠ મહાદેવ, નારાયણ ધરો, સહસ્રધરો, નાળીએરો ડુંગર, ત્યાં હનુમાનજી છે.

**૧૪૩ માંડવધાર** :- હરિમંદિર પૂર્વદ્વારે છે. ત્યાં ઓટો, માંડવ્ય ઋષિની ગુફા, જેઠા તથા મેરામણ ગોવાળીઆનાં ઘર.

**૧૪૪ ખોપાળા** :- શિખર મંદિર ઉત્તરદ્વારે. મધ્ય મંદિરમાં રાધાકૃષ્ણ હરિકૃષ્ણ મહારાજ.

**૧૪૫ નીંગાળા** :- નદી પ્રસાદીની છે.

**૧૪૬ ઝીંઝાવદર** :- હરિમંદિર ઉત્તરદ્વારે, અલૈયા ખાચરનો દરબાર, કોઠો, તલવારની મુઠ, લીંબડો, તલાવ, કૂવો, વડ, શ્રીજી મહારાજ બહિર્ભૂમિ ગયેલ તે સ્થળે ઓટો છે. ઉત્તરમાં પીપર હતી ત્યાં ઓટો છે.

**૧૪૭ લાઠીદડ** :- હરિમંદિર પૂર્વદ્વારે, ઢોલિયો પ્રસાદીનો છે તથા હનુમાનજી પ્રસાદીના છે.

**૧૪૮ કારીયાણી** :- શિખર મંદિર પૂર્વદ્વારે, મધ્યમાં હરિકૃષ્ણ મહારાજ, લક્ષ્મીનારાયણ દેવ. ડાબીબાજુ (ધાતુના) ઘનશ્યામ મહારાજ, જમણીબાજુ સુખશય્યા છે. મંદિરમાં ગાડું, કુંડી, મહારાજને નાવાની નિષ્કુળાનંદ સ્વામી ટીપતા હતા તે, લીંબડો હતો ત્યાં ઓટો છે, અક્ષરઓરડી, વસ્તા ખાચરનો દરબાર, ઓરડા પ્રસાદીના છે તથા લીંબડો, પાટ પ્રસાદીનાં છે. ગામમાં ઢોલિયો પ્રસાદીનો, ગોદડું પ્રસાદીનું છે, બારકોસી કૂવો, પાંચ ચારોલીઆનો કૂબો-મહારાજે રૂપિયા ફેક્યા હતા તે તેના કૂવામાં પડ્યા હતા. ગામથી ઉત્તરબાજુ તળાવ ગળાવેલ તેમાં રામકુંડ અને ભીમકૂંડ, બે ખીજડા.

**૧૪૯ બરવાળા** :- હરિમંદિર દક્ષિણદ્વારે, ત્યાં છત્રી. શ્રીજીમહારાજે વતું કરાવ્યું હતું તે સ્થળે કૂવો છે. પલંગ પ્રસાદીનો છે.

**૧૫૦ કુંડલ** :- હરિમંદિર દક્ષિણદ્વારે, પાદરમાં ઓટો છે. રાઈબાઈનાં ઘર તથા મહાદેવજી છે. લીંબડાનું થડ, ગામ બહાર કૂવો તથા ઓટો તથા કંડો પ્રસાદીનો છે, નદી પ્રસાદીની છે. ત્યાં ધરો છે.

**૧૫૧ ખાંભડા** :- ગામ બહાર મહાદેવનું મંદિર, પીપરનું સ્થાન. મહારાજ ત્યાં બિરાજ્યા હતા. સત્સંગનો મહિમા કહ્યો હતો.

**૧૫૨ સાળંગપુર** :- દક્ષિણ દ્વારે હનુમાનજીનું મંદિર. સ.ગુ. ગોપાળાનંદ સ્વામીએ હનુમાનજી પધરાવ્યા છે. તે બહુ ચમત્કારિક છે. મંદિરના ચોકમાં છત્રી, ફાલ્ગુનદી કિનારે નારાયણ કુંડ ત્યાં ઓટો. વંડામાં છત્રી, ગામમાં જીવા ખાચરનો દરબાર ત્યાં ઓટો, (આંબલીનું વૃક્ષ હતું) રંગ રમ્યા હતા ત્યાં ઓટો તથા ચોરો પ્રસાદીનો છે.

**૧૫૩ બોટાદ** :- શિખરબંધ મંદિર પૂર્વદ્વારે. મધ્ય મંદિરમાં (ધાતુના) શ્રીઘનશ્યામ મહારાજ, જમણીબાજુ શ્રીરાધાકૃષ્ણ દેવ. સભામંડપમાં છત્રી, બાઈઓનું મંદિર, મહારાજે પત્થર પર ઉભીને મલ્લ રમાડ્યા હતા તે પત્થર પ્રસાદીનો છે. જ્યાં રંગ રમ્યા હતા ત્યાં વંડો છે ત્યાં છત્રી તથા લીંબડો. વ્યાપકાનંદ સ્વામીએ ઘોડી જીવાડી તે સ્થળ, દાહાખાચરનો દરબાર, (બજારમાં) તળાવને કાંઠે છત્રી, ભગાદોશીની દુકાન (ગામમાં).

**૧૫૪ રાણપુર** :- હરિમંદિર પૂર્વદ્વારે નદી પ્રસાદીની છે.

**૧૫૫ લોયા** :- હરિમંદિર, સુરાખાચરનાં ઘર પ્રસાદીનાં છે.

**૧૫૬ નાગડકા** :- હરિમંદિર, સુરાખાચરનો દરબાર પ્રસાદીનો છે.

**૧૫૭ ભેસજાળ** :- પશ્ચિમ દ્વારે હરિ મંદિર. બાઈઓ મહારાજને દર્શને ગયાં હતાં તે પ્રસાદીનાં ઘર ગામ બહાર છત્રી, મહાદેવજી, જાર પ્રસાદીની છે.

**૧૫૮ વાગડ** :- દક્ષિણદ્વારે હરિમંદિર. છત્રી, ખીજડો, મહાદેવ, નદીમાં ધરો પ્રસાદીનો છે.

**૧૫૯ કંથારિઆ** :- શ્રીજી થાળ જમ્યા હતા તે ઘર પ્રસાદીનાં છે.

**૧૬૦ ભીમનાથ** :- મહાદેવનું મંદિર પૂર્વદ્વારે, પ્રસાદીની જાર, માઢ પ્રસાદીનો છે.

**૧૬૧ પોલારપુર** :- દક્ષિણદ્વારે હરિમંદિર, ગામ બહાર તળાવ, ખીજડો, કૂવો, ઓટો. પ્રસાદીના છે.

**૧૬૨ સુંદરીયાણું** :- દક્ષિણદ્વારે હરિમંદિર, વનાશાનું ઘર તથા પ્રસાદીનો કબાટ, મહારાજ રંગ રમ્યા હતા ત્યાં ઓટો ગામ બહાર પૂર્વદિશાએ છે.

## ભાલદેશની પંચતીર્થી

**૧૬૩ ધંધુકા** :- ઉત્તર દ્વારે શિખર મંદિર છે. મધ્ય મંદિરમાં રાધાકૃષ્ણદેવ છે. પૂર્વ બાજુ ઘનશ્યામમહારાજ છે.

**૧૬૪ રોઝકા** :- પશ્ચિમદ્વારે હરિમંદિર, આંબલી, તલાવ, છત્રી, કાકાભાઈનો દરબાર પ્રસાદીનાં છે.

**૧૬૫ ભડીઆદ** :- દક્ષિણદ્વારે હરિમંદિર તથા ઓટો છે.

**૧૬૬ ધોલેરા** :- ઉત્તરદ્વારે શિખર મંદિર. મધ્ય મંદિરમાં હરિકૃષ્ણ મહારાજ, શ્રી મદનમોહન મહારાજ(શ્રીકૃષ્ણ-રાધિકાજી) શ્રીજીએ સ્વહસ્તે સંવત્ ૧૮૮૨ માં વૈશાખ

સુદ ૧૩ના રોજ મૂર્તિપ્રતિષ્ઠા કરી છે. પૂર્વ મંદિરે ઘનશ્યામ મહારાજ, પશ્ચિમ મંદિરે સુખશૈયા. બેઠક, તલાવ, શંકર, ખીજડો, પુંજાભાઈનો દરબાર. ચોરો પ્રસાદીનો છે. નિષ્કુલાનંદ સ્વામીએ દેહત્યાગ કર્યો ત્યારે અગ્નિસંસ્કાર જ્યાં કરેલ, ત્યાં ઓટો તથા હનુમાનજી.

**૧૬૭ ગાંફ** :- પૂર્વદ્વારે હરિમંદિર. વસ્તા રાવળનું ઘર, છત્રી, મલકા તલાવડી પ્રસાદીની છે.

**૧૬૮ પચ્છમ** :- પશ્ચિમદ્વારે હરિમંદિર, તલાવ, છત્રી, મહાદેવ પ્રસાદીના છે.

**૧૬૯ કમીયાળું** :- દક્ષિણદ્વારે હરિમંદિર, તલાવ, છત્રી, કૂવો મુક્તાનંદ સ્વામીનો જે સ્થળે હાથ ચડાવ્યો હતો ત્યાં આંબલી, પ્રસાદીની ઢાલ, હનુમાનજી પ્રસાદીના છે. ત્યાં ઓટો તથા કૂવો છે. મહારાજે આંબાની ડાળ ઝાલી હતી તે સ્થળ તલાવ પાસે જ છે.

**૧૭૦ ધોળકા** :- શિખર મંદિર ઉત્તરદ્વારે, મધ્ય મંદિરમાં હરિકૃષ્ણ મહારાજ, શ્રીકૃષ્ણ-રાધિકાજી, પૂર્વમંદિરે ઘનશ્યામ મહારાજ, પશ્ચિમ મંદિરે પાર્વતી સહિત નીલકંઠ મહાદેવ, ચોકમાં છત્રી, જ્યાં કૂવો હતો. પ્રથમ મુરલીમનોહરદેવ પધરાવ્યા હતા ત્યાં છત્રી છે, ગામની પૂર્વે નાગનાથ મહાદેવ. તેની બાજુમાં કૂવો તથા છત્રી, ત્યાં શ્રીજી મહારાજે સભા કરી હતી. ચકલી તલાવ ત્યાં મહાનુભાવાનંદ સ્વામીએ પધરાવેલા હનુમાનજી. અમદાવાદમાં ચોર્યાસી કરી શ્રીજી મહારાજ ધોળકે આવ્યા ત્યારે જ્યાં રહ્યા હતા ત્યાં વાવ પ્રસાદીની છે. મલયસર તળાવ પ્રસાદીનું છે.

**૧૭૧ વૌઠા** :- ત્રિવેણી નદી, મહાદેવનું મંદિર કીનારે છે.

**૧૭૨ કોઠ** :- (ગણેશ ધોળકા) ગામમાં ભીમનાથ મહાદેવ. મહારાજ ઉદાસી ટાળવા રહ્યા હતા ત્યાં ઓટો ચરણારવિંદ, હનુમાનજી પ્રસાદીના છે. ગણેશના મંદિરમાં જમણી સુંઢવાળા ગણપતિ બેઠેલા છે.

**૧૭૩ અરણેજ** :- તળાવ પ્રસાદીનું છે.

**૧૭૪ જવારજ** :- હરિમંદિર દક્ષિણદ્વારે. આધાર બારોટનું ઘર.

**૧૭૫ બળોલ** :- હરિમંદિર પશ્ચિમદ્વારે. મહારાજે જ્યાં દૂધ પીધું હતું, તે ઘર દેવીદાન (દેવાનંદ સ્વામી)નું જન્મ સ્થાન, નરસિંહ સિંધવનું ઘર, લીંબડો હતો તે સ્થાને વેદી છે. તલાવ, મહાદેવ પ્રસાદીના છે.

**૧૭૬ શિયાળ** :- દક્ષિણદ્વારે હરિમંદિર, તુલાધાર (માધવજી વણિક)નું ઘર. જ્યાં મહારાજને દૂધને બદલે છાશ પાઈ હતી ત્યાં ઓટો તથા ચરણારવિંદ છે.

**૧૭૭ કાણોતર** :- દક્ષિણદ્વારે હરિમંદિર, છત્રી, મોજડી પડી ગઈ હતી તે સ્થળ, તથા મોજડી. સંતોને ઊભા રાખ્યા હતા તે સ્થળે હનુમાનજી પ્રસાદીના છે. તલાવ પ્રસાદીનું છે.

**૧૭૮ રેથલ** :- હરિમંદિર, ગામ બહાર હનુમાનજી તથા ખીજડો પ્રસાદીનો છે.

**૧૭૯ દદુકા** :- હરિમંદિર પૂર્વદ્વારે, ગામની ભાગોળે તલાવ તેમાં મહારાજે ઘોડી કુદાવી તે સામે કાંઠે જઈને પાછા આ કિનારે આવી પલળેલાં વસ્ત્ર ઉતાર્યાં ત્યાં વંડો છે તથા છત્રી છે.

**૧૮૦ મછીઆવ** :- પૂર્વદ્વારે હરિમંદિર, વડે હિંડોળો બાંધીને શ્રીજી મહારાજ ઝુલ્યા હતા ત્યાં છત્રી તથા તલાવ, તેના કીનારે મહારાજ રંગ રમ્યા હતા ત્યાં છત્રી મુળજી બ્રહ્મચારીનાં ઘર, ફઈબાનો દરબાર, મંદિરમાં ઓટો છે તેમાં ચરણારવિંદ પધરાવેલાં છે.

## ગુજરાતની પંચતીર્થી

**૧૮૧ અમદાવાદ** :- શિખર મંદિર, શ્રીજીએ સ્વહસ્તે સૌ પ્રથમ સંવત્ ૧૮૭૮ના ફાગણ સુદ ૩ ના રોજ મૂર્તિપ્રતિષ્ઠા કરી છે. ઉત્તરદ્વારે ઠાકોરજી છે. (૧) પૂર્વમંદિરમાં શ્રીકૃષ્ણ-રાધિકાજી, મધ્ય મંદિરમાં શ્રી નરનારાયણદેવ, સિંહાસનની પાછળ શિવજી, પાર્વતી અને સૂર્યનારાયણ તેમજ સિંહાસન નીચે ભોંયરૂ. સુખશય્યા અને પશ્ચિમ મંદિરે હરિકૃષ્ણ મહારાજ, ધર્મદેવ અને ભક્તિમાતા (૨) રાધાકૃષ્ણદેવના મંદિર સામે ઘુંમટમાં થાંભલો પ્રસાદિનો છે તથા ઓટો (૩) અક્ષરભુવન ત્યાં શ્રીજીની પ્રસાદીની વસ્તુઓ તથા બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજ(૪) બ્રહ્મચારીના ભંડારમાં જતાં લીંબડાનું થડ તથા અંદરની બેઠક (છત્રી) અને કૂવો.(૫) રંગમહોલ શ્રીજીનું નિવાસ સ્થાન અને ઘનશ્યામ મહારાજ(૬) સભામંડપમાં બે વેદી ચરણારવિંદ સહિત, પૂર્વ પશ્ચિમે મહારાજ સંતોને જમાડતા. ખુરશી ઉપર બેઠેલ તે (૭) દરવાજા પાસે છત્રી. ત્યાં લીંબડો હતો. (૮) મંદિરના ચોકમાં છત્રી રંગરમેલા તે સ્થળ.(૯) નવાવાસમાં છત્રી. (૧૦) નારાયણઘાટ :- શિખર મંદિર ઉત્તરદ્વારે મધ્યમાં શ્રીઘનશ્યામ મહારાજ, પૂર્વ બાજુ ધર્મ-ભક્તિ હરિકૃષ્ણ મહારાજ. ડાબી બાજુ સુખશય્યા. શ્રીજીએ રંગ રમીને સાબરમતીમાં સ્નાન કરેલું છે. હનુમાનજી તથા શંકર પ્રસાદીના છે. તથા આચાર્યોની સમાધિ ડેરીઓ. (૧૧) દરીયાખાનનો ઘુંમટ મુક્તાનંદ સ્વામી વિ. સંતો ત્યાં રહેતા હતા. (૧૨) કાંકરીયું તળાવ. (૧૩) પૂર્વ બાજુના ગરનાળા ઉપર શ્રીજી વિરાજેલા હતા. (૧૪) કાંકરીયા શિખર મંદિર પૂર્વદ્વારે મધ્યમાં હરિકૃષ્ણ મહારાજ તથા રાધાકૃષ્ણ દેવ છે.

જમણી બાજુ શ્રીનરનારાયણદેવ તથા બાળસ્વરૂપ શ્રીઘશ્યામ મહારાજ છે. ડાબી બાજુ સુખશય્યા છે. બ્રાહ્મણોની ચોરાશી કરી હતી તે સ્થળે છત્રી તથા હનુમાનજી (૧૫) રાયપુર દરવાજે રામાનંદસ્વામીના સમયનું રાધાકૃષ્ણનું મંદિર (૧૬) હવેલીમાં ઘનશ્યામ મહારાજ (૧૭) ઘુંમટની નજીક છત્રી (૧૮) મહાદેવવાળા વંડામાં મહાદેવજી (૧૯) રંગમહોલને મેડે બારી તથા ચોકડી પ્રસાદીનાં છે. (૨૦) અક્ષરભુવનમાં પ્રસાદીની વસ્તુઓ. (૨૧) સુખશય્યામાં નારણભાઈએ બનાવેલ શ્રીજીની એક ચક્ષુની મૂર્તિ. (૨૨) દરેક ધામ તથા ચોવીસ અવતારો અને શ્રીજીની લીલાનો તક્તો (૨૩) મોહનશેઠની હવેલી. (૨૪) બેચર મણકીની હવેલી. (૨૫) નાની સાલેપરી (૨૬) મોટી સાલેપરી ત્યાં દામોદર પટેલનું ઘર(૨૭) રામજી મંદિરની પોળમાં રામજી મંદિર (૨૮) નથુ ભટ્ટનું ઘર, (૨૯) લાલદાસ ગોરાનું ઘર, (૩૦) ગણેશ બારી પાસે દક્ષિણીનું મંદિર, તેમાં શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ શ્વેત છે. (૩૧) ભદ્રમાં તેલનું ટાંકુ (૩૨) કાલુપુરમાં વ્રજલાલ ઘાંચીનું ઘર (૩૩) રાયપુર દરવાજે મુરલીધરનું મંદિર (૩૪) મહાલક્ષ્મી પોળમાં મહાલક્ષ્મીનું મંદિર (૩૫) પખાલીની પોળના નાકે હનુમાનજી (૩૬) પંડિતજીની પોળના નાકે પંચમુખા હનુમાનજી (૩૭) અમદાવાદના બારે દરવાજા પ્રસાદીના છે. (૩૮) નગરશેઠ હેમાભાઈની હવેલી,(૩૯) માણેકચોક (૪૦) ઇંડરીઆ દરવાજાની બહાર શ્રીજીને દરીયાખાન વડ નીચે મલ્યો હતો તે પ્રસાદીનો દરિયાખાનનો ઘુંમટ (૪૧) ત્યાં સંતો રહેતા, શ્રીજી મહારાજ પણ ત્યાં ગયા હતા, (૪૨) સાબરમતી ગંગા,(૪૩) પાદશાહ વાડી ત્યાં ભીમનાથ મહાદેવ (૪૪) દુધેશ્વરનો આરો. (૪૫) ગણેશબારીનો આરો. (૪૬) સપ્તઋષિનો આરો. (૪૭)ઓડકંબોડનો આરો, (૪૮) કાંકરીઆ મધ્યે બંગલે જતાં પશ્ચિમ દીશા તરફનો ગોખ પ્રસાદીનો છે, (૪૯) આંબલી તળે શ્રીજી મહારાજનો જ્યાં મંચ બાંધ્યો હતો તે સ્થળે વેદિકા છે, (૫૦) તે સ્થળે પ્રસાદીની વાવ. (૫૧) ગોમતીપરામાં વૈરાગીનું મંદિર, ત્યાં હાલે આયુર્વૈદિક હોલ, તેનો કારોબાર વૈદ્યરાજ ગોવિન્દપ્રસાદભાઈના નામે ચાલે છે (૫૨) સારંગપુર દરવાજે નૃસિંહજીનું મંદિર, (૫૩) કેમ્પના હનુમાનજી, (૫૪) દુધેશ્વર પાસે ચંદ્રભાગાનો આરો, (૫૫) કેમ્પના સામે કોટેશ્વર મહાદેવ (૫૪) ગામની પશ્ચિમ બાજુ નારાયણપુરા ગામમાં પૂર્વદ્વારે શિખર મંદિર રાધાકૃષ્ણ દેવ છે. જમણી બાજુ શ્રીનરનારાયણદેવ તથા વચ્ચે શ્રીઘશ્યામ મહારાજ છે. ડાબી બાજુ સુખશય્યા છે.

**૧૮૨ ખોખરા મહેમદાવાદ :-** પૂર્વદ્વારે હરિમંદિર, મહારાજ સભા કરીને આંબલી નીચે બેસતા ત્યાં છત્રી. બ્રાહ્મણનું ઘર, ત્યાં છત્રી, ચોકમાં વૈરાગી અને પાર્ષદો વચ્ચે લડાઈ થઈ હતી.

**૧૮૩ વેલાલ :-** પૂર્વદ્વારે હરિમંદિર. દાદરો પ્રસાદીનો, જેસંગભાઈનો માઢ, ભાગોળે તલાવ તથા છત્રી, વાડીમાં રાયણનું વૃક્ષ, મહારાજે ઘોડી બાંધી હતી તે ઘર, કૂવો તથા બીજું તળાવ. કાંસાનો મોટો થાળ, તથા પ્રસાદીની વસ્તુઓ પુંજાભાઈ પટેલને ત્યાં છે. બીજા ભાઈઓને ત્યાં પણ છે.

**૧૮૪ કણભા :-** દક્ષિણદ્વારે હરિમંદિર. ત્યાં છત્રી. તલાવ તથા શ્રીજી મહારાજે સંતોને કેરીઓ આપી હતી તથા મહારાજ પોતે પણ જમ્યા હતા, ત્યાં છત્રી, તેની બાજુમાં કૂવો પ્રસાદીનો છે.

**૧૮૫ જેતલપુર :-** શિખરમંદિર, ઠાકોરજી પૂર્વદ્વારે, મધ્ય મંદિરમાં હરિકૃષ્ણ, બલદેવજી, રેવતીજી, દક્ષિણમંદિરે શ્રીકૃષ્ણ-રાધિકાજી, ઉ. મંદિરે સુખશય્યા, પ્રદક્ષિણામાં પાછળ ગંગામાના રાધાકૃષ્ણ દેવ પ્રસાદીના છે. તથા બાળસ્વરૂપ ઘનશ્યામ મહારાજ છે. ચોકમાં ગંગામાનું ઘર હતું ત્યાં છત્રી તથા મંદિરની પૂર્વ દિશાએ ગામમાં ગંગામાનું ઘર, ત્યાં કોઠી તથા ઓટા ઉપર ચરણારવિંદ, દેવ સરોવર, કિનારે છત્રી, યજ્ઞશાળા તથા ત્યાં હનુમાનજી તથા મોહોલની ઉપર છત્રી, આસોપાલવનું વૃક્ષ, પ્રસાદીનું હતું તે સ્થળે નવું આસોપાલવનું વૃક્ષ છે. જાંબુડાનું વૃક્ષ, શંકર, વાડીમાં મહુધાના ઈશ્વર બ્રાહ્મણને બ્રહ્મરાક્ષસ કાઢ્યો હતો તે સ્થળે ઓટો છે, વચનામૃત કહ્યાં હતાં ત્યાં છત્રી, બોરસડી તથા કાકડી જમ્યા હતા ત્યાં ઓટો, તળાવના પૂર્વ કિનારે આંબલી, ત્યાં શ્રીહરિ હિંડોળે ઝુલ્યા હતા, કોટમાં કોઠા પ્રસાદીના છે, તુલસીક્યારાની છત્રી.

**૧૮૬ ગામડી :-** હરિમંદિર છે. થાળ જમ્યા હતા તે સ્થળ.

**૧૮૭ અસલાલી :-** દક્ષિણદ્વારે હરિમંદિર, વેણીભાઈનું ઘર, દેશ વિભાગનો વિચાર કરેલ ત્યાં છત્રી. આંબાવાડીમાં છત્રી.

**૧૮૮ મોટેરા :-** હરિમંદિર દક્ષિણદ્વારે હનુમાનજી પ્રસાદીના છે.

**૧૮૯ કોટેશ્વર :-** પૂર્વ સન્મુખ હરિમંદિર. રાયણનું વૃક્ષ હતું ત્યાં ઓટો, પૂર્વદ્વારે કોટેશ્વર મહાદેવનું મંદિર, જ્યાંથી ભગાએ શિખર ઉપરથી પડતું મેલ્યું હતું.

**૧૯૦ અડાલજ :-** પૂર્વદ્વારે હરિમંદિર, ગામની પશ્ચિમે હનુમાનજી પ્રસાદીના તથા મોટી વાવ પ્રસાદીની છે. આ વાવ કુશળકુંવરબાઈએ પોતાના આગળના જન્મમાં કરાવી છે.

**૧૯૧ કડી :-** હરિમંદિર, તળાવની પાળ પર છત્રી છે. શ્રીજીમહારાજે સભા કરી હતી અને તળાવમાં પાણી ન્હોતું રહેતું તેથી શ્રીજીમહારાજે ઇચ્છા કરી એટલે તુરત પાણી ભરાણું અને શ્રીજીમહારાજે સ્નાન કર્યું હતું.

**૧૯૨ કુંડાલ :-** પૂર્વદ્વારે હરિમંદિર. કલા ભક્તનું ઘર, ત્યાં છત્રી, શ્રીહરિ થાળ જમ્યા હતા, કલા ભક્તની વાડી તથા કૂવો.

## ॥ ડંઢાવ્યની પંચતીર્થી ॥

**૧૯૩ ઓલા :-** પૂર્વદ્વારે હરિમંદિર, રતનબાઈએ શ્રીજીમહારાજને પોંખ્યા હતા ત્યાં છત્રી, વડે હિંડોળો બાંધ્યો હતો તે વડ, રતનબાઈનું ઘર, ગામ બહાર કૂવો તથા તલાવ પ્રસાદીનું છે.

**૧૯૪ કલોલ :-** ઉત્તરદ્વારે હરિમંદિર, ત્યાં સાધુ હંમેશાં રહે છે.

**૧૯૫ ધમાસણા :-** દક્ષિણદ્વારે હરિમંદિર, ત્યાં લીંબડાનું કાષ્ટ પ્રસાદીનું છે. તથા કૂવા બે પ્રસાદીના છે.

**૧૯૬ આદરેજ :-** પૂર્વદ્વારે હરિમંદિર, રતુખાંટનું ઘર ત્યાં ઓટો, ગામની ઉત્તરે તળાવ, ભગુજીએ તળાવમાં જે ગરબો હતો તેના દિવાની દીવેટ તીર કમાનથી લીધી હતી. આંબલી પ્રસાદીની છે. ત્યાં હિંડોળો બાંધ્યો હતો. મહાદેવ પ્રસાદીના, મંદિરમાં મોટો તક્તો છે તેમાં શ્રીજી-મહારાજે આદરેજમાં અન્નકૂટોત્સવ કરેલો હતો તેની લીલાનું દશ્ય છે.

**૧૯૭ કોલવડું :-** હરિમંદિર છે, આદરેજથી આવતાં આ ગામના હરિભક્તે મહારાજને તથા સંતોને સુખડી આપેલી હતી.

**૧૯૮ પેથાપુર :-** પૂર્વદ્વારે શિખર મંદિર, હરિકૃષ્ણ મહારાજ, શ્રી કૃષ્ણ-રાધિકાજી, સુખશય્યા, મંદિરમાં છત્રી, સુખડીઆ મહાદેવ, સાબરમતી નદી.

**૧૯૯ ઉનાવા :-** શિખરમંદિર પૂર્વદ્વારે હરિકૃષ્ણ મહારાજ તથા રાધાકૃષ્ણદેવ છે. ગામ ભાગોળે છત્રી, છલા ભક્તનું ઘર, હનુમાનજી, તળાવ પ્રસાદીનું છે તથા વડ પ્રસાદીનો છે.

**૨૦૦ બાલવા :-** હરિમંદિર, ઠાકોરજી પૂર્વ સન્મુખ, કૂવા બે પ્રસાદીના છે.

**૨૦૧ માણસા :-** શિખરમંદિર ઉત્તરદ્વારે, હરિકૃષ્ણ, શ્રીકૃષ્ણ, રાધીકાજી મધ્ય મંદિરે છે, પૂર્વ મંદિરમાં ઘનશ્યામ મહારાજ છે. પશ્ચિમ મંદિરમાં સુખશય્યા છે. ગામની પૂર્વે દુધીઓ કૂવો, ત્યાં લીંબડો હતો તે સ્થળે છત્રી છે. ઓણદાભાઈનો દરબાર, નરસિંહભાઈનું ઘર તથા તલાવ પ્રસાદીનું છે.

**૨૦૨ સોજા :-** પશ્ચિમદ્વારે હરિમંદિર, ભાગોળે નદી.

**૨૦૩ નારદીપુર :-** પૂર્વદ્વારે હરિમંદિર, નાનાભાઈનું ઘર.

**૨૦૪ મોખાસણ :-** પૂર્વદ્વારે હરિમંદિર, ગામની પૂર્વે કૂવો તથા છત્રી છે.

**૨૦૫ વડુ :-** પૂર્વદ્વારે હરિમંદિર, ગામની દક્ષિણે હનુમાનજી તથા ગંગાજળીઓ કૂવો, વેદી.

**૨૦૬ ખોરજ :-** દક્ષિણદ્વારે હરિમંદિર, ત્યાં છત્રી, ગોદડ ભક્તની ઢાલ, તલાવ, લાંઘણોજના માર્ગમાં વેદી, ત્યાં મહારાજે ઘોડી ફેરવી હતી.

**૨૦૭ કરજીસણ :-** દક્ષિણદ્વારે હરિમંદિર, ત્યાં ઢોલીયો તથા બાજોઠ પ્રસાદીના છે. ગોવિંદજીભાઈનું ઘર તેનો માઢ, વડે હિંડોળો બાંધ્યો હતો ત્યાં છત્રી, હનુમાનજી, વંડામાં છત્રી, સંતોને મહારાજે દંડવત્ કર્યા ત્યાં વેદી, ગોવિંદજીભાઈને અનાજ ન ખૂટવાનું વરદાન આપ્યું ત્યાં વેદી, નાનાભાઈની ઓરડી હતી ત્યાં છત્રી, કૂવો, તલાવ, ત્યાં વેદી, વરખડીનું વૃક્ષ, ડાંગરવાના માર્ગમાં મહુડો, ત્યાં વેદી છે, ત્યાં સંતોને બેબે શેર ઘી પીવું એમ મહારાજે કહેલું હતું. ગોવિંદજીભાઈને ઘેર પ્રસાદીની ઘણી વસ્તુઓ છે, સુતરની માળા વગેરે.

**૨૦૮ ડાંગરવા :-** ઉત્તરદ્વારે હરિમંદિર બે છે. જતનબાનું ઘર, અક્ષરઓરડી, કૂવો, વેદી વિગેરે.

**૨૦૯ લાંઘણોજ :-** ઉત્તરદ્વારે હરિમંદિર, સોનાબાઈનું ઘર, મહાદેવ.

**૨૧૦ મેઉ :-** પશ્ચિમદ્વારે હરિમંદિર, ત્યાં છત્રી, કાંસાની ઝાલર, થાળી, ભુખણ ભાવસારનાં ઘર, ગામની પશ્ચિમે વંડામાં છત્રી, તથા બહારે વડ છે, ત્યાં હિંડોળો બાંધ્યો હતો તે વડ પ્રસાદીનો છે. તેથી પશ્ચિમે એક કૂવો પ્રસાદીનો છે.

**૨૧૧ વસઇ :-** પૂર્વદ્વારે હરિમંદિર, ત્યાં છત્રી. ચોરો, વાડીમાં કૂવો, શંકર પ્રસાદીના છે.

**૨૧૨ વિહાર :-** દક્ષિણદ્વારે હરિમંદિર, ત્યાં વારાહ ભગવાનની મૂર્તિ તથા પીતાંબર ત્રવાડી તથા દલસુખરામ વિપ્રનાં ઘર, પ્રસાદીની વસ્તુઓ,ત્રાંસ, તાંસરૂં, વાટકો ગામની ભાગોળે છત્રી, તથા તલાવ પ્રસાદીનું છે. ઘંટી પર બેસીને મહારાજ જમ્યા હતા તે સ્થાન. બાઈઓનું મંદિર, ઝોટાંને દોયું હતું તે સ્થાન.

**૨૧૩ ગેરીતા :-** પૂર્વદ્વારે હરિમંદિર, માઢ પ્રસાદીનો છે, ગામની ઉત્તરે છત્રી તથા ખીજડો પ્રસાદીનો છે, ગામમાં ઘર પ્રસાદીનું છે. તથા તલાવ પ્રસાદીનું છે.

**૨૧૪ ગવાડા :-** પૂર્વદ્વારે હરિમંદિર. શ્રીજીમહારાજ રાત રહ્યા હતા તે વાણિયાની દુકાન છે.

**૨૧૫ વિજાપુર :-** પશ્ચિમદ્વારે હરિમંદિર. કૂવો વેદી, વજીબાનું ઘર હતું ત્યાં છત્રી, લક્ષ્મીનારાયણનું મંદિર ત્યાં ગરૂડજી છે, તેના પર મહારાજે હાથ મૂકેલો હતો, મધ્ય મંદિરમાં લક્ષ્મીનારાયણ, પૂર્વ મંદિરે રાધાકૃષ્ણદેવ, પશ્ચિમે રામ લક્ષ્મણ જાનકીજી આરસ અને ધાતુની પણ મૂર્તિ છે (રામ લક્ષ્મણનાં). વારાહ ભગવાનનું મંદિર.

વજીબાને ઘેર પીપળો હતો તેનું કાષ્ઠ હજુ છે.

**૨૧૬ વિસનગર** :- દક્ષિણ દ્વારે હરિમંદિર. પીંડારીઉ તલાવ ત્યાં છત્રી, ભીમનાથ મહાદેવ ત્યાં હાથી પ્રસાદીનો છે. ગળનારાં, બીજું તળાવ, ચોરો, લાલજી સુબાનું ઘર, બાઈઓનું મંદિર, શોભારામ શાસ્ત્રીનું ઘર.

**૨૧૭ વડનગર** :- બંગલાઘાટનું શિખર મંદિર, હરિકૃષ્ણ મહારાજ દક્ષિણ સન્મુખ. મહારાજ રંગ રમ્યા હતા ત્યાં વેદી, છત્રી નાગધરા પાસે, વંડામાં શંકર તથા સપ્તઋષિઓ. ત્યાં તળાવ છે. બ્રહ્મભોજન કરાવ્યું હતું તે સ્થળ, તળાવ તથા ગામની પશ્ચિમે સોમનાથ મહાદેવ પ્રસાદીના છે, હાટકેશ્વરનું પ્રખ્યાત શિવ મંદિર પ્રસાદીનું છે.

**૨૧૮ બીલીયા** :- દક્ષિણદ્વારે હરિમંદિર, તલાવ પ્રસાદીનું છે.

**૨૧૯ સિદ્ધપુર** :- ઉત્તરદ્વારે શિખર મંદિર, મધ્ય મંદિરે હરિકૃષ્ણ, ધર્મદેવ, ભક્તિમાતા, પૂર્વ મંદિરે સુખશય્યા તથા પશ્ચિમ મંદિરે શ્રીરાધાકૃષ્ણ દેવ, રૂદ્રમાળ તથા સિદ્ધેશ્વર મહાદેવ, ગામથી પૂર્વે સરસ્વતી નદી, તેના કાંઠે શંકર, પીપળો, ગણપતી પ્રસાદીના છે. પશ્ચિમ તરફ વંડામાં છત્રી તથા બિન્દુ સરોવર, અલ્પા સરોવર, જ્ઞાનવાવ, કપિલદેવ ભગવાન, કર્દમ ઋષિ તથા દેવહુતિનાં મંદિરો વિગેરે પ્રસાદીનાં સ્થળો છે.

**૨૨૦ દેથડી** :- વડેશ્વર મહાદેવ, કુંડ, પાંચ પાંડવોની ગુફા જેવું સ્થાન છે.

**૨૨૧ પાટણ** :- પૂર્વદ્વારે હરિમંદિર, મંદિરમાં મૂર્તિ છે તેને આંગણી પહેરાવેલ છે. અને માથે પાઘ, ઢોલિયો, કમાડની જોડ, ગાદી, તકીયો, ખેસ વિગેરે પ્રસાદીનાં છે, પીપળાનું વૃક્ષ પ્રસાદીનું છે.

**૨૨૨ ઉંઝા** :- દક્ષિણદ્વારે હરિમંદિર. ગામથી ઈશાન ખૂણે તળાવ તથા કાંઠા ઉપર વંડામાં છત્રી, ગળનારાં, ત્યાં મહારાજે ૧૮ (અઢાર) પરમહંસો કરેલા હતા, પૂર્વ દિશામાં વડ હતો ત્યાં શ્રીહરિ હિંડોળે ઝુલ્યા હતા.

**૨૨૩ મહેસાણા** :- હરિમંદિર દક્ષિણદ્વારે. (શિખર મંદિર ચાલુ) કળસીબાઈની ખીચડી જમ્યા તે સ્થળ.

**૨૨૪ પ્રાંતિજ** :- શિખર મંદિર પૂર્વદ્વારે. દક્ષિણે શ્રી ઘનશ્યામ મહારાજ, મધ્યમાં શ્રીહરિકૃષ્ણ, ધર્મદેવ ભક્તિમાતા, ઉત્તરે શ્રીકૃષ્ણ, રાધિકાજી છે. બાઈઓના મંદિરમાં છત્રી. બોખ તળાવ પ્રસાદીનું છે. તેમાં શ્રીજીમહારાજે ઘણીવાર સ્નાન કરેલું છે. તેના તટે મહાદેવનું મંદિર. ગામમાં ઘણાં ઘરો પ્રસાદીનાં છે.

**૨૨૫ ઇડર** :- શિખર મંદિર ઉતરદ્વારે. પર્વતની તળેટીમાં છે. મધ્યમાં હરિકૃષ્ણ મહારાજ તથા ગોપીનાથજી, રાધિકાજી છે. જમણી બાજુ સૂર્યનારાયણ દેવ, ડાબી બાજુ સુખશય્યા છે.

**૨૨૬ સાપાવાડા** :- શિખરબંધ મંદિર પૂર્વદ્વારે છે. ઘનશ્યામ મહારાજ છે.

**૨૨૭ ટોરડા** :- સદ્‌ગુરૂ ગોપાલાનંદ સ્વામી જ્યાં વિદ્યાર્થીઓને ભણાવતા હતા ત્યાં શિખરબંધ મંદિર ઉત્તરદ્વારે, શ્રીહરિકૃષ્ણ મહારાજ રાધાકૃષ્ણદેવ છે. ગામની ભાગોળે નદી છે. ત્યાં મહાદેવ પ્રસાદીના છે. આ ગામ ગોપાળાનંદ સ્વામીની જન્મભૂમિ છે.

**૨૨૮ શામળાજી** :- શામળાજી ભગવાનની શ્યામ મૂર્તિ ચર્તુભુજ રૂપે ઉત્તરાદિ મુખે છે. મંદિરનું કોતરકામ ઘણું સુંદર છે. ખુશાલભટ્ટ (ગોપાળાનંદ સ્વામી) ટોડલાથી અહીં દર્શન કરવા આવતા. ક્યારેક શ્યામળાજી ભગવાન ખુશાલભટ્ટના પ્રેમને વશ થઈને તેમને ટોડલામાં દર્શન આપતા અને ત્યાં થાળ આરોગતા. એવી ચમત્કારી મૂર્તિ શ્યામળાજી ભગવાનની છે.

**૨૨૯ નાંદોલ** :- હરિમંદિર પૂર્વદ્વારે, ગામ બહાર ઋણમુક્તેશ્વર મહાદેવ છે.

**૨૩૦ શલકી** :- હરિમંદિર. ગામમાં પ્રસાદીનો ઓટો છે.

**૨૩૧ દહેગામ** :- હરિમંદિર ઉત્તરદ્વારે છે.

**૨૩૨ કપડવંજ** :- દક્ષિણદ્વારે હરિમંદિર. ભૂધરભાઈની હવેલી તે સ્થળ પ્રસાદીનું છે.

**૨૩૩ આંતરસુબા** :- દક્ષિણદ્વારે હરિમંદિર. ગામની ભાગોળે કુવો પ્રસાદીનો છે. રણછોડજીની મૂર્તિ પ્રસાદીની છે.

**૨૩૪ ઉત્કંટેશ્વર મહાદેવ** :- શ્રીજીમહારાજે લીંગ પર ચરણ મુકેલ તે મંદિર પૂર્વ દ્વારે છે. ત્યાં વાત્રક નદી વહે છે તે પ્રસાદીની છે.

**૨૩૫ લસુંદ્રા** :- પૂર્વદ્વારે હરિમંદિર. ઠંડા તથા ગરમ પાણીના નાના મોટા અઢાર કુંડો છે.

**૨૩૬ આંતરોળી** :- પૂર્વ સન્મુખ હરિમંદિર. મહાદેવનું મંદિર ત્યાં હનુમાનજી પ્રસાદીના છે, ભાઈશંકર વિપ્રનું ઘર.

**૨૩૭ શીંગાળી** :- દક્ષિણદ્વારે હરિમંદિર, રાયણ, હનુમાનજી, ઓટો, ગોપીતળાવ પ્રસાદીના છે.

**૨૩૮ તોરણા** :- દક્ષિણદ્વારે રણછોડજીનું મંદિર ત્યાં રણછોડ ભક્તની ગાદી, મેડાપર જે ગાદી તે ઉપર મહારાજ બેઠા હતા. પછી એક રૂપીયો ભેટ મુકેલો હતો. મહાદેવ.

**૨૩૯ કઠલાલ** :- પશ્ચિમદ્વારે હરિમંદિર. ગામ બહાર શ્રીજીનો અંગુઠો બોળી પ્રસાદીનું જળ નાખેલ તે લક્ષ્મીકુવો તથા ઓટો મહારાજ સભા કરી બેઠા હતા તે સ્થળ.

**૨૪૦ વડથલ** :- પશ્ચિમદ્વારે હરિમંદિર. ત્યાં ઓટો છે.

**૨૪૧ ડડુસર** :- પૂર્વદ્વારે હરિમંદિર. ગલુજીનાં ઘર, ઓટો તે પર ચરણારવિંદ છે.

**૨૪૨ મઉધા** :- દક્ષિણદ્વારે હરિમંદિર. ત્યાં ઓટો તે પર ચરણારવિંદ છે, તથા તળાવ પ્રસાદીનું છે.

**૨૪૩ મહેમદાવાદ** :- દક્ષિણદ્વારે હરિમંદિર. ગામની પૂર્વે છત્રી તથા વાયુકોણે છત્રી તથા નદી, તથા મહાદેવનું મંદિર.

## ચડોતરની પંચતીર્થી

**૨૪૪ ડાકોર** :- પૂર્વદ્વારે હરિમંદિર. તેમાં ઘનશ્યામમહારાજ (શ્વેત આરસના) છે. પશ્ચિમદ્વારે રણછોડજીનું મંદિર. રણછોડજીની (શ્યામ) મૂર્તિ, ગોમતીજી, બોડાણાનું મંદિર.

**૨૪૫ ઉમરેઠ** :- હરિમંદિર. સ.ગુ. શુક સ્વામીએ બનાવેલ છે. દક્ષિણદ્વારે હનુમાનજી પ્રસાદીના છે. ગોપાલાનંદ સ્વામી તથા નિત્યાનંદ સ્વામી રહેતા તે ઓરડી, જાગનાથ મહાદેવનું મંદિર તથા શ્રીહરિએ જડબ્રાહ્મણ પાસે વેદ બોલાવ્યા હતા, પ્રસાદીનો વાટકો તેમાં મહારાજના અંગુઠાની નિશાની છે. તેમાં શીરો જમ્યા હતા. નળીઆદ જતાં માર્ગમાં શ્રીહરિ બિરાજ્યા હતા તે સ્થળે ઓટો કરેલ છે, લાલજી પ્રસાદીના છે, નંદુભાઇનાં ઘર પ્રસાદીનાં છે.

**૨૪૬ નળીઆદ** :- પૂર્વદ્વારે હરિમંદિર. ગામમાં નારાયણદેવનું મંદિર, ઉત્તરદ્વારે પંચોતેરો વડ પ્રસાદીનો છે.

**૨૪૭ પીજ** :- પૂર્વદ્વારે શિખરમંદિર. મધ્યમંદિરે હરિકૃષ્ણ, શ્રીકૃષ્ણ, રાધિકાજી (ધાતુના) છે. દક્ષિણ મંદિરે ચિત્રપ્રતિમા ઘનશ્યામ મહારાજની, ઉત્તર મંદિરે સુખશય્યા. તળાવ પ્રસાદીનું છે તથા મહાદેવ પ્રસાદીના છે. તથા બીજું તલાવ.

**૨૪૮ ડભાણ** :- પૂર્વદ્વારે શિખર મંદિર, મધ્ય મંદિરે રણછોડજી, (શ્યામ) નારાયણ, લક્ષ્મીજી (શ્વેત) દક્ષિણ મંદિરે હરિકૃષ્ણ, શ્રીકૃષ્ણ, રાધિકાજી, (ધાતુનાં) ઉત્તર મંદિરે સુખશય્યા તેની ઉત્તર ધર્મદેવ ભક્તિમાતા પાર્વતી સહિત શંકર. ગામની પૂર્વે તળાવ, છત્રી, ગામની પશ્ચિમે મહારાજનો મંચ કર્યો હતો ત્યાં છત્રી, વડ પ્રસાદીનો તથા યજ્ઞશાળા, ઉત્તરે કુવો તથા બીજો વડ પ્રસાદીનો છે. તેના પર મહારાજ હીંડોળે ઝુલ્યા હતા.

**૨૪૯ વસો** :- દક્ષિણદ્વારે હરિમંદિર, અવલબાઇને સમાધિમાં મહારાજે આપેલો રૂમાલ, વિપ્ર વાલાધ્રુવનું ઘર. મહારાજે માણકી બાંધી હતી તે થાંભલી તથા બેઠા હતા તે ગોખ તથા માઢ, તથા ગામની નૈઋત્યે ખુણે વાડીમાં છત્રી, તથા તેથી નૈઋત્યમાં તળાવ પ્રસાદીનું છે. તે તળાવના આરા બાંધેલા છે, વાડીમાં બાંધેલા ધોરીયા પરથી જવાય છે.

**૨૫૦ આણંદ** :- દક્ષિણદ્વારે હરિમંદિર છે. ગામની ઉત્તરે હનુમાનજી તથા કુવો તથા તળાવ પ્રસાદીનું છે.

**૨૫૧ બોરીઆવી** :- હરિમંદિરમાં ઠાકોરજી ઉત્તર સન્મુખ છે. ધર્મશાળામાં વેદી છે, ત્યાં મહારાજ બેઠા હતા. શેરડી જમેલા.

**૨૫૨ નરસંડા** :- હરિમંદિર દક્ષિણદ્વારે. ગામની પૂર્વે તળાવ તથા છત્રી છે.

**૨૫૩ વડતાલ** :- શિખરમંદિર પૂર્વ સન્મુખ ઠાકોરજી. શ્રીજીએ સ્વહસ્તે ૧૮૮૧ સાલમાં પધરાવેલ. દક્ષિણ મંદિરે હરિકૃષ્ણ મહારાજ, વૃંદાવનવિહારી, રાધિકાજી, (મધ્ય મંદિરે) રણછોડજી, નારાયણ, લક્ષ્મીજી, (ઉત્તર મંદિરે) વાસુદેવ, ધર્મ અને ભક્તિ, સુખશય્યા, અવતારોની મૂર્તિઓ, દક્ષિણે અક્ષરભુવનની નીચે ઉત્તર સન્મુખ ઉભા ઘનશ્યામ મહારાજ, ઉપર બેઠેલા ઘનશ્યામ મહારાજ પૂર્વમુખે, હરિમંડપમાં ઉત્તર મુખે ઘનશ્યામ મહારાજ, મંદિરની સન્મુખ લીંબવૃક્ષની જગ્યાએ છત્રી કરી ચરણારવિંદ પધરાવ્યાં છે. પાસે વિજય સ્થંભ. મંદિરની પાછળ પ્રદક્ષિણામાં છત્રી તથા નીચે ચોકમાં ઓટો, અહીં બે આચાર્યો સ્થાપન કર્યા હતા. ચોકમાં કુવો પ્રસાદીનો છે. રામપ્રતાપભાઇનો બંગલો જ્યાં શ્રીજીમહારાજે સ્વહસ્તે શિક્ષાપત્રી લખી છે. હનુમાનજી, ગણપતિ, શ્રીજીમહારાજે પધરાવ્યા છે. ગોમતી, પશ્ચિમ કિનારે છત્રી ત્યાં કદમનું વૃક્ષ હતું. પૂર્વ કિનારે બે છત્રીઓ, એક મોટી તથા એક નાની, વાડીની અંદર ઓટો, ઉગમણો ઓટો, જ્ઞાનબાગ, આંબલાની જગ્યાએ ઓટો, તથા મૂર્તિ છે. મોટી છત્રી, બે રંગ રમવાના હોજ, બે આંબા વચ્ચે બારબારણાનો હીંડોળો બાંધ્યો હતો. ત્યાં છત્રી, કુવો, ટાડણ તળાવ, દક્ષિણે ધના તળાવ, ધર્મશાળા તથા વડેચી માતાનું સ્થાન તથા વાસણ સુતારનું ઘર (હાલ બાઇઓનું મંદિર છે ત્યાં) જોબનપગીની મેડી, તળાવ કિનારે હનુમાનજીની દેરી, નારાયણગીરીનો મઠ, વિગેરે અનેક સ્થળો પ્રસાદીનાં છે.

**૨૫૪ બામરોલી** :- હરિમંદિર પૂર્વદ્વારે. ગંગાજળીયો કુવો, મંદિરમાં માટીની કોઠી પ્રસાદીની છે. રાયણનું વૃક્ષ શ્રીજીમહારાજ હીંડોળો બાંધીને ઝુલ્યા હતા. તે સ્થળે ઓટો છે.

**૨૫૫ મહેલાવ્ય** :- દક્ષિણદ્વારે હરિમંદિર. ગામની પશ્ચિમે છત્રી તથા તળાવ, વડતાલના હરિભક્તો અહીં સુધી વળાવવા આવતા. તથા સન્મુખ આવતા. પીપળો તથા કુવો પ્રસાદીનો છે.

**૨૫૬-૨૫૭ ઇસણાવ - પીપલાવ્ય** :- પૂર્વદ્વારે મંદિર છે, ઉત્તર દ્વારે માતાજીનું મંદિર મોટું છે તે પ્રસાદીનું છે. મહારાજ ત્યાં ગયેલા છે. ૨૦ બ્રાહ્મણોને ત્યાગી થવાનું કહ્યું અને તમારા જેવા જ બ્રાહ્મણોને આ વૃક્ષ ઉપરથી ઉતારીએ આમ કહેલું હતું ત્યાં છત્રી છે. વડ, વંડો તથા તળાવ પ્રસાદીનું છે.

**૨૫૮ સોજીત્રા** :- હરિમંદિર. પાટીદારનું ઘર, કુવો, તળાવ પ્રસાદીનું છે.

**૨૫૯ સીંજીવાડા** :- હરિમંદિર દક્ષિણદ્વારે. ગામની ભાગોળે તળાવ. કિનારે કુવો પ્રસાદીનો છે. ગામની પૂર્વે છત્રી ત્યાં મહારાજે સભા કરી હતી. બાપુભાઇનું ઘર, ખીજડો, થાંભલાને ઓઠીંગણ દઇ પાટલા પર બેસી જમ્યા હતા તે થાંભલી તથા ગોદડું પ્રસાદીનાં છે. જગરૂપ બારોટને ઘેર ખેસ તથા ગોદડું પ્રસાદીનું છે. તથા તેના ભાઇના ઘેર ગરમ શાલ, પ્રસાદીની માળા, આદિ ઘણી પ્રસાદીની વસ્તુઓ છે. શ્રીજીમહારાજે કમાડની સાંકળ ઝાલીને ખખડાવેલ અને પછી જમવાનું માગેલ ને ત્યાં જ જમ્યા હતા તે મકાન પ્રસાદીનું છે.

**૨૬૦ પરિયજ** :- હરિમંદિર. મહારાજ શીરાનો થાળ જમ્યા હતા તે સ્થળ તથા તળાવ બે પ્રસાદીનાં છે.

**૨૬૧ બુધેજ** :- શિખર મંદિર પૂર્વ દ્વારે ઘનશ્યામ મહારાજ છે. ત્યાં છત્રી, ખોડાભાઇનું ઘર, કડું, ઓસરી, ગામની પશ્ચિમે ખોડાભાઇનું ખેતર ત્યાં વેદી છે. ગામની દક્ષિણે હરિસરોવર ત્યાં પણ વેદી છે. ગામની ભાગોળે તથા કિનારે એક કુવો પ્રસાદીનો છે.

**૨૬૨ ખંભાત** :- શિખર મંદિર ઠાકોર પૂર્વસન્મુખ. દક્ષિણ મંદિરે હરિકૃષ્ણ મહારાજ, ધર્મદેવ, ભક્તિમાતા ધાતુની મૂર્તિ છે. સુખશય્યા છે. મધ્ય મંદિરમાં હરિકૃષ્ણ મહારાજ, શ્રીકૃષ્ણ-રાધાજી. ઉત્તર મંદિરમાં ઘનશ્યામ મહારાજ કાષ્ટના છે. ગામની ઉત્તરબાજુ છત્રી, દક્ષિણબાજુ ગણપતિ પ્રસાદીના છે. તેની પૂર્વે રામમંદિર કોરા કડાકા વાળું પ્રસાદીનું છે. શ્રીજીમહારાજ ત્યાં ત્રણ દિવસ રહ્યા હતા.

**૨૬૩ મેતપુર** :- દક્ષિણદ્વારે હરિમંદિર છે. આખુગામ પટેલ સત્સંગીનું છે.

**૨૬૪ નગરા** :- બ્રહ્માની મૂર્તિ પ્રસાદીની છે.

**૨૬૫ વડગામ** :- દક્ષિણદ્વારે હરિમંદિર. ગામની ભાગોળે કાનજીકુવો તથા છત્રી. ત્યાં મહારાજે બાઇઓને નવરસરૂપે દર્શન આપ્યાં હતાં. શીકોતેરનો આરો, તળાવ, મહાદેવ, સમુદ્રમાં ડુંગર તીર્થ છે.

**૨૬૬ ગોરાડા** :- દક્ષિણદ્વારે હરિમંદિર. ગામની દક્ષિણે તળાવ તથા કુવો પ્રસાદીનો છે અને તે કુવો ચમત્કારી છે. રજસ્વલા સ્ત્રી જો પાણી ભરે તો તે કુવાનું પાણી ખરાબ થઇ જાય છે. માટે રજસ્વલા સ્ત્રી ત્યાંથી પાણી ન ભરે તેવો પ્રબંધ કરેલ છે.

**૨૬૭ ગુડેલ** :- દક્ષિણદ્વારે હરિમંદિર છે. ત્યાં ચરણારવિંદ સહિત ઓટો છે. તળાવ તથા કુવો તથા છત્રી છે.

**૨૬૮ વીરસદ** :- શિખર મંદિર ઠાકોરજી પૂર્વ સન્મુખ, દક્ષિણ મંદિરે હરિકૃષ્ણમહારાજ, ધર્મદેવ, ભક્તિમાતા ધાતુનાં છે. મધ્ય મંદિરે હરિકૃષ્ણ, નારાયણ, લક્ષ્મીજી શ્વેત આરસનાં છે. ઉત્તર મંદિરે સુખશય્યા, શ્વેત આરસના ઘનશ્યામ મહારાજ તથા મહારાજની લીલાનો આરસમાં ઉપાડમાં દેખાવ કરેલ છે. શ્રીજીની મૂર્તિ, ગણપતિ અને પાર્વતીની મૂર્તિઓ સુંદર છે અને શ્વેત આરસની છે.

**૨૬૯ ધર્મજ** :- હરિમંદિર ઉત્તરદ્વારે.

**૨૭૦ બોચાસણ** :- કાનદાસ પટેલની વાડી, કુવો ગામની ઉત્તર દિશાએ છે. ગામની ભાગોળે છત્રી તથા કાનદાસ પટેલને ત્યાં દુધભાત જમ્યા હતા તે સ્થળે ઓટો છે.

**૨૭૧ બોરસદ** :- હરિમંદિર છે.

**૨૭૨ બામણ ગામ** :- હરિમંદિર. ગામથી દક્ષિણે કુવો તથા ઓટો છે. ત્યાંથી આગળ મહી નદી પ્રસાદીની છે.

## કાનમની પંચતીર્થી

**૨૭૩ સાકરદા** :- હરિમંદિર છે. શ્રીજીમહારાજ વડતાલથી જતા ત્યારે વિશ્રાંતિ લીધી હતી તે સ્થળે ઓટો છે તથા બીજો ઓટો છે.

**૨૭૪ છાણી** :- હરિમંદિર. હરિજનોનું છે. મહારાજે વિશ્રાંતિ લીધી હતી તે સ્થળે છત્રી છે.

**૨૭૫ વડોદરા** :- શિખર મંદિર ઠાકોરજી પૂર્વ સન્મુખ છે. દક્ષિણ મંદિરમાં રણછોડરાયજી શ્યામ, શ્રીકૃષ્ણ શ્યામ અને રાધિકાજી શ્વેત, મધ્યમંદિરમાં હરિકૃષ્ણ, નારાયણ (ધાતુના) લક્ષ્મીજી, ઉત્તર મંદિરમાં સુખશય્યા, આરસના ઘનશ્યામ મહારાજ. મંદિરના ચોકમાં ગણપતિ તથા શંકર પ્રસાદીના છે. નાથભક્તનું ઘર હતું ત્યાં છત્રી છે. ગામમાં અગ્નિકોણે ધુણીરાજ નામના ગણપતિ પ્રસાદીના છે. વિઠુબાનું મંદિર જ્યાં સભા થઇ હતી, સરસીયું તળાવ, સયાજીરાવનો દરબાર, ગામની પૂર્વે તળાવ જેનું પાણી ગોપાળાનંદ સ્વામીની લાકડીથી સોસાઇ ગયું હતું.

**૨૭૬ ચાંદોદ** :- શિખર મંદિર પશ્ચિમદ્વારે હરિકૃષ્ણ મહારાજ, લક્ષ્મીનારાયણ દેવ, નર્મદા નદીનો આરો છે.

**૨૭૭ કરાળી** :- પૂર્વદ્વારે શિખરમંદિર, મધ્ય મંદિરમાં લાલજી પ્રસાદીના છે. દક્ષિણ મંદિરમાં શ્રીઘનશ્યામ મહારાજ છે. ગોપાળાનંદ સ્વામી રહેતા તે માળ તથા ધર્મશાળા પ્રસાદીની છે.

**૨૭૮ પાદરા** :- હરિમંદિર, કાનુજીનો દરબાર હતો ત્યાં હાલે મીલ છે તે સ્થળ પ્રસાદીનું છે.

**૨૭૯ રણું** :- દક્ષિણ દ્વારે હરિમંદિર. ગામની દક્ષિણે તુલજા માતા છે. ત્યાં મહારાજે પ્રભાતગરને આપેલી ગોદડી પ્રસાદીની છે.

**૨૮૦ આમોદ** :- દક્ષિણદ્વારે હરિમંદિર. શ્રીજીમહારાજે દીનાનાથ ભટ્ટને જે વસ્ત્રો આપ્યાં હતાં તે પ્રસાદીનાં વસ્ત્રો તથા બીજાં પણ પ્રસાદીનાં વસ્ત્રો છે. તથા જમણી સુંઢવાળા ગણપતિ છે.

**૨૮૧ બુવા** :- પશ્ચિમસન્મુખ હરિમંદિર, ત્યાં બાંકડો પ્રસાદીનો છે. નાનદાસ પટેલનું ઘર ત્યાં મોજડી તથા ઝાલરથાળી તથા ત્યાં ગોખ પ્રસાદીનો છે તથા ખારો કૂવો અને દુલેશ્વર મહાદેવ પ્રસાદીના છે. પીપળાનું સ્થળ, ચોતરો પ્રસાદીનો છે.

**૨૮૨ કેલોદ** :- દક્ષિણદ્વારે હરિમંદિર. ગામની પશ્ચિમે વાડી. ત્યાં રાયણ તથા કૂવો પ્રસાદીનો છે. મહારાજ વલીભાઈને તેડવા આવ્યા ત્યારે જ્યાં ઉતર્યા હતા તે સ્થળ.

**૨૮૩ ભરૂચ** :- શિખર મંદિર, ઉત્તમસન્મુખ ઠાકોરજી છે. પૂર્વમંદિરે હરિકૃષ્ણ, ધર્મદેવ ભક્તિમાતા (ધાતુનાં) મધ્ય મંદિરે હરિકૃષ્ણ, બલદેવ, રેવતીજી. પશ્ચિમે સુખશય્યા, નર્મદા નદી, ભૃગુઋષિનો આશ્રમ.

**૨૮૪ સુરત** :- શિખર મંદિર પૂર્વદ્વારે. મધ્યમંદિરમાં હરિકૃષ્ણ (નારાયણ મુનિદેવ) શ્રીકૃષ્ણ, રાધિકાજી, દક્ષિણ બાજુના મંદિરે ધર્મદેવ, ભક્તિમાતા ધાતુના. તેની દક્ષિણ બાજુ બહાર ઘનશ્યામ મહારાજ છે, ઉત્તર બાજુમાં સુખસય્યા છે. ગામમાં અરદેશર પારસીનું ઘર, ત્યાં પાઘ પ્રસાદીની છે. રૂસ્તમબાગ ત્યાં અરદેશરને પાઘ આપી તે સ્થળે છત્રી, પીલુસાહેબને ઘોડી કુંડે નાખીને દર્શન દીધાં ત્યાં છત્રી, તાપી નદી, રામમંદિર, તેની સમિપે ત્રણ પાંદડાંવાળો વડ, મહાદેવ, અશ્વિનીકુમારનો આરો.

**૨૮૫ ઉધના** :- હરિમંદિર, હનુમાનજી, બળીઆ મહાદેવ પ્રસાદીના છે.

**૨૮૬ ધર્મપુર** :- રાજમહેલ કુશળ કુંવરબાઈનો, રામમંદિર હનુમાનજીનું મંદિર, પ્રસાદીનું છે.

**૨૮૭ વલસાડ** :- હરિમંદિર છે. ત્યાં કચ્છના હરિ ભક્તો રહે છે.

**૨૮૮ નારગોલ** :- શિખર મંદિર પશ્ચિમદ્વારે. મધ્ય મંદિરે શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રીરાધાકૃષ્ણદેવ તથા શ્રીઘનશ્યામ મહારાજ છે.

## મહારાષ્ટ્રની યાત્રા

**૨૮૯ મુંબઇ** :- શિખર મંદિર ઉત્તરદ્વારે, પૂર્વ મંદિરે હરિકૃષ્ણ મહારાજ (ધાતુના) ગોલોકવિહારી (શ્યામ) અને રાધિકાજી (શ્વેત) છે. મધ્ય મંદિરમાં શ્રીઘનશ્યામ મહારાજ, નારાયણ, લક્ષ્મીજી શ્વેત આરસના છે. પશ્ચિમ મંદિરે સુખશય્યા છે.

**૨૯૦ ઘાટકોપર** :- હરિમંદિર પૂર્વદ્વારે.

**૨૯૧ કલ્યાણ** :- દક્ષિણ દ્વારે શિખરમંદિર, હરિકૃષ્ણ મહારાજ, નારાયણ,લક્ષ્મીજી.

**૨૯૨ નાસિક** :- તપોવનમાં ઉત્તરદ્વારે શિખર મંદિર છે. મધ્યમાં હરિકૃષ્ણ-નારાયણ-લક્ષ્મીજી છે. જમણી બાજુ રણછોડજી-ત્રીકમજી, ડાબી બાજુ રાધાકૃષ્ણ દેવ છે. પંચવટી, તપોવન, ગોદાવરી નદી, સીતાની ગુફા, ત્રીવેણી, દંડકારણ્યવન, સીતાહરણનું સ્થળ, રામલક્ષ્મણનું મંદિર, લક્ષ્મણે સૂપર્ણખાનાં નાકકાનનું છેદન કર્યું હતું તે સ્થળ, ત્યાં ગોદાવરી નદી છે.

**૨૯૩ ત્રંબકેશ્વર** :- પૂર્વદ્વારે ત્રંબકેશ્વર મહાદેવ, જયોતિર્લિંગ, બ્રહ્મકુંડ, કાવેરી મુખ, ૧૦૮ મહાદેવનાં લિંગ, અહલ્યા પર્વત પર ગંગાનો કુંડ.

**૨૯૪ માલેગામ** :- શિખર મંદિર પૂર્વદ્વારે, હરિકૃષ્ણ મહારાજ લક્ષ્મીનારાયણદેવ છે. નદી કિનારે શંકરનું મંદિર છે. નદી પ્રસાદીની છે.

**૨૯૫ ધુળીઆ** :- દક્ષિણદ્વારે હરિમંદિર છે, નદી પ્રસાદીની છે.

**૨૯૬ સાવદા** :- શિખર મંદિર પૂર્વદ્વારે છે. હરિકૃષ્ણ, શ્રીકૃષ્ણ, રાધિકાજી ધાતુની મૂર્તિ છે. એક વેદી છે.

**૨૯૭ બુરાનપુર** :- શિખર મંદિર પૂર્વદ્વારે. ઉત્તર મંદિરમાં બેઠેલા ઘનશ્યામ મહારાજ છે. મધ્ય મંદિરમાં હરિકૃષ્ણ મહારાજ, નારાયણ, લક્ષ્મીજી, દક્ષિણ મંદિરમાં સુખશય્યા, તાપી નદી છે ત્યાં હાથી પથ્થરનો પ્રસાદીનો છે.

**૨૯૮ ઓમકારેશ્વર** :- ૐ કારેશ્વર મહાદેવ (જ્યોતિર્લિંગ) છે. પાસે નર્મદા નદી છે. બીજાં મંદિરો પણ છે.

**૨૯૯ ધરગામ** :- લક્ષ્મીનારાયણનું મંદિર (રાધાકૃષ્ણ મંદિર તરીકે ઓળખાય છે.) મહારાજે વડતાલમાં નરનારાયણદેવ પધરાવેલા હતા. તેમાં નર ભગવાન આ

મંદિરમાં નારાયણ નામથી છે. તે પ્રસાદીના છે.

**૩૦૦ (માહેશ્વર) માહિષ્મતી નગરી :-** નર્મદા નદી છે. કિનારા પર નાનાં મોટાં મંદિરો છે, પુરાતન તીર્થ છે.

**૩૦૧ ઇન્દોર :-** દક્ષિણદ્વારે સ્વામિનારાયણનું મંદિર છે. ગણપતિ બહુ જ મોટા છે.

**૩૦૨ ઉજ્જૈન :-** હરિમંદિર પશ્ચિમદ્વારે. મહાકાલેશ્વર મહાદેવ (જ્યોતિર્લિંગ) મોટો કુંડ, રામઘાટ, ગણપતિની બહુ જ મોટી મૂર્તિ છે. પંચમુખી હનુમાનજી, ગોપાલ મંદિર, રામમંદિર, શાંદીપની આશ્રમ, મંગલેશ્વર, ગોમતીઘાટ, સિદ્ધવડ, ક્ષીપ્રાનદી.

ઉજ્જૈનથી કટનીથી શહડોલથી અમરકંટક નર્મદા નદીનું મૂળ. મોટો કુંડ છે. તથા આજુબાજુ નાનાં મોટાં મંદિરો છે.

**૩૦૩ સોનમુડા :-** સોન નદીનું મૂળ છે નાનો કુંડ છે તથા કપીલ ધારા છે બહુ ઉંચેથી પાણી પડે છે.

**૩૦૪ નાગપુરથી ઔઢા :-** નાગેશ્વર મહાદેવ (જ્યોતિર્લિંગ છે.) સંત નામદેવનું મંદિર પણ છે.

**૩૦૫ પરલી :-** વૈજનાથ મહાદેવ (જ્યોતિર્લિંગ છે.)

**૩૦૬ ઘૃષ્ણેશ્વર :-** મહાદેવ જ્યોતિર્લિંગ છે. અહીંથી અજન્ટા ઈલોરાની ગુફાએ જવાય છે.

**૩૦૭ પંઢરપુર :-** વિઠ્ઠલનાથજી ભગવાનનું મંદિર શિખરબંધ પૂર્વ દ્વારે છે. વિઠ્ઠલનાથજી ભગવાન બે હસ્ત કેડ પર રાખીને ઉભા છે. ચંદ્રભાગા નદી, દ્વારકાનાથનું મંદિર તથા ઉત્તર દ્વારે શ્રીસ્વામિનારાયણ મંદિર, મહારાજ બે માસ રહ્યા હતા તે સ્થાન તથા શ્રીધર સ્વામીની સમાધી ત્યાં પીપળો પ્રસાદીનો છે.

## મૈસુરની યાત્રા

**૩૦૮ બાગલકોટ :-** પંઢરપુરથી પંપાસરોવર જતાં માર્ગમાં આવેલ શહેર, ત્યાં કચ્છના હરિભક્તો રહે છે.

**૩૦૯ પંપાસરોવર :-** કુંડ મહાદેવ, લક્ષ્મીમંદિર, શબરીની ગુફા, રામચંદ્રની બેઠક, થોડે દૂર અંજની પર્વત.

**૩૧૦ કિષ્કીન્ધાનગરી :-** (હોસ્પેટ) સુગ્રીવ ટીલું, માતંગમુનિનો આશ્રમ, મોટો પર્વત તેમાં ગુફા છે.

**૩૧૧ ફટકશિલા :-** ગુફા, મહાદેવ, સુગ્રીવ મંદિર, ગણપતિ, રામ લક્ષ્મણ સીતામાતાનું મંદિર, સપ્તઋષિઓ તથા હનુમાનજી, માર્ગે ચાલતાં તુંગભદ્રા ડેમ આવે છે.

**૩૧૨ ગંગાવતી :-** રસ્તાનું શહેર છે.

**૩૧૩ રાયચુર :-** માર્ગમાં આવતું શહેર. ત્યાં હરિભક્તો રહે છે.

**૩૧૪ હરિહર :-** માર્ગમાં આવતું ગામ. તુંગભદ્રાનદી.

**૩૧૫ બેલુર :-** શિખર મંદિર પૂર્વદ્વારે ચંદ્રકેશ્વર, કપેચંદકેશવ, લક્ષ્મીદેવી, ભુદેવી, (ઘાટકામ નકસી દાર છે.) અહીં સિનુગ્રા કચ્છના હરિભક્તો રહે છે.

**૩૧૬ હડેબીલ :-** પૂર્વદ્વારે હોયલેશ્વર મહાદેવ, શાન્તેશ્વર મહાદેવ છે. શિખરમાં ઘાટકામથી રામ લીલા તથા કૃષ્ણ લીલા છે.

**૩૧૭ બેંગલોર :-** પૂર્વદ્વારે હરિ મંદિર, મોટું મંદિર રાધાકૃષ્ણ દેવનું છે. બીજાં પણ મંદિરો છે.

**૩૧૮ મૈસુર :-** કૃષ્ણાગીરી ડેમ, કૃષ્ણાનદી તીર્થ, વૃંદાવન ગાર્ડન, જોવાલાયક બગીચો.

## કેરલની યાત્રા

**૩૧૯ મૈસુરથી ઉંટી :-** અહીં રમણીય લીલો પર્વત છે. બાગ બગીચા બહુ જોવા લાયક છે.

**૩૨૦ કોઇમ્તુરથી ગુરૂવાયુર :-** સાક્ષીગોપાલનું મંદિર પૂર્વ દ્વારે છે. અહીં ભગવાનની સાક્ષીમાં લગ્ન કરવાનો રીવાજ છે.

**૩૨૧ પોલાચી :-** રસ્તામાં આવતું શહેર છે ત્યાં હરિભક્તો રહે છે.

**૩૨૨ કોચીન :-** રસ્તામાં આવતું શહેર છે ત્યાં હરિભક્તો રહે છે.

**૩૨૩ થેવરા :-** રસ્તામાં આવતું શહેર છે ત્યાં હરિભક્તો રહે છે.

**૩૨૪ અલ્પાઇ :-** રસ્તામાં આવતું શહેર છે ત્યાં હરિભક્તો રહે છે.

**૩૨૫ જનાર્દન (વર્કલા) :-** જનાર્દન ભગવાનનું મંદિર છે ભગવાન ચતુર્ભુજ પૂર્વ સન્મુખ બિરાજે છે. મંદિરની ઉત્તરે ચક્રકુંડ છે. જેને ગોમતી પણ કહે છે. પશ્ચિમે સમુદ્ર છે. તેના તટમાંથી પંચધાર ગંગા નીકળે છે. સમુદ્ર પાસે પર્વત છે. તે બ્રહ્મીતીર્થ કહેવાય છે. અહીંથી ત્રિવેન્દ્રમ ૨૦ માઇલ દૂર છે.

**૩૨૬ ત્રિવેન્દ્રમ :-** (પદ્મનાભ) (શેષશાયી) પદ્મનાભ ભગવાન પૂર્વ સન્મુખ બિરાજે છે, ત્રણ દરવાજેથી મુખ, ઉદર, ચરણનાં દર્શન થાય છે. ગોપાલ સાક્ષીનું મંદિર છે. નૃસિંહ ભગવાનનું મંદિર છે. પદ્મનાભ ભગવાનની મૂર્તિ ૧૪ ફુટ લાંબી છે. અહીંથી આદિકેશવ ૨૫ માઈલ છે.

# તામિલનાડુની યાત્રા

**૩૨૭ આદિ કેશવ (ત્રવીટ્ટાર)** :- શેષશાયી ભગવાનનાં પદ્મનાભની પેઠે ત્રણ દરવાજેથી દર્શન થાય છે. ઠાકોરજી પશ્ચિમ મુખે બિરાજે છે, ૧૨ ફુટ લાંબી શ્યામ મૂર્તિ છે.

**૩૨૮ સુચિન્દ્રમ્** :- સુંદરેશ્વર નામના શંકરનું મંદિર પૂર્વ દ્વારે છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ ત્રણ બાળક થયા હતા, અનસુયા સતીએ કર્યા હતા. તેની ત્રણ મૂર્તિ છે. મંદિરમાં થાંભલા વાજીંત્રની પેઠે વાગે છે, જ્ઞાનારણ્ય તીર્થ છે. પશ્ચિમ સન્મુખ ઉભેલા હનુમાનજી બહુ મોટા છે. ભાલમાં ચાંદલો કરવો હોય કે હાર પહેરાવવો હોય તો નીસરણીથી ચડીને કરાવાય છે. તેમને ઘીનો અભિષેક કરાવાય છે. રામ મંદિર, ઈન્દ્રકુંડ, ઉદ્ધારકુંડ, ૮૦ ફુટ ઉંચો મોટો રથ ભગવાનનો છે, એકબાજુ તામ્રપર્ણી નદી છે. બીજી બાજુ સુંદરસર નામનું તળાવ છે. સુચિંદ્રમથી નાગર કોઈલ ત્રણ માઈલ થાય છે. પહેલાં અત્રિઋષિ તથા અનસુયા સતીનો આશ્રમ અહીં હતો. તેને જ્ઞાનારણ્ય કહેતા. હાલમાં સુચિન્દ્રમ કહેવાય છે.

**૩૨૯ કન્યાકુમારી (કેપકોમોરીન)** :- કન્યાકુમારીનું મંદિર પૂર્વદ્વારે છે. ત્રણ સમુદ્રનો સંગમ થાય છે. બંગાળ, અરબી અને હિન્દ મહાસાગર, સમુદ્ર કિનારે ગાંધી સ્મારક છે.

**૩૩૦ છોટે નારાયણ (પન્નાગુંડી)** :- છોટે નારાયણ ભગવાનનું મંદિર પૂર્વદ્વારે છે, બાજુમાં વિશ્વનાથ મહાદેવ તથા પાર્વતીનું મંદિર છે. છોટે નારાયણ ભગવાનનો રથ ત્રણ માળ જેવડો મોટો છે. શિવગંગા નામનો કુંડ છે.

**૩૩૧ લંબેનારાયણ (તીરકુરગુંડી)** :- પૂર્વદ્વારે મંદિર છે. તેમાં શેષશાયી ભગવાનની મૂર્તિ છે. બેઠેલા નારાયણ છે. મહેન્દ્રાચલ પર્વતની તળેટીમાં લંબેનારાયણ ભગવાનનું મંદિર છે. તેને છોટે બદ્રિનારાયણ પણ કહે છે. વામન ભગવાનના મોટા સ્વરૂપની મૂર્તિ છે. બાજુમાં તે પર્વતમાંથી એક નદી નીકળે છે. તે નદીનું નામ લંબીયા છે.

**૩૩૨ લંબીયા નદી** :- તેનું પાણી ઠંડુ રહે છે.

**૩૩૩ મહેન્દ્રાચલ** :- પર્વતનું નામ મહેન્દ્રગીરી છે. મંદિરમાં રામાનુજ આચાર્યનો મઠ છે. તેમાં રામાનુજાચાર્યની કાષ્ટની મૂર્તિ છે. લંબીયા નદી વહીને ત્યાંથી આગળ જાય છે.

**૩૩૪ તોતાદ્રી (નાનકુનેરી)** :- તીનેવલ્લીથી ૨૦ માઈલ દૂર છે. તોતાદ્રિમાં તોતાદ્રિનું મોટું મંદિર છે, બેઠેલી મૂર્તિઓ છે. શ્રીદેવી, ભુદેવી, નીલાદેવી, વિગેરે મળી ૧૧ મૂર્તિઓ છે. તેને તેલથી અભિષેક કરાય છે. રામાનુજાચાર્યની ગાદી આ સ્થળે છે. ચૈત્રવદ અમાવાસ્યા ને બુધવારના રોજ રામાનુજાચાર્યનો જન્મ દિવસ હોવાથી સંપ્રદાયના તે સમયના આચાર્યની પૂજા વેદોક્તવિધિથી થયેલી હતી તે આચાર્ય સાથે વાતો કરવાનો પ્રસંગ મલ્યો હતો. આચાર્યનાં વસ્ત્રો કાષાયરંગનાં સન્યાસિની પેઠે જ હોય છે. મંદિર સામે રામાનુજકોટ છે. મૂર્તિઓને અભિષેક થાય છે તે તેલ એક કુંડમાં જાય છે. તે કુંડ તેલથી ભરેલો રહે છે. લોકો તે તેલ દવા માટે લઈ જાય છે. તે તેલથી ત્વચાના બધાજ રોગો મટી જાય છે.

**૩૩૫ તામ્રપર્ણી** :- (તીનુવેલી) નદી પ્રસાદીની છે, શ્રીજીમહારાજે સ્નાન કરેલું છે. ગામમાં શંકર પાર્વતીનું મોટું મંદિર છે, આ મંદિર ૧૫-૨૦ એકરમાં છે.

**૩૩૬ ટીચુંદર** :- સમુદ્ર કિનારે કાર્તિક સ્વામીનું વિશાળ મંદિર છે.

**૩૩૭ રામેશ્વરમ્** :- રામેશ્વર નામના શંકરનું મંદિર પૂર્વદ્વારે છે. બીજું પણ મંદિર સાથે છે, જેમાં હનુમાનજી કાશીથી જે લીંગ લાવ્યા હતા તેનું સ્થાપન છે. પાર્વતીજીનું મંદિર છે. શેષશાયી ભગવાનનું મંદિર છે. બીજાં નાનાં નાનાં મંદિરો છે. નાના મોટા ૨૨ કુંડો છે. કુંડોનાં નામ ૧ શિવતીર્થ, ૨ ચરતીર્થ, ૩ ગયાતીર્થ, ૪ યમુનાતીર્થ, ૫ ગંગાતીર્થ, ૬ ચક્રતીર્થ, ૭ સૂર્યતીર્થ, ૮ શંખતીર્થ, ૯ મહાલક્ષ્મીતીર્થ, ૧૦ ગાયત્રીતીર્થ, ૧૧ સાવિત્રીતીર્થ, ૧૨ સરસ્વતીતીર્થ, ૧૩ બ્રહ્મહત્યાવિમોચનતીર્થ, ૧૪ નલતીર્થ, ૧૫ ગવયતીર્થ, ૧૬ નીલતીર્થ, ૧૭ ગવાક્ષતીર્થ, ૧૮ ગંધમાદનતીર્થ, ૧૯ અગ્નિતીર્થ, ૨૦ માધવતીર્થ, ૨૧ રામતીર્થ, ૨૨ સીતાતીર્થ, મંદિરમાં નંદીશ્વર બહુજ મોટા છે. બેમાળનાં મકાન જેવડો છે. મંદિરની નજીકમાં સમુદ્ર છે. પૂર્વદિશા તરફ ત્યાં સ્નાન શ્રાદ્ધ વિગેરે થાય છે. તેની નજીક શંકરાચાર્યનો મઠ છે. તેમાં શંકરાચાર્ય વિગેરે આચાર્યોની મૂર્તિઓ પધરાવેલી છે. મંદિરથી અડધા માઈલ દૂર રામકુંડ છે. તેની પાસે સીતાકુંડ છે. તેની પાસે લક્ષ્મણકુંડ છે, મંદિરથી એક માઈલ છેટે ઉત્તરમાં રામજરૂખો છે, તેમાં રામચંદ્રજી ભગવાનનાં પગલાં છે અને મૂર્તિઓ પણ છે. તેની નજીકમાં સમુદ્ર પણ છે. રામઝરૂખે જતાં માર્ગમાં સુગ્રીવકુંડ, જાંબુવાનકુંડ તથા હનુમાનજીનું મંદિર આવે છે. બીજા રસ્તે ધર્મકુંડ, ભીમકુંડ, અર્જુનકુંડ સહદેવકુંડ નકુલકુંડ દ્રૌપદીકુંડ વિગેરે કુંડો આવે છે. શ્રીજીમહારાજ ત્યાં બે માસ રહ્યા છે. રામઝરૂખાની ઉપર ચડીને જોઈએ તો ધનુષ્ય કોટીનાં દર્શનની ઝાંખી થાય છે. શ્રીજીમહારાજ રામઝરૂખાથી ધનુષ્યકોટીનાં દર્શન કરી સ્નાન કરી, ખાડી ઉતરીને દર્ભશયન ગયેલા હતા. રામેશ્વરથી મદુરાઈ આવતાં માર્ગમાં રામનાદ આવે છે. ત્યાંથી ૮ માઈલ છેટે દર્ભશયન આવે છે. ત્યાં રામચંદ્રજી ભગવાનની દર્ભપર પોઢેલી મૂર્તિ છે. પાસે ચક્રતીર્થ નામનો કુંડ પણ છે.

**૩૩૮ મદુરા** :- મીનાક્ષીદેવીનું મંદિર પૂર્વદ્વારે. પાર્વતીદેવી તથા સુંદરેશ્વર નામના મહાદેવ છે. મંદિરના ચાર ગોપુર છે. શ્રીજીમહારાજ અહીં બે દિવસ રહ્યા હતા. પૂર્વ ગોપુર ૧૫૬ ફુટ ઉંચાઈ, ગોપુરમાં મૂર્તિઓ ૧૧૧૫, દક્ષિણ ગોપુર ૧૬૦ ફુટ ઉંચાઈ, ગોપુરમાં મૂર્તિઓ ૧૫૧૧, પશ્ચિમ ગોપુર ૧૫૩ ફુટ ઉંચાઈ, ગોપુરમાં

મૂર્તિઓ ૧૧૧૧, ઉત્તર ગોપુર ૧૫૨ ફુટ ઉંચાઇ, ગોપુરમાં મૂર્તિઓ ૪૦૪, મીનાક્ષિદેવી સુંદર મંગલ મહાદેવ લીંગમાં મહોરૂ છે. ગંગાજીની ભોગ મૂર્તિઓ પણ છે. (મંદિરની અંદર જ જુદા સ્થાનમાં) મદુરા શહેરથી નજીકમાંજ સુંદર બાંધણીવાળું પુષ્કરણી તળાવ છે. ભુજમાં હમીસર છે તેવડું મોટું છે. વચ્ચે સુંદર બગીચો, બંગલા છે. ચારે તરફ સુંદર ઘાટો છે. મંદિરના ઘુમટો સોનાનાં પતરાંથી મઢેલાં છે. ત્યાં ૧૦૦૦ થાંભલાનો એક મોટો સભામંડપ છે. મદુરાથી અગ્નિકોણમાં ૧૦-૧૨ માઇલ છેટે સુંદરરાજ વિષ્ણુનું મંદિર છે. મદુરાઇ મદ્રાસથી ૩૫૦ માઇલ દૂર છે.

**૩૩૯ સુંદરરાજ** :- ભગવાનનું મંદિર પૂર્વ દ્વારે છે. સુંદરરાજ ભગવાનની પડખે શ્રીદેવી તથા ભુદેવી છે. શ્રીજીમહારાજ ત્યાં બે દિવસ રહ્યા હતા. આ સુંદરરાજ આલગેશ્વર પરમાલ નામથી ઓળખાય છે.

**૩૪૦ ડીંડીગલ** :- હરિભક્તો રહે છે.

**૩૪૧ પલની** :- ડુંગર ઉપર કાર્તિક સ્વામીનું મંદિર છે. ૭૦૦ પગથીયાં છે.

**૩૪૨ ત્રિચીનાપલ્લી** :- પર્વતમાં ત્રિચી કિલ્લો છે. ગણપતિ મંદિરનાં ૨૦૦ પગથીયાં છે.

**૩૪૩ શ્રીરંગક્ષેત્ર** :- શ્રીરંગભગવાનનું મંદિર દક્ષિણ સન્મુખ છે. ત્યાં ભગવાન શેષશય્યા પર પોઢેલા છે. મૂર્તિ ૧૦ ફીટ લાંબી છે. તેની આગળ ઉત્સવ મૂર્તિ છે. તેની સાથે બન્ને બાજુમાં શ્રીદેવી તથા ભુદેવી છે. ને નીલાદેવી અંતર્હીત છે. વિભિષણની મૂર્તિ સેવામાં છે. મંદિરના આગળના ભાગમાં સોનાનો સ્થંભ છે. ગરૂડાસન સ્થંભ પણ સોનાનો છે. મંદિર ઉપર સોનાનો મોટો ઘુંમટ છે. તેના પર ચાર કળશ છે. સોનાના ઘુંમટમાં સુવર્ણની વાસુદેવ ભગવાનની મૂર્તિ છે. તેનાં તથા અંદરની શેષશાયી મૂર્તિનાં બ્રહ્મા, સૂર્ય અને વિભિષણાદિકના બહારથી જ દર્શન થઇ શકે એવી ઘુંમટમાં બહારથી રચના કરેલી છે. મંદિરમાં શેષ પર્યંક ઉપર શ્રીરંગનાથ ભગવાન બિરાજી રહેલા છે. તેની આગળ જે ઉત્સવ મૂર્તિઓ છે તે ચલ છે. તેને સ્નાન અભિષેક કરવા માટે સવારમાં નિત્યે વાજતે ગાજતે સ્નાનાગારમાં લઇ જવામાં આવે છે. તે વખતે બહુજ ધામધુમ સહિત મહોત્સવ થાય છે. એક હાથી છે તે સવારમાં સુવર્ણનો કળશ પોતાની સુંઢમાં લઇ જાય છે અને કાવેરીમાંથી સુંદર જલ ભરી લાવે છે. તેને ગાળીને પછી ભગવાનને સ્નાન અભિષેક વિગેરે કરાવાય છે. આ હાથીના લલાટમાં રામાનુજ સંપ્રદાયનું શ્રી સહિત ઉર્ધ્વપુંડ્રતિલક શ્વેત ગોપીચંદનથી કરાવેલું હોય છે. આ હાથી રૂપીયો આઠઆની પાવલી વિગેરે આપે તેને સુંઢવતી લઇ લે છે. અને આપનારાના મસ્તક ઉપર સુંઢ મૂકી આશીર્વાદ આપે છે. પાંચ કે બે પૈસા આપે કે એકઆનો આપે તો લેતો નથી. ભુલમાં લેવાઇ ગયો હોય તો તે તરત ફેંકી દે છે અને આપનાર પર સુંઢ મુકતો નથી આવી નિપુણતા એ હાથીમાં છે. અહીં લક્ષ્મીજીનું મંદિર પૂર્વ દ્વારે છે. રામાનુજાચાર્યની મૂર્તિ તથા તેમની ગાદી છે. કાવેરી નદી પશ્ચિમથી પૂર્વે વહે છે.

**૩૪૪ જંબુકેશ્વર** :- જંબુકેશ્વર નામના મહાદેવનું મંદિર છે. આમાં મહાદેવજી અને પાર્વતી સેવામાં છે. આ મંદિરમાં પણ શ્રીરંગક્ષેત્રના મંદિરમાં જેવો હાથી છે તેવો જ છે. આ હાથીને ત્રિપુંડ્રતિલક શ્વેત ગોપીચંદનથી કરેલું હોય છે. પૈસા લેવામાં શ્રીરંગક્ષેત્રના હાથીની પેઠેજ આ હાથીની નિપુણતા છે.

**૩૪૫ પક્ષીતીર્થ** :- (ત્રીકુડુંકુંડમ્) ચિંગલપેટ થઇને પક્ષીતીર્થ જવાય છે. ત્યાં પર્વત પર બે પક્ષી સાડા અગિયાર વાગ્યાના સમયે આવે છે. પંડ્યા ભોજન જલ લાવે છે. પછી તે પક્ષીને જમવાનું આપે છે. તે જમીને પછી પાણી પી, થોડી વાર ફરી, ત્યાંથી ચાલ્યાં જાય છે. ક્યારેક બે પક્ષી તો ક્યારેક એક પક્ષી આવે છે. કહેવાય છે કે આ પક્ષીઓ કાશીમાં સ્નાન કરે છે, પક્ષીતીર્થમાં ભોજન કરે છે. અને રામેશ્વરમાં દર્શન કરે છે. ચિત્રકુટમાં શયન કરે છે. અહિં ગામમાં શંખતીર્થ નામનું મોટું તળાવ છે. ત્યાં મહાદેવજી તથા ત્રિપુરસુંદરી (પાર્વતી)નાં સ્થાન છે, ત્યાંથી પગથીઆં દ્વારા પર્વત પર જવાય છે. ત્યાં નારાયણ તથા વિદગિરીશ્વર શંકરનું મંદિર છે. દિવાલમાં બ્રહ્મા, વિષ્ણુ, શિવની કોતરેલી મૂર્તિઓ છે. પથ્થરમાં ઉંડો ખાડો છે. અને પાણીનું એક ઝરણ છે તેને પક્ષીતીર્થ કહેવાય છે. આ તીર્થ ચિંગલપેટથી મોટર રસ્તે નવ માઇલ જેટલું દૂર છે.

**૩૪૬ ચિદંબરમ્** :- ચિદંબરેશ્વરમ્ ઉર્ફે નટરાજ નામના મહાદેવનું મંદિર છે. મધ્યભાગમાં તેના પર સાત સોનાના કળશ છે. અને સોનાનું છાપરૂં છે. અહિંયાં શંકરે તાંડવનૃત્ય કર્યું હતું. તેથી શંકરનું નામ નટરાજ છે. નટરાજની તથા પાર્વતીજીની ભોગમૂર્તિઓ સોનાની છે અને તે સોનાના સિંહાસનમાં પધરાવેલી છે. વળી ચિદંબરનાથની ભોગમૂર્તિ નીચે એક સ્ફાટિક મણિનું લિંગ તથા બીજું હીરા માણેકનું લિંગ, એમ બે લિંગ છે. આ આકાશ તત્ત્વનું લિંગ છે. તેનાં દર્શન સવારમાં દશ વાગે થાય છે. નૃત્ય સભામાં ૫૬ થાંભલા છે. ત્યાં સરભેશ્વર મહાદેવ નજીકમાં શેષનારાયણ તથા લક્ષ્મીજીનું મંદિર છે. પાસેજ પરમાણંદકુંડ છે તથા મંદિરની ઉત્તરે શિવગંગા નામનો કુંડ છે. તેના પશ્ચિમ ઘાટ પર શિવગંગા (પાર્વતી)નું મોટું મંદિર છે. આ મંદિરમાં તથા નૃત્ય સભામાં બે મોટા સુવર્ણ સ્થંભ શિવગંગા કુંડની પૂર્વે ૧૦૦૦ થાંભલાનો મંડપ છે.

**૩૪૭ મહાબલીપુરમ્** :- સમુદ્ર કિનારે છે. ત્યાં મહાબલેશ્વર શંકરનું મંદિર છે. ગામમાં શેષશાયીનું પણ મંદિર છે.

**૩૪૮ કાંજીવરમ્** :- વિષ્ણુકાંચી પશ્ચિમદ્વારે વરદરાજ ભગવાનનું મંદિર ઉપરના ભાગમાં છે. શ્રીદેવી-ભૂદેવી સેવામાં છે. નૃસિંહ ભગવાન તથા લક્ષ્મીજી નીચે પૂર્વદ્વારે છે.

આ મંદિર ઉપર સોનાના સાત કળશ છે. તથા સોનાનો સ્તંભ છે. ત્યાં અનંત નામનો કુંડ છે. ત્યાંથી બે માઈલ પર પયોષણી નામની નદી છે.

૩૪૯ **શિવકાંચી :-** પૂર્વદ્વારે મંદિર છે. તેમાં આમેશ્વર નામના શંકર છે. તથા કામાક્ષીદેવી, પાર્વતીજીનું મંદિર છે. અને પાછળ શિવપાર્વતીની મૂર્તિઓ પણ છે, ત્યાં એક આંબાનું વૃક્ષ ગંજાવર પુરાતની છે. તેમાં ચાર જાતની કેરીઓ , ખાટી-મીઠી-કડવી-તૂરી થાય છે. એ વૃક્ષમાં ચાર વેદ રહેલા છે. ત્યાંના ગોર લોકો તથા અન્ય મનુષ્યો કહે છે જે આ વૃક્ષને ત્રણ હજાર વર્ષ થયાં છે. શ્રીજીમહારાજે આ વૃક્ષનો સ્પર્શ કરેલ છે. મંદિરની બાજુમાં ઓરડામાં શંકરનાં અસંખ્ય લિંગો છે. તેની એક તંત્રથી પૂજા થાય છે.

૩૫૦ **ભૂતપૂરી :-** ગામનું નામ પેરંબુતુર છે. કાંજીવરમ્ અને મદ્રાસની વચ્ચે છે. આ રામાનુજાચાર્યનું જન્મ સ્થાન છે. મદ્રાસથી અગ્નિકોણે ૧૧ માઈલ દૂર આવેલું છે. રામાનુજ આચાર્યના જન્મસ્થાનની સામે મોટું મંદિર છે તેમાં પ્રથમ રામાનુજ સ્વામીનું મંદિર છે, તેની નજીક આદિકેશવનું મંદિર છે. મંદિરના ચોકમાં સુવર્ણસ્થંભ છે. જન્મ સ્થાનની જગ્યાએ ભીંતમાં રામાનુજ સ્વામીની તથા આદિકેશવની મૂર્તિઓ છે તથા તેમના ૭૪ શિષ્યોની પણ મૂર્તિઓ છે. મંદિરની પાછળ અનંત સરોવર નામનો કુંડ છે. વૈકુંઠનાથ ભગવાનનું મંદિર છે. શ્રીદેવી તથા ભુદેવી સેવામાં છે. નીલા દેવી અંતર્હિત છે.

૩૫૧ **મદ્રાસ :-** બંગલાઘાટ શિખરબંધ મંદિર મધ્ય મંદિરે હરિકૃષ્ણ મહારાજ નારાયણ અને લક્ષ્મીજી. (ધાતુના) પૂર્વ મંદિરે ઘનશ્યામ મહારાજ શ્વેત આરસના તથા પશ્ચિમે સુખશય્યા સંતો રહે છે. ગુજરાતના હરિભક્તો છે. ઠાકોરજી પૂર્વ સન્મુખ છે. કપિલેશ્વર મહાદેવનું મંદિર ઉત્તર દ્વારે છે. આદિકેશવનું મંદિર દક્ષિણ દ્વારે છે. ત્યાંની દિવાદાંડી ૧૫૦ ફુટ ઉંચી છે. મદ્રાસની પાસે જ મોટો સમુદ્ર છે. ત્યાં અષ્ટ લક્ષ્મીનું મંદિર છે.

## આંધ્રપ્રદેશની યાત્રા

૩૫૨ **વેંકટાદ્રિ :-** (તીરૂપતિ બાલાજી) પર્વત પર વેંકટેશ્વર મહાદેવનું મંદિર છે. આ પર્વતનાં ચાર શિખર છે. નારાયણાદિ, શેષાદિ, ગરૂડાદિ, શ્રીશૈલ આ પર્વતની ઉંચાઈ ૨૯૦૦ ફીટની છે. ૧૨ માઈલનો સરીયામ ડામર રોડ છે. હીલવાળો રસ્તો છે. અને ઘણા ઢાળવાળો છે. આંટી ઘુંટીઓ ઘણી આવે છે. ઉપરના ભાગમાં વિશાળ સ્થળ છે. મોટું શહેર હોય તેવો દેખાવ છે. ધર્મશાળાઓ ઘણી છે. ત્યાં એક મોટું સરોવર છે. મંદિર પૂર્વાભિમુખ છે. મંદિરમાં વેંકટેશ્વર ભગવાનની મૂર્તિ છે. જમણીબાજુ શ્રીદેવી અને ડાબી બાજુ ભુદેવી છે. તેની નીચે સુવર્ણની વેંકટેશ ભગવાનની મૂર્તિ છે. તથા બાજુમાં શ્રીદેવી અને ભૂદેવી છે. આ ઉત્સવ મૂર્તિઓ છે. તેને સ્નાનાદિક કરાવવા માટે વાજતે ગાજતે લઈ જાય છે. પંચામૃતથી સ્નાનાભિષેક તથા ષોડશોપચારથી પૂજન વેદોક્ત મંત્રથી કરાવાય છે. વેંકટેશ ભગવાન તથા જય-વિજયને જે તિલક કરાવેલું છે. તેનાં નેત્ર જાણે ઢાંકી દીધાં હોય તેવું દેખાય છે. ત્યાં વિવાહ મંડપ, સોનાની પાલખીઓ, રથ, હાથી વિગેરે સામગ્રી એક મોટો જાળીવાળો હોલ છે. તેમાં બધા જોઈ શકે તેવી રીતે રાખેલાં હોય છે. કોઈને વિવાહ કરાવવો હોય તથા ઉત્સવના દિવસે સ્વારી વિગેરેમાં આ સામગ્રીનો ઉપયોગ થાય છે. વિવાહ મહોત્સવ લગભગ થતા જ હોય છે. તે મંદિરમાં એક હુંડી છે. સૌ દર્શકજનો ભેટ નાખે છે. સોનાનાં ઘરેણાં, સોનામહોરો, રૂપામહોરો, હીરા, જવેરાત, વિગેરે નાખે છે. (કહેવાય છે કે આ મંદિરની ૧૨ માસની આવક ૯ કરોડ રૂપીયાની થાય છે એટલે દરરોજ અઢી લાખની આવક છે. ૭-૮ મહેતાજીઓ નાણાં વિગેરેની ગણત્રી કરતા જ હોય છે.) મંદિરની આગળ સુવર્ણનો ગરૂડ સ્થંભ છે. ભગવાનને સ્નાન, જલપાન વિગેરે કરવા માટે મંદિર પાસે ચોકમાં એક વાવ છે. તે સોનાનાં પતરાંથી મઢેલી છે. મંદિરનું શિખર પણ ઘાટકામ સહિત સોનાનાં પતરાંથી મઢેલું છે. મંદિરમાં પેસતાંજ બહારના ગોપુરમાં પ્રવેશ દ્વારમાં ફુવારાથી જળ નીકળે છે. જેથી યાત્રીઓના કુદરતી રીતે પગ ધોવાઈ જાય છે. અહીં લાઈનમાં ઉભા રહેવું પડે છે. કારણ કે દર્શન કરવા ઘણાં માણસો દરરોજ આવે છે. (લગભગ ત્રણ કલાક લાઈનમાં રહેવું પડે પછી ભગવાનનાં દર્શન થાય છે.) અહીં દર્શન કરવા આવનાર લગભગ બધાંજ સ્ત્રી-પુરૂષો મુંડન કરાવે છે. (મંદિરની બહાર એક મોટો હોલ છે તેમાં ૬૦ જેટલા વાળંદો બેઠેલા હોય છે. પાટલા માંડેલા હોય છે. સામા પાટલા ઉપર મુંડન કરાવનાર માણસો બેસે) મુંડન કર્યા પછી સ્નાન કરવા માટે ત્યાં એક વાવ છે. ત્યાં સ્નાન કરી કપડાં પહેરી પછી મંદિરમાં દર્શન કરવા જાય છે. આ મંદિરની આવક ઘણી છે તેમ ખર્ચ પણ ઘણું છે. તેનો વહીવટ દેવસ્થાન કમીટી કરે છે. તે કમીટી નીચે ગામમાં છે. તેના તરફથી યુનિવર્સીટી ચાલે છે. સાયન્સ, આર્ટસ, કોમર્સ વિગેરે કોલેજો હાઈસ્કુલો ચાલે છે. તીરૂપતિ શહેરથી વેંકટેશ ભગવાનના મંદિર સુધીની ડામરની સડક પણ દેવસ્થાને જ બંધાવેલી છે. (આ સંવત્ ૨૦૨૨ ની માહિતી છે.)

સંવત્ ૨૦૪૬ અને ઈ.સ. ૧૯૯૦ની માહિતી

તીરૂપતિ બાલાજીનાં દર્શન કરવા માટે નીચે ગામમાંથી દર ત્રણ મીનીટે બસ ઉપડે છે. છતાં બસ સ્ટોપ પર ખૂબજ ગીરદી હોય છે. મુંડન કરવા માટે એક ચાર માળનો આધુનિક વિભાગ છે. સન. ૧૯૮૮ માં ૫૦,૪૨,૨૮૨ યાત્રાળુઓએ મુંડન કરાવ્યાં હતાં. આ માટે ૧૨૦૦ રૂપિયા પગાર વાળા ૭૦૦ વાણંદો નોકરીમાં રાખેલા છે. આ વાળ સુકવીને મોટા મોટા ગોદામમાં ભરવામાં આવે છે દર બે મહિને લીલામ થાય છે. ફેક્ટરીમાં વાળમાંથી સિસ્ટાઈન નામનું રસાયણ બને છે. આમાંથી સંસ્થાને ઘણી આવક થાય છે. વેંકટેશ્વર ભગવાન માટે ૧૯૮૫ માં વજ્ર કિરીટં મુગટ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં ૨૮,૩૧૩ હીરા અને ૫૬ કીમતી

નંગો છે. શુદ્ધ સોનું ૨૬ કિલોગ્રામનો મુગટ છે. ૬ કરોડ રૂપિયાની કીંમતનો છે. ૧૯૮૮ - ૮૯ ના વર્ષની આવક ૬૩ કરોડ ૨૭ લાખ અને ૨૯ હજાર રૂપિયા થઈ હતી. દેવસ્થાન ટ્રસ્ટ નીચે ૯૨૨૭ કર્મચારીઓ અને ૩૮૭૮ છુટક મજુરો કામ કરે છે. તેઓને વર્ષનો ૧૪ કરોડ અને ૧૫ લાખ રૂપિયાનો પગાર ચુકવાય છે. રહેવા તથા જમવાની સારી સુવિધાઓ પણ છે. મંદિરમાંથી પ્રસાદ માટે દરરોજ ૨૫ હજાર લાડુ બનાવવામાં આવે છે. સામાન્ય દિવસોમાં એક દિવસના ૧૫૦ મણ ચોખા રાંધવામાં આવે છે. આ માટે પેસર કુકરોની પણ વ્યવસ્થા છે. તેથી ૪૫ મીનીટમાં ૧૦ મણ ચોખા રંધાઈ જાય છે. જમવા માટે વિશાળ હોલમાં ડાયનીંગ ટેબલો ગોઠવાયેલાં છે. તેમાં પ્રથમ માળે ૯૦૦ અને બીજે માળે ૯૦૦ આમ ૧૮૦૦ લોકો ભોજન લઈ શકે છે. રસોઈ આધુનિક યંત્રોથી થતી હોવાને કારણે રસોઈયાઓ ફક્ત ૨૫ જ છે. ટ્રસ્ટની ડેરીમાં ગાયો ભેંસો ૫૦૦ છે. દરરોજ ૨૫ હજાર કીલોગ્રામ શાકભાજીની જરૂર પડે છે. રસોડામાં ઠંડા તથા ગરમ પાણીના નળ છે. વરાળથી દુધ ઉકાળવાના કુકરો પણ છે. નવરાત્રીના દિવસોમાં બ્રહ્મોત્સવ સૌથી મોટો ઉત્સવ ગણાય છે. બીજા ઘણા ઉત્સવો થાય છે. આ ટ્રસ્ટની નીચે બીજાં ૪૦ મંદિરોનો વ્યવહાર છે. વેંકટેશ્વરના દર્શન માટે ઘણા લોકો પગપાળા પણ જાય છે. તેવાં દર્શનાર્થીઓ માટે ટ્રસ્ટે સારી સગવડો કરી છે. પગથીયાં ઉપર છાપરાં પણ બાંધ્યાં છે. જેથી ઉઘાડા પગે પણ ચાલી શકાય છે. રાત્રી દિવસ સતત અવર જવર ચાલુ રહે છે. લાઉડ સ્પીકરો દ્વારા મંદિરમાં ચાલતાં ભજનો સાંભળવાની પણ વ્યવસ્થા છે. રાત્રે દિવા બતી ટ્યુબલાઈટો ચાલુ રહે છે.

૩૫૩ **વિજયવાડા** :- કૃષ્ણાનદી મોટી વહે છે. ત્યાં ડેમ છે.

૩૫૪ **રાજમહેન્દ્રી** :- ગોદાવરી નદી, ગોદાવરી સ્ટેશન પાસે આ નદીનો પટ બહુ પહોળો આશરે પાંચ માઈલ જેટલો છે. વચનામૃત ગ.પ્ર.પ્ર. ૨૯ માં શ્રીજીએ ઉલેખ કરેલો છે. તે આ નદી હોઈ શકે.

૩૫૫ **સિંહાચલમ્** :- આદિવરાહ ભગવાનનું મંદિર તથા લક્ષ્મીજીનું મંદિર છે. ગોમતીજી પણ છે. ઉપરના ભાગમાં ગંગાજીનો કુંડ છે. ત્યાં ગોમુખ ધારાથી પાણી આવે છે. આ મંદિર પર્વત ઉપર છે. ગંગા ગોમતી વિગેરે પર્વત પર છે. ઢાળવાળો રસ્તો છે. વરાહ ભગવાનને ચંદનનું લેપન કરી તેના પર કપડું ઢાંકી મૂકીને દર્શન કરાવે છે. આ પર્વતમાં કાજુનાં ઘણાં વૃક્ષો છે.

૩૫૬ **આદિકૂર્મ** :- શ્રીકૃષ્ણ ભગવાનનું મંદિર છે. પૂર્વ દ્વારે તેની નજીકમાં મોટું તળાવ છે. મંદિરમાંથી જ ઘાટ બાંધેલો છે. શ્રીજીમહારાજ અહીં રહ્યા હતા.

૩૫૭ **માનસાશહેર** :- (માનસપુર) સત્રધર્મા રાજાનો મહેલ છે. મહારાજ જ્યાં રહ્યા હતા તે સ્થળ, જગન્નાથજી ભગવાનના મંદિરના હાલના કંપાઉન્ડમાં છે. ઉત્તર તરફ હરિપુરમ્ ફાટકથી માનસાશહેર જવાય છે.

## ॥ ઓરીસા પ્રાંતની યાત્રા ॥

૩૫૮ **છત્રપુર** :- કચ્છના હરિભક્તો રહે છે.

૩૫૯ **જગન્નાથપુરી** :- જગન્નાથજીનું મોટું મંદિર છે. ભગવાન પૂર્વ સન્મુખ છે. બલભદ્ર (શ્વેત) સુભદ્રા (શ્વેત) શ્રીકૃષ્ણ (શ્યામ) અને સુદર્શન ચક્રની મૂર્તિઓ છે. મૂર્તિઓની આસપાસ પ્રદક્ષિણા બહુ જ સાંકળી છે. પાણી ઢોળાએલું હોય છે. તેથી સાવચેતીથી ચાલવું પડે છે. ગંદકી વધુ હોય છે. જગન્નાથજી ભગવાનના મંદિરનું શિખર ૧૨૧ હાથ ઉંચું છે. ભગવાનનો જ્યારે રાજભોગ થાય ત્યારે તથા બીજા ભોગો ધરાવાય છે. ત્યારે રસોઈઆ કાવડથી ભાત વિગેરે ભરી હાંડલીઓ ઉપરા ઉપરી ગોઠવીને ભગવાન પાસે લઈ જઈને ભોગ ધરાવે છે. જમીલે ત્યારે પ્રસાદ પંડ્યા દ્વારા અપાય છે. પ્રસાદ લેવામાં બાધ નથી. કારણ કે શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં લખ્યું છે. જે જગન્નાથજી ભગવાનનો પ્રસાદ લેવાય તેમાં દોષ નથી. જગન્નાથ ભગવાનના મંદિરથી ઉત્તર અને પશ્ચિમે અડધો માઈલ દૂર ચંદન તળાવ છે. તેમાં જલઝીલણી મહોત્સવ થાય છે. મંદિરથી ઈશાન બાજુ ઈન્દ્રદ્યુમ્ન સરોવર છે. આ સરોવરમાં સ્નાન કરવાનો ઘણો મહિમા છે. આ સરોવરને કિનારે ઈન્દ્રદ્યુમ્ન રાજાનું મંદિર છે. તથા વિષ્ણુ અને શંકરભગવાનનાં મંદિરો છે. ઈન્દ્રદ્યુમ્ન સરોવરના કિનારે સુવ્રતમુનિએ પ્રતાપસિંહ રાજાને સત્સંગિજીવન શાસ્ત્ર સંભળાવેલ છે. સમુદ્ર છે, તથા ચક્રતીર્થ, ગણપતી મંદિર, રાધાકૃષ્ણ દેવનાં બે મંદિર છે. લોકનાથ મહાદેવનું મંદિર છે. આ મંદિરની બહાર તળાવ છે. કુંડાકારે છે. તેમાં હાથ પગ ધોઈને અંદર દર્શન કરવા માટે જવાય છે.

૩૬૦ **જનકપુર** :- જગન્નાથ ભગવાનના મંદિરથી ત્રણ માઈલ દૂર છે. ભગવાનની માસીનું આ ગામ કહેવાય છે. રથયાત્રા વખતે બળભદ્ર, સુભદ્રા અને શ્રીકૃષ્ણ ભગવાન આ ત્રણેની મોટી મૂર્તિઓને નીસરણીથી ઉતારીને ત્રણ રથ તૈયાર હોય છે તેમાં બેસાડે છે. અને જનકપુરમાં લાવે છે. રથોને ભક્તો મોટા દોરડાંથી ખેંચતા ખેંચતા લાવે છે. જનકપુરમાં માસીના ઘરે ભગવાન દશ દિવસ રહે છે. પછીથી પાછા જગન્નાથપુરી જાય છે. ત્યાં સુધી પુરીમાં દર્શન બંધ હોય છે. જનકપુરી જગન્નાથજીના મંદિરથી કટકબાજુ ત્રણમાઈલ પર ઈશાનકોણે આવેલ છે.

૩૬૧ **સાક્ષીગોપાલ** :- ઉત્તરાભિમુખ મંદિર છે. શ્રીકૃષ્ણ ભગવાનની શ્યામમૂર્તિ છે. રાધિકાજીની સોનાની મૂર્તિ છે. રાધિકાજી શ્રીકૃષ્ણ ભગવાનની સામે જોઈને ડાબે પડખે ઉભેલાં છે.

**૩૬૨ કેદારગૌરી :-** શંકર અને પાર્વતીનું મંદિર છે. આ મંદિરમાં સ્વયંભૂ મહાદેવ છે. કેદારગૌરી નામનો કુંડ છે. તેમાં જે પાણી છે તે પાતળાં દુધ જેવું સફેદ દેખાય છે. તેને હજમ પાણી કહેવાય છે. આ પાણી બહાર દેશાવરમાં પણ જાય છે. ખોરાકને તરત પચાવી દે છે. અનુભવ કરેલ છે. આ મંદિરમાં કેદારેશ્વર શંકર અને ગૌરીદેવીની મૂર્તિ છે.

**૩૬૩ ભુવનેશ્વર :-** કટકથી જગન્નાથપુરી જતાં માર્ગમાં ૨૦ માઈલ ઉપર આવેલ છે. મંદિર પૂર્વાભિમુખ છે. અંદર શંકર ભુવનેશ્વર નામે છે. તેનું શિખર ૧૨૫ હાથ ઉંચું છે. ભુવનેશ્વરથી જગન્નાથપુરી ૩૨ માઈલ દૂર દક્ષિણમાં છે. ભુવનેશ્વરમાં હાઈસ્કુલો, કોલેજો વિગેરે છે.

**૩૬૪ કટક :-** મહાનદી પ્રસાદીની મોટી છે. કટકની ઉત્તરબાજુ મહાનદી છે. અને દક્ષિણબાજુ કાડચોરીનદી છે. આ બન્ને નદીઓ બહુજ મોટી છે. તેના પર મોટા પુલ બાંધેલા છે. મહાનદીમાં વહાણો સ્ટીમ્બરો, લોંચો વિગેરે ચાલે છે. ત્યાં કચ્છના હરિભક્તો રહે છે.

**૩૬૫ અંગુલ :-** કચ્છના હરિભક્તો રહે છે.

**૩૬૬ સંબલપુર :-** કચ્છના હરિભક્તો રહે છે. થોડે છેટે મોટો હીરા કુંડ ડેમ છે.

**૩૬૭ ઝારસુગડા :-** કચ્છના તથા બીજા હરિભક્તો રહે છે.

**૩૬૮ વ્યાસાશ્રમ :-** (રાઉરકેલા) બ્રાહ્મણી, સરસ્વતી અને કોહેલી એમ ત્રણ નદીનો સંગમ છે. નદીના તટ પર શ્રીરામચંદ્રજી ભગવાનનું મંદિર છે. તેની પાછળના ભાગમાં થોડે છેટે ગંગાજી છે. ગૌમુખ દ્વારા કુંડમાં પાણી પડે છે. પાણી બહુ જ મીઠું અને શીતળ છે. પર્વત ઉપર ઋષિની ગુફા છે. ત્યાં દયાનંદ સરસ્વતી સંચાલિત બ્રહ્મચર્યાશ્રમ છે. ૫૦ જેટલા બ્રહ્મચારીઓ વિદ્યાભ્યાસ કરે છે. બધાનાં વસ્ત્રો પીળાં હોય છે. કૌપીન નાના મોટા બધા રાખે છે. જનોઈ પણ બધા વિદ્યાર્થીઓ રાખે છે. સવારમાં ભેળા થઈને ત્રિવેણીમાં સ્નાન સમંત્ર કરે છે. કટકથી સીધા કલકત્તા જવું હોય તો માર્ગમાં ખંડગીરી અને ઉદયગીરી આવે છે. ત્યાં ઋષભદેવનું મંદિર છે. ખડગપુર તથા હોરાનખોલાં, મંડેશ્વરી વિગેરે આવે છે. ત્યાંથી કલકત્તા અને કલકત્તાથી ૨૫૦ માઈલ છેટે ઝરીયા આવેલ છે.

**૩૬૯ કલકત્તા :-** હરિમંદિર છે અને ઘણા હરિભક્તો રહે છે. હરિમંદિર પશ્ચિમ સન્મુખ છે ગામમાં વૈકુંઠનાથ ભગવાનનું મંદિર છે. બાજુમાં વેંકટેશ્વર ભગવાન તથા લક્ષ્મીજી છે. આ મંદિર આરસનું છે. ગામમાં ગંગાનદી વહે છે. નદી કિનારે માતાજીનું મંદિર છે. તથા નાનાં નાનાં શંકરનાં મંદિરો છે. તથા લક્ષ્મીનારાયણનું મંદિર છે. ભારતનું આ સૌથી મોટું શહેર ગણાય છે. મ્યુઝિયમ તથા હાવડાબ્રીજ તથા અંદરગ્રાઉન્ડ રેલ્વે જોવાલાયક છે.

### કલકત્તાથી ગંગાસાગર (કપિલાશ્રમ)

કલકત્તાથી ૧૦૦ કી.મી. પછી સમુદ્ર આવે છે ત્યાર પછી લોંચ દ્વારા ઉતરીને પછી બેટ આવે છે. ત્યાંથી ગંગાસાગર જવા માટે બસની વ્યવસ્થા છે. ગંગાસાગરમાં કપિલમુનિ, સગરરાજા અને ભાગીરથી ગંગાની મૂર્તિઓ છે. પાસે સમુદ્ર છે. અહીં શ્રીજીમહારાજ બે માસ રહ્યા હતા.

### કલકત્તાથી નેપાળ દેશમાં

જનકપુર રામમંદિર છે. તથા જાનકીજીનું મોટું મંદિર છે.

**કાઠમંડુ :-** પશુપતિનાથ મહાદેવનું જ્યોતીર્લિંગ છે. ચાર દરવાજેથી અમુક સમયે દર્શન થાય છે. અને એક દરવાજેથી કાયમ થાય છે. પાસે નદી છે. તથા આગળ હનુમાનજી છે. ગામમાં મોટા શેષશાયી ભગવાનનું મંદિર છે. ડુંગર ઉપર ગૌતમ બુદ્ધનું મંદિર છે. કાઠમંડુથી રક્સોલ બોડરપરથી પટણા થઈને ગંગાનદીનો ૭ કી.મી. નો પુલ છે. ત્યાંથી વિષ્ણુપદ ગયાજી જવાય છે.

## બિહારપ્રાંતની યાત્રા

**૩૭૦ રાંચી :-** રાજકોટના તથા કચ્છના હરિભક્તો રહેછે.

**૩૭૧ ઝરીયા :-** કચ્છના તથા બીજા ઘણા હરિભક્તો રહે છે.

**૩૭૨ ધનબાદ :-** હરિ મંદિર છે. કચ્છના હરિભક્તો રહે છે.

**૩૭૩ બુદ્ધગયા :-** બુદ્ધગયામાં બૌદ્ધવિહાર છે. ત્યાં બુદ્ધ ભગવાનની મૂર્તિ છે. પૂર્વાભિમુખે બેઠેલી ધ્યાન મુદ્રાયુક્ત છે. તેમનાં માતા-પિતાની પણ મૂર્તિઓ છે. બુદ્ધને જે પીંપળા નીચે જ્ઞાન મળેલું તે વૃક્ષ હજુ પણ છે. ચીના અને જાપાની લોકોનાં બુદ્ધ મંદિરો છે. તિબેટના લામાઓ અહીં યાત્રાએ આવે છે. દંડવત્ ઘણા કરે છે. દંડવત્ કરવાના મોટા પાટલા રાખેલ હોય છે. બૌદ્ધ વિહારથી ઉપરના ભાગમાં એક મોટો કુંડ તળાવ જેવડો છે.

**૩૭૪ વિષ્ણુપદ ગયા :-** ગયાજીનું મંદિર ફલ્ગુનદીના તટ પર છે. ત્યાં એક વિષ્ણુપદ મોટું છે. તેનું પૂજન અને દર્શન થાય છે. ફલ્ગુ ઘાટ છે. ત્યાં શ્રાદ્ધ સરાવાય છે. શંકર તથા વિષ્ણુનાં મંદિરો છે. ફલ્ગુ નદીનું પાણી ગુપ્ત વહે છે. તેથી પાણી મેળવવા થોડી રેતી દૂર કરવી પડે છે. અહીં પિતાનું શ્રાદ્ધ કરાવાય છે.

## ॥ ઉત્તર પ્રદેશની યાત્રા ॥

૩૭૫ **બનારસ :-** (કાશી) શિખર મંદિર ઉત્તરદ્વારે, પૂર્વ મંદિરે શંકર પાર્વતી મૂર્તિમાન, પશ્ચિમ મંદિરે સુખશય્યા, મધ્ય મંદિરે હરિકૃષ્ણ મહારાજ, નારાયણ, લક્ષ્મીજી છે, ગંગાનદી, ગૌઘાટ, મણિકર્ણિકાઘાટ, હરિશ્ચન્દ્ર, આદિક ઘણા ઘાટો છે. (૨) ગામમાં કાશીવિશ્વનાથ મહાદેવનું મોટું મંદિર છે. કાશીમાં આ મુખ્ય મંદિર ગણાય છે. શંકરનું સ્વયંભૂ સુંદર લિંગ છે. શિખર અને ઘુંમટ પર સોનાનું પતરૂં જડેલું છે. પાકા સાડા બાવીસ મણ એટલે કાચા ૪૫ પિસતાલીસ મણજેટલું સોનું શિખર અને ઘુંમટમાં છે. (૩) તેજ શેરીમાં કરવત મુકાવવાનું સ્થળ છે એટલે ઉંડો કૂવો છે અને નીચે શંકરનું લિંગ છે. આગળના સમયમાં ત્યાં કરવત મુકાવતા. વચ્ચે કરવત હોય એટલે ઉપરથી નાખે એટલે કરવતથી મસ્તક કપાઇને નીચે શંકરના લિંગ પર પડે એવી ગોઠવણ કરી છે. અત્યારે કરવત મુકાવવાનો પ્રતિબંધ છે. હરિશ્ચન્દ્ર ઘાટ છે ત્યાં હરિશ્ચન્દ્ર શબનો કર લેવા માટે રહેતા.

૪ સંકટમોચન હનુમાનજી. આ હનુમાનજી તુલસી દાસના પધરાવેલા છે. હનુમાનજી બહુ જ ચમત્કારી છે. ઘણાં માણસો દર્શને જાય છે. તેની સામું પશ્ચિમમાં પૂર્વાભિમુખે રામ-લક્ષ્મણ-સીતાજીનું મંદિર છે.

૫ સત્યનારાયણનું મંદિર. આ મંદિર તુલસીમાનસ મંદિર તરીકે ઓળખાય છે. આ મંદિરમાં એક ખંડમાં પશ્ચિમાભિમુખે લક્ષ્મીનારાયણદેવની મૂર્તિઓ બહુજ સુંદર છે. બીજા ખંડમાં સત્યનારાયણની મૂર્તિ છે. જોડે લક્ષ્મીજી બિરાજી રહેલાં છે. એ મૂર્તિઓ ઘણી સુંદર છે. આ મંદિરમાં નીચેના ભાગમાં આરસની દિવાલોમાં દરેક સ્થળે કોતરીને શીશું ભરેલા અક્ષરોથી તુલસીકૃત રામાયણ બાલકાંડથી પ્રારંભી ઉત્તરકાંડ સુધીના સાત કાંડો લખેલા છે. વળી એ આરસની દિવાલોમાં કોતરીને રામાયણમાં કહેલી બધી લીલાનાં ચિત્રો કરેલાં છે, શ્રીકૃષ્ણ ભગવાનની પણ અમુક લીલાઓ કોતરીને પછી શીશું અને રંગ ભરીને કરેલી છે. કામ બહુ જ સુંદર છે. કહેવાય છે જે આ રામાયણ લખવાનું ખર્ચ સવા લાખ રૂપિયા જેટલું થયું છે. ઉપરના ભાગમાં તુલસીદાસની મૂર્તિ પધરાવેલી છે. ત્યાં કથા વાંચવાનું પણ સ્થળ છે. આ મંદિર એક મારવાડી શેઠે કરાવેલું છે. મંદિરની બહાર ચોકમાં શ્રી રામચંદ્રજી ભગવાનની એક પર્ણકુટી પત્થરની બનાવેલ છે પણ તેનો દેખાવ જાણે કે તૃણની બનાવેલી હોય તેવો છે. ચોકમાં સુંદર બગીચો છે. ઉત્તરાદે પડખે એક પર્વત તથા અંદરથી નીકળતી નદીઓ વિગેરેની રચનાકરેલી છે.

૬. વિશ્વવિદ્યાલય :- હિન્દુ યુનિવર્સિટી છે. તેમાં દશ હજાર વિદ્યાર્થીઓ ભણે છે, જર્મની, ચીન, જાપાન, બ્રિટન વિગેરે જુદા જુદા પ્રદેશના તથા ભારતના વિદ્યાર્થીઓ જુદી જુદી વિદ્યાઓનો અભ્યાસ કરે છે. સાયન્સ, સંસ્કૃત, ઈંગ્લીશ, એગ્રીકલ્ચરલ, કોમર્સ, આર્ટસ વિગેરે ઘણી કોલેજો છે. લગભગ પચીસ કોલેજો છે. તેમજ વિદ્યાપીઠો પણ છે. એજ કમ્પાઉન્ડમાં બિરલા મંદિર છે. જેવું દિલ્હીમાં બિરલા મંદિર છે તે ઢબનું અને મૂર્તિઓ પણ તેવા જ ઢબની. લક્ષ્મીનારાયણ-દેવની તથા શ્રીરાધાકૃષ્ણદેવની શંખચક્રગદાધારી છે. આ મંદિરમાં ઉપરના ભાગમાં મૂર્તિઓ છે. નીચેના ભાગમાં શંકરની મૂર્તિ છે અને લિંગાકાર શંકર પણ છે, આ મંદિરની આરસની દિવાલોમાં ચોતરફ કોતરીને શિશું ભરેલા અક્ષરોથી સંપૂર્ણ ગીતા શ્લોકોથી અને ભાષાના અનુવાદથી લખેલ છે.

૩૭૬ **અલ્હાબાદ :-** (પ્રયાગરાજ) આને તીર્થરાજ કહેવાય છે. ત્રીવેણી-ગંગા-યમુના અને સરસ્વતી (અદશ્ય છે) ના સંગમ પર આવેલું છે. યમુનાજી પુલ લગભગ ત્રણ હજાર ફીટ જેટલો લાંબો છે. વેણી, માધવ, સોમેશ્વર મહાદેવ, ભારદ્વાજ ઋષિનું મંદિર, નાગ વાસુકીનું મંદિર, અક્ષયવડ (ભોંયરામાં છે) શેષજીનું મંદિર ગુફામાં, ઋષિઓ તથા અવતારોની મૂર્તિઓ છે. ત્રીવેણી સંગમની થોડે દૂર ઘાટ ઉપર સૂતા હનુમાનજીનું મંદિર છે. સાચો અક્ષયવડ નદીના કિનારે કિલ્લામાં છે. શ્રીસ્વામિનારાયણ હરિ મંદિર છે.

૩૭૭ **ચિત્રકુટ :-** મંદાકીની નદી છે. રામઘાટ પર રામચંદ્રજીનું મંદિર તથા ભરત મંદિર છે. તુલસીદાસજીએ જ્યાં ચંદન ઘસ્યું હતું અને બાળકના રૂપમાં શ્રી રઘુવીરે તિલક કર્યું હતું તે સ્થળ છે. ચિત્રકુટથી આગળ ગુપ્ત ગોદાવરી સ્થાન છે, ત્યાં ભોયરામાં સીતાકુંડ છે. તથા બીજાં ભોયરામાં રામ લક્ષ્મણ કુંડ છે. પંચમુખા શંકર છે. ત્યાંથી અનુસુયાજીનો આશ્રમ છે ત્યાં મંદાકીનું ઉદ્‌ગમ સ્થાન છે. ત્યાર પછી સ્ફટક શીલા નામનું સ્થાન છે. ત્યાં નદી તથા રામ ભરતની બેઠકનો પથ્થર છે.

૩૭૮ **અયોધ્યા :-** બંગલા ઘાટ શિખર મંદિર. પશ્ચિમ દ્વારે શ્વેત હરિકૃષ્ણ મહારાજ તથા શ્યામ શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્વેત રાધિકાજીની મૂર્તિ છે. રામાનંદ સ્વામીનું ઘર ત્યાં છત્રી કરી ચરણારવિંદ પધરાવેલ છે. ધર્મદેવનું ઘર હતું ત્યાં છત્રી કરી ચરણારવિંદ પધરાવેલ છે. હનુમાનગઢીનું મંદિર ત્યાં હનુમાનજી છે. કનકભુવનનું મંદિર તથા રાણી મંદિર તથા જન્મસ્થાન તથા સીતારસોઈ ઘર (અંદરનીચેના ભાગમાં છે.) રત્નસિંહાસન, સરયુ ઘાટ, રાજમંદિર, મહાદેવનું મંદિર (કાયસ્થવાળું) ત્યાં છત્રી કરી ચરણારવિંદ પધરાવેલ છે. આનંદભુવન, કોપ ભુવન, રામકોટ, સ્વર્ગદ્વારી, નંદીગ્રામમાં જ્યાં ભરતજીએ તપશ્ચર્યા કરી હતી ત્યાં ભરત મંદિર. સૂર્યઘાટ ઉપર સૂર્યનારાયણનું મંદિર, ગોવિંદદાસજીનું મંદિર, લક્ષ્મણઘાટ, રામઘાટ, જાનકીઘાટ, વિદ્યાકુંડ, દાતણકુંડ, સીતાકુંડ, સૂર્યકુંડ, અહલ્યાબાઈનું મંદિર, ગોવિંદદાસજીના મંદિરમાં હજાર દિવેટોની આરતી ઉતારાય છે. સરયુ નદી મહા પવિત્ર છે. આ નદી તરીને શ્રીજી મહારાજ વનમાં ગયા હતા.

૩૭૯ **છપૈયા :-** શિખર મંદિર પૂર્વદ્વારે. ઉત્તર મંદિરમાં વાસુદેવની શ્વેત મૂર્તિ છે. તથા કુંજવિહારી શ્રીકૃષ્ણની શ્યામ તથા રાધિકાજીની શ્વેત મૂર્તિ છે. મધ્ય મંદિરમાં ધાતુની

શ્રી અયોધ્યાપ્રસાદજી તથા ઘનશ્યામ મહારાજ, ધર્મદેવ તથા ભક્તિ માતાની મૂર્તિ છે. દક્ષિણ મંદિરમાં ધાતુની શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા બળદેવ તથા રેવતીજીની મૂર્તિ છે. જન્મસ્થાન ત્યાં બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજની મૂર્તિ શ્વેત છે. ઉત્તર સન્મુખ બિરાજી રહેલા છે. જન્મસ્થાન અંદર ભોયરામાં, તેની સામે જ્યાં આંબલીનું વૃક્ષ હતું તથા ચોતરો હતો ત્યાં હાલે છત્રી કરી ચરણારવિંદ પધરાવેલ છે. તેની પાસે ગંગાજળીયો કૂવો છે. પૂર્વમાં મંદિર સામે જ નારાયણ સરોવર છે. ઉત્તર કિનારે મહુડાનું વૃક્ષ હતું ત્યાં ઓટો કરી ચરણારવિંદ પધરાવેલ છે. પૂર્વ કિનારે ભવાની માતાનું મંદિર છે. અગ્નિકોણમાં જીવરાણી સતી થયાં હતાં તે સ્થળ છે. ત્યાંથી આગળ જ્યાં કાલીદત્તનું મરણ થયું હતું અને દહીંઓ આંબો હતો ત્યાં પણ ઓટો કરી ચરણારવિંદ પધરાવેલ છે. જે પીપળામાં ભૂતો રહેતાં હતાં ઘનશ્યામ મહારાજે તેની પાસે સાખો વિણાવી હતી તે પીપળાનું સ્થળ ત્યાં છત્રી કરી ચરણારવિંદ પધરાવેલ છે. ત્રણ ખુણીયું ખેતર, જ્યાં મહુડું હતું ત્યાં ઓટો કરી ચરણારવિંદ પધરાવેલ છે. મહારાજે ચીભડી મીઠી કરી હતી તે ખેતર, બાજુમાં મીન સરોવર છે. તેને કિનારે મહુડાનું વૃક્ષ હતું ત્યાં ઓટો કરી ચરણારવિંદ પધરાવેલ છે. ભેટીયા પાસે રામસાગર તલાવ ત્યાં હનુમાનજી છે તથા તળાવથી ઉપરના ભાગમાં વિશ્રામ મામાનું ખેતર જેમાં પાણી ભરાઈ ગયું હતું. ઘનશ્યામ મહારાજે અંગુઠો દબાવીને પાણીને પાતાળમાં મૂકી દીધું અને મત્સ્ય વિગેરેને દિવ્ય દેહ ધરાવી સ્વર્ગમાં મોકલાવી દીધાં હતાં તે સ્થળ છે.

**૩૮૦ તીનવા :-** માસીને ઘેર કૂવો, તેથી પશ્ચિમમાં ભૂતિયો કૂવો ત્યાં ઓટો કરી ચરણારવિંદ પધરાવેલ છે.

**૩૮૧ પીરોજપુર :-** જાંબુડાનું વૃક્ષ, મલ્લને મહારાજે જાંબુડેથી પાડ્યો હતો. ત્યાં છત્રી કરી ચરણારવિંદ પધરાવેલ છે. તેની બાજુમાં બહીરી કૂવો છે તથા મોક્ષપીપળો છે. તેના પર ચડીને શ્રીહરિએ મુમુક્ષુઓ જોયા હતા ત્યાં ઓટો કરી ચરણારવિંદ પધરાવેલ છે.

**૩૮૨ ઈશના :-** ખાંપા તલાવડી. શ્રી ઘનશ્યામ મહારાજને આંબલીનો ખાંપો વાગ્યો હતો તે સ્થળે ઓટો કરી ચરણારવિંદ પધરાવેલ છે. ખાંપા તલાવનો આરો બાંધેલો છે.

**૩૮૩ નરેચા :-** (મોટા તથા નાના) કલ્યાણસાગર તળાવ. વિવાહ પ્રસંગે આતશબાજીથી સન્માનસિંહ રાજાના બે દૂતો મરી ગયા. તેને તલાવમાંથી બોલાવીને સજીવન કર્યા હતા. સન્માનસિંહની રાણીનું નામ જડકુંવર હતું. છત્રી કરી ચરણારવિંદ પધરાવેલ છે.

**૩૮૪ ભેટીયા :-** ઘનશ્યામ મહારાજ અને શંકર ભેટ્યા હતા, ત્યાં રામસાગર તળાવ છે.

**૩૮૫ લોહગંજરી :-** જંગલેશ્વર મહાદેવ પ્રસાદીના છે. તથા સંધ્યાગીર બાવાનો મઠ છે.

**૩૮૬ પતજીયા ગામ :-** ત્યાં પતજીયા મહાદેવ પ્રસાદીના છે, ત્યાં ઓટો કરી ચરણારવિંદ પધરાવેલ છે.

**૩૮૭ ગૌઘાટ :-** વિશ્વામિત્રી નદી પ્રસાદીની છે. જ્યાં ઘનશ્યામ મહારાજ જલક્રિડા કરતા ત્યાં ઓટો કરી ચરણારવિંદ પધરાવેલ છે. બાજુમાં મોટું વન છે. ઘીચોઘીચ વૃક્ષો ઉભાં છે.

**૩૮૮ ગુરગામ :-** શ્રવણ તલાવડી ત્યાં શ્રવણ કાવડીયો માતાપિતાને લઈને યાત્રા કરાવતો ઉભો છે. ત્યાં હનુમાનજી પ્રસાદીના છે. ઘનશ્યામ મહારાજે આંધળાઓને દેખતા કર્યા હતા. ત્યાં છત્રી કરી ચરણારવિંદ પધરાવેલ છે.

**૩૮૯ તરગામ :-** બરવાચક સ્ટેશનથી દોઢ માઈલ દૂર તરગામ છે. રામપ્રતાપભાઈના સસરાનું ઘર ત્યાં ઓટો કરી ચરણારવિંદ પધરાવેલ છે. શ્રીસ્વામિનારાયણ હરિ મંદિર છે. ગામની પશ્ચિમે મહાદેવીઉં તલાવ, ત્યાં હનુમાનજી છે તથા લીંબડો પ્રસાદીનો. ત્રિખુણીયું ખેતર તળાવથી થોડે છેટે નજીકમાં છે.

છપૈયાથી તરગામ જતાં રેલ્વે માર્ગમાં મસ્કનવા મનકાપુર, ઝીલઈ, મોતીગંજ, બરવાચક, આ પ્રમાણે ગોંડા તરફનાં સ્ટેશનો આવે છે. તેમાં બરવાચક સ્ટેશનથી પગ રસ્તે એકાદ માઈલ પર તરગામ છે.

**૩૯૦ મખોડાઘાટ :-** મનોરમા નદીનો ઘાટ, રામચંદ્રજી ભગવાનનાં બે મંદિરો મોટાં છે. શંકરનું મંદિર છે. મોક્ષ પીપળો હતો તે સ્થળે ઓટો છે. અહીં દશરથ રાજાએ ઘણા યજ્ઞો કરાવેલા હતા. મખોડાઘાટથી નૈમિષારણ્ય જતાં માર્ગમાં લખનૌ આવે છે.

**૩૯૧ લખનૌ :-** ત્યાં ગોમતી છે.

**૩૯૨ નૈમિષારણ્ય ક્ષેત્ર :-** ચક્રતીર્થ, તીર્થ ઉપર મંદિર છે. ધેનુમતી નદી, સુતપુરાણીનો આશ્રમ. ત્યાં અઠ્યાસી હજાર મુનિઓને પુરાણોની કથા સુતપુરાણીએ સંભળાવેલ છે. અહીં મંદિર છે. રાધાકૃષ્ણદેવ, રામચંદ્રજી, મહાદેવ, હનુમાનજી વિગેરેનાં મંદિરો છે. બદરીનારાયણનું મંદિર, પાંચ પાંડવો, કુંતાજી, દ્રૌપદી, ગોમતી ગંગા, બ્રહ્માવર્ત કુંડ, વ્યાસઆશ્રમ, વ્યાસજીની ગાદી, વ્યાસજી, શુકદેવજી, યજ્ઞકુંડ, જૈમિનીમુનિનો આશ્રમ, સ્વયંભુમનુ અને શતરુપાનો આશ્રમ.

**૩૯૩ મિસરક :-** મિશ્રકકુંડ, દધિચી ઋષિનું સ્થાન.

**૩૯૪ બરેલી :-** માર્ગમાં ગલમુકતેશ્વર ગંગા નામની મોટી નદી છે.

**૩૯૫ કનખલ :-** દક્ષેશ્વર મહાદેવનું મંદિર, યજ્ઞકુંડ, દક્ષનું મુખ બકરાનું થયું હતું, સતીએ દેહ ત્યાગ કર્યો, વિરભદ્ર સૈન્ય લઈને આવ્યો. યજ્ઞ છિન્ન-ભિન્ન કર્યો તે સ્થળે

મંદિર છે. ત્યાં ગંગાજી વહે છે.

**૩૯૬ હરિદ્વાર** :- શંકરાચાર્ય ચોક પાસે સ્વામિનારાયણ મંદિર છે. (હરિમંદિર) હરકીપેડી, મૃત્યુંજય મહાદેવ, અખંડ બે કલશોમાંથી શંકર પર જલની ધારા પડ્યા જ કરે છે. પાંડવોનું મંદિર તથા મહાદેવનું મંદિર. ગંગાસ્નાન માટે સુંદર સ્થળ છે. ગંગાજીની સાયંકાળની આરતી દર્શનીય હોય છે. ત્યાં જાુદા જાુદા સ્નાન માટેના આરાઓ છે.

**૩૯૭ લક્ષ્મણઝુલા** :- બદરિનારાયણ મંદિર, શ્રીમન્નારાયણ મંદિર, રામચંદ્રજીનું મંદિર, લક્ષ્મણજીનું મંદિર, શ્રીરામ સીતા લક્ષ્મણનું મંદિર, ગીતાભુવન, પરમાર્થ નિકેતન, લક્ષ્મીનારાયણનું મંદિર, નજીકમાં ગંગાજી વહે છે. ઝુલતો પુલ.

**૩૯૮ ઋષિકેશ** :- ભરતજીનું મંદિર તથા મોટો જલકુંડ. અહીંથી બદ્રી નારાયણ જવા માટે મોટરમાં અથવા પગપાળા રસ્તો શરુ થાય છે.

**૩૯૯ દેવપ્રયાગ** :- ભગવાનનું મંદિર છે.

**૪૦૦ કીર્તિનગર** :- ભગવાનનું મંદિર છે.

**૪૦૧ શ્રીનગર** :- ભગવાનનું મંદિર છે.

**૪૦૨ રૂદ્રપ્રયાગ** :- ભગવાનનું મંદિર છે. ત્રીવેણી સંગમ.

**૪૦૩ ગોચર** :- ભગવાનનું મંદિર છે.

**૪૦૪ કર્ણપ્રયાગ** :- ભગવાનનું મંદિર છે.

**૪૦૫ નંદપ્રયાગ** :- ભગવાનનું મંદિર છે.

**૪૦૬ ચમોલી** :- (રાજધાની)

**૪૦૭ પીપલકોટી** :- બદરીનારાયણ જતાં રસ્તાનું ગામ.

**૪૦૮ જોશીમઠ** :- શ્રીનૃસિંહજીનું મંદિર, રાધાકૃષ્ણદેવનું મંદિર ગરૂડજીવાળું. બદરિનારાયણમાં બરફ પડે છે ત્યારે ત્યાંની ચલ મૂર્તિઓ શ્રી નૃસિંહજીના મંદિરમાં લાવે છે. અને છ મહીના ત્યાં પૂજા થાય છે. શ્રી શંકરાચાર્યનો મઠ, શંકરાચાર્યની ગુફા, તેના પર એક શાતોદનું વૃક્ષ છે તે ૨૫૦૦ વર્ષનું છે. તેને કલ્પવૃક્ષ કહે છે.

**૪૦૯ બદ્રિનારાયણ** :- શ્રીસ્વામિનારાયણનું હરિમંદિર પૂર્વ દ્વારે. બદ્રિનારાયણની ઉંચાઇ ૧૦૨૫૦ દસહજાર બસો પચાસ ફીટ છે. બદ્રિનાથપુરીના ઉત્તર ભાગમાં અને ગંગાથી પશ્ચિમ ભાગમાં શ્રીબદ્રિનાથ ભગવાનનું મંદિર પૂર્વ દ્વારે છે. દરવાજા ઉપર સામે જ ગરુડની મૂર્તિ છે. મંદિરની બે દોઢી પછી બદ્રિનારાયણની શ્યામવર્ણ મૂર્તિ એક હાથ આસરેની પૂર્વમુખે વિરાજમાન છે. દક્ષિણ તરફ કુબેરજી, શ્રીદેવી, ભૂદેવી અને ગરુડજી છે. ઉત્તર તરફ ઉદ્ધવજી, શ્રીનરનારાયણ અને નારદજી છે. જગદ્‌ગુરુ શંકરાચાર્યે આ મૂર્તિ આઠમા સૈકામાં સ્થાપન કરેલ છે. ભગવાને દર્શન આપીને કહેલું, જેથી નારદકુંડમાંથી બહાર કાઢી. તે પછીથી મંદિર બનાવીને સ્થાપના કરેલ છે. આ સ્વયંભૂ મૂર્તિ છે. પ્રદક્ષિણામાં લક્ષ્મીજીનું જુદું મંદિર પણ છે. પાસે જ સભાસ્થાન છે. નીચે પગથીયાં ઊતરીને અલકનંદાના કિનારે તપ્તકુંડ છે. તેની પાસે જ નારદકુંડ છે. નારદશીલા, વારાહીશીલા પણ છે. ઉપરના ભાગમાં ગરૂડશીલા પણ છે. તથા કેદારેશ્વર નામના શંકર છે. ઉત્તર ભાગમાં અલકનંદાના કિનારે બ્રહ્મકંપાલ નામનું તીર્થ છે. થોડે છેટે ઉત્તરમાં નારસિંહી શીલા છે. બે માઇલ છેટે માણા ગામ છે. ભારતનું આ છેલ્લું ગામ છે. તેની આજુ બાજુ મુચુકુંદ ગુફા, વ્યાસગુફા, કેશવપ્રયાગ, ભીમપુલ વિગેરે તીર્થો છે. નદીના સામે કીનારે મૂર્તિમાતાનું મંદિર છે. ગામમાં પરમાર્થ આશ્રમ છે. તેમાં ૧૦૮ મૂર્તિઓ છે. સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ પણ છે. બદ્રિનાથ મંદિર શિયાળામાં છ માસ બંધ રહે છે. અહીંથી એક માર્ગ માનાઘાટી થઇને કૈલાસ પર્વત અને માનસરોવર તરફ જાય છે. રૂદ્રપ્રયાગથી ગુપ્તકાશી કેદારનાથ માર્ગે

**૪૧૦ ગુપ્તકાશી** :- વિશ્વનાથ મહાદેવનું મંદિર છે. તથા ગંગા યમુના છે.

**૪૧૧ ગૌરીકુંડ** :- ગરમ પાણીનો કુંડ છે. અહીં શ્રીજીમહારાજ થોડા દિવસ રોકાયા હતા. અહીંથી કેદારનાથ પગપાળા જવા માટે ૧૫ કી.મી. નો રસ્તો છે.

**૪૧૨ કેદારનાથ** :- મહાદેવનું મોટું મંદિર દક્ષિણ સન્મુખ છે. (જ્યોર્તિલિંગ છે.) રસ્તો ઉંચાણવાળો છે. કેદારની ઉંચાઇ ૩૫૮૩ મીટર છે. મંદિરમાં પાંચ પાંડવ, દ્રૌપદી, શ્રીકૃષ્ણ, કાર્તિક સ્વામી, વશિષ્ઠ, અગસ્ત્ય, હનુમાનજી, પરશુરામની મૂર્તિઓ છે. નંદીશ્વર તથા સિંહ બેઠેલા છે. અમૃતકુંડ, રેતકુંડ હંસકુંડ છે. ગરમ પાણીનો કુંડ છે. તેમાં ચોખાની પોટલી રાખવાથી ચડી જાય છે. કેદારનાથથી ગંગોત્રી જતાં માર્ગમાં.

**૪૧૩ ઉત્તરકાશી** :- કાશી વિશ્વનાથ મહાદેવનું મંદિર છે. પાસે હનુમાનજી મંદિર છે.

**૪૧૪ ગંગોત્રી** :- ગંગા માતાનું મંદિર, શંકર મંદિર, ભાગીરથી શિલા, તથા ગંગા નદી છે. ગંગોત્રીની ઉંચાઇ ૩૧૪૦ મીટરની છે. અહિંથી પગપાળા ચાલીને ૨૦ કિ.મી.

ના અંતરે ગૌમુખ છે ત્યાંથી ગંગાની ઉત્પત્તિ થાય છે.

**૪૧૫ યમુનોત્રી :-** યમુનાજીનું ઉદ્‌ગમ સ્થાન છે. ગરમ પાણીનો કુંડ છે. તેમાં ભાત તથા બટેટાં ચડી જાય છે. યમુના માતાનું મંદિર છે. યમુનોત્રી ૧૩ કી.મી. પગપાળા ચાલવું પડે છે. અઘરો રસ્તો છે. યમુનોત્રીની ઉંચાઈ ૩૩૨૩ મીટર છે.

**૪૧૬ કુરૂક્ષેત્ર :-** સૂર્યકુંડ, ધ્રુવ તથા સત્યનારાયણનું મંદિર, લક્ષ્મીનારાયણનું મંદિર, રાધાકૃષ્ણ મંદિર, કુરૂક્ષેત્રકુંડ, ગીતાભુવન, અંદર ગીતા કોતરેલી છે. દિવાલોમાં તથા સ્થંભોમાં, કૌરવ, પાંડવ, પંચાયતન, ભિષ્મપિતા બાણશય્યા પર છે. તલાવમાં ઘણાં કમળો છે. તેની વચ્ચે એક મહાદેવજીનું મંદિર છે. બીરલા મંદિર, તેના બગીચામાં આરસનો બનાવેલો મોટો ચાર ઘોડાવાળો રથ છે. શ્રીકૃષ્ણ ભગવાન રથના સારથી છે અને અર્જુન અંદર રથી થઈને બેઠા છે. બીરલા મંદિરની અંદર ચક્રધારી શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ છે. ગીતાભુવનમાં શ્રીકૃષ્ણ ભગવાને અર્જુનને ગીતાનો ઉપદેશ કરેલો છે તેની જુદી જુદી મૂર્તિઓ છે.

**૪૧૭ દિલ્હી :-** હરિમંદિર ઉત્તર દ્વારે. (હસ્તિનાપુર) લાલ કિલ્લા પાસે લક્ષ્મીનારાયણનું મંદિર છે. તેમાં જુદી જુદી રમણીય મૂર્તિઓ નીચે પ્રમાણે છે.

(૧) શંકરનું લિંગ તે ઉપર કૈલાસનો દેખાવ. તેમાં મૂર્તિમાન શંકર (૨) રાધાકૃષ્ણ (૩) લક્ષ્મીનારાયણદેવ (૪) ગાયત્રીની મૂર્તિ, સાવિત્રી (૫) ગંગાજીની શ્વેતમૂર્તિ (૬) યમુનાજીની શ્યામમૂર્તિ (૭) શેષશય્યા (૮) પાર્વતી દેવીનું મંદિર (૯) રામલક્ષ્મણ સીતાજીનું મંદિર (૧૦) ધ્રુવનારાયણનું મંદિર (૧૧) હનુમાનજીનું મંદિર (૧૨) સૂર્યનારાયણનું મંદિર (૧૩) ગણપતિજીનું મંદિર (૧૪) ગાયત્રીનું મંદિર. (૧૫) બિરલા મંદિર. લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિઓ છે. શ્રીકૃષ્ણ ભાગવાન શંખ ચક્ર ધારી દ્વિભુજ છે. જમણા ઉંચા હસ્તમાં ચક્ર અને નીચેના ડાબા હસ્તમાં શંખ ધારી રહ્યા છે. બીજું મંદિર છે તેમાં મુરલીધર શ્રીકૃષ્ણ ભગવાનની મૂર્તિ છે. ચારે બાજુ આયના ગોઠવેલા છે જેથી ઘણી મૂર્તિઓ દશ્યમાન થાય છે. મંદિરના બહારના ભાગમાં ચોક છે. તેમાં લાલ પથ્થરનો સ્થંભ છે. તેમાં ગીતાના શ્લોક બાળબોધ અક્ષરમાં કોતરેલા છે. મંદિરની અંદરની દિવાલોમાં આરસ ચોંટાડેલ છે તેમાં કોતરીને શીશુ ભરેલા અક્ષરોવાળા ગીતાના શ્લોકો અને હિન્દીમાં તેના અર્થો લખેલા છે. સંપૂર્ણ અર્થસહિત ગીતા લખેલી છે, બિરલા મંદિરના પાછળના ભાગમાં એક મોટા રાક્ષસનું મુખ કરેલું છે. તેમાંથી પસાર થઈ પાછળ જવાય છે. પાછળ બગીચો છે તેમજ બીજાં સ્થળો, કુંડો વિગેરે છે. આગળના ભાગમાં મંદિરના દરવાજાની આગળ એક હોજ છે. તેને કિનારે એક ગેંડો ઉભો રાખેલ છે. અંદર સભા સ્થાન પણ વિશાળ છે. બુદ્ધની મૂર્તિ પણ છે. પાર્લામેન્ટનું મકાન ગોળ ઘેરાવાવાળું બ્રિટીશના સમયમાં બંધાયેલું છે. જુની દિલ્હીમાં પાંડવ જ્યાં રહેતા તે સ્થળ છે. જમુના નદી મોટી વહે છે.

**૪૧૮ નંદગામ :-** ડુંગર પર કૃષ્ણ-બળરામ અને નંદ જસોદાજીનું મંદિર છે. ત્યાં બીજાં પણ નાના મોટાં મંદિરો છે.

**૪૧૯ બરસાણા :-** ડુંગર ઉપર રાધાકૃષ્ણનું મંદિર છે. ચોકમાં છત્રી છે.ત્યાં રાધાજીનું જન્મ સ્થાન છે.

**૪૨૦ યતિપુરા :-** ગોવર્ધન પર્વતનું મુખ છે. તથા પર્વત ઉપર દ્વારિકાધીશનું મંદિર છે.

**૪૨૧ ગોવર્ધન ગામ :-** ગોવર્ધન પર્વતનું પુચ્છ કહેવાય છે. ત્યાં મંદિર તથા તળાવ છે.

**૪૨૨ વૃંદાવન :-** મથુરાથી છ માઈલ ઉત્તરમાં વૃંદાવન યમુના નદીને કિનારે આવેલું છે. શ્રીકૃષ્ણ ભગવાનને પામવા માટે, કુશધ્વજ રાજાની પુત્રી વૃંદાએ આ સ્થળે સત્યયુગમાં તપ કરેલું છે. વૃંદાને તપ કરવાનું વન, માટે વૃંદાવન. આ વૃંદાવન શ્રીકૃષ્ણ ભગવાનની બાળલીલાનું સ્થાન છે. આ વૃંદાવન દિવ્ય ભૂમિમાંથી આવેલું છે. માટે તેનો મહિમા ઘણો મોટો છે. તેમાં જોવા લાયક સ્થળો ઘણાં છે.

(૧) રામાનુજ સંપ્રદાયનું શ્રીરંગનાથજીનું મોટું મંદિર. તેમાં મૂર્તિ શેષશાયીજી ભગવાનની છે. શ્રીદેવી તથા ભૂદેવી સાથે છે. તે મંદિરના ચોકમાં ૨૫ પચીસ ફીટ ઉંચો સાડા બાર મણ સોનાનાં પતરાંથી મઢેલો સુવર્ણ સ્તંભ છે. દક્ષિણમાં મંદિરો બંધાય છે. તેવી બાંધણીનું આ મંદિર છે. દરવાજા ઉપર તથા મંદિર ઉપર શિખર છે. તેના પર સુવર્ણના ઘણા કળશો છે. દરવાજા પરનું જે શિખર તેને ગોપુર કહેવાય છે. પ્રદક્ષિણા અંદરથી તેમજ બહારથી કરી શકાય છે. તેમાં બીજાં ઘણાં મંદિરો છે. એક બીજાને મંદિરે મુખ્ય મંદિરના ઠાકોરજી પધરામણી કરવા પાલખીમાં બેસીને જાય છે. જે મંદિરે પધરામણી કરવી હોય ત્યાંના ઠાકોરજી અથવા ભૂદેવી, શ્રીદેવી વિગેરે પાલખીમાં બેસીને મુખ્ય મંદિરના ઠાકોરજીને તેડવા માટે આવે, પછી વાજતે ગાજતે બન્ને પાલખીઓ ચાલે, તેમાં બધા મંદિરો આગળથી થઈને જાય, ત્યારે તે મંદિરના પૂજારીઓ, પધરામણીએ આવેલ ઠાકોરજીનું હાર, ચંદન, અક્ષત, કુંકુમાદિક ઉપચારથી પૂજન કરે છે.

(૨) વળવાળા આરસ પાષાણના થાંભલાવાળું મંદિર. આ મંદિરના નિર્માતા લખનૌના શેઠ, શાહ બિહારીલાલ છે. તેમણે પોતાનું નિર્માનિપણું દર્શાવવા માટે, પોતાના પરિવારસહ આરસ પર પોતાનાં ચિત્રો બનાવ્યાં છે. દર્શન કરનાર હરિભક્તોની ચરણરજ, મસ્તક પર પડે એવી રીતે, ચિત્રો કરાવ્યાં છે.

(૩) લાલાબાબુ મહામુક્ત હતા, જેમણે શ્રીજીમહારાજને ભેટ તરીકે અત્તરની શીશી મોકલાવી હતી. તે લાલાબાબુનું મંદિર, વૃંદાવનમાં બાંકે બિહારીના મંદિર તરીકે પ્રખ્યાત છે. મંદિર પરનું શિખર સુંદર છે.

(૪) કાલીન્દ્રીના ધરા પર જ્યાં ભગવાને કાળીનાગ નાથ્યો હતો, તે સ્થળે મંદિર છે. તેમાં કાળીનાગની અનંત ફણા પર બંસીધર ભગવાન ઉભેલા છે. યુગલઘાટ પર યુગલકિશોરીની મૂર્તિ છે.

(૫) યમુના કિનારે ચીરહરણ ઘાટ છે. ત્યાં કદમનું વૃક્ષ છે. ભગવાન ગોપીઓનાં ચીર લઈને એ વૃક્ષ પર ચઢ્યા હતા.

(૬) ગજરાજકુંડ છે. ત્યાં ભગવાને ગજરાજને ઝુંડથી મુકાવ્યો હતો.

(૭) બંસીવટ છે. આ બંસીવટ પાસે ગોપીનાથજીનું મંદિર છે. તે સ્થળે છ મહિના સુધી ભગવાને રાસલીલા કરી હતી. સિવાય રંગનાથ, રાધાગોપાલ, સત્યનારાયણ, આદિનારાયણ વિગેરે ઘણાં મંદિરો છે. થોડે દૂર સેવાકુંજ તથા રાધાશ્યામનું મંદિર છે.

(૮) એક મંદિર એવું છે જે ત્યાં ભાંખડીઆભર ચાલીને ભગવાનનાં દર્શન કરાય છે. ત્યાં એક કુવો પ્રસાદીનો છે તેનું ચરણામૃત લેવાય છે અને પ્રસાદી જમીને ત્યાં હસાય છે એવો પ્રબંધ છે.

**૪૨૩ મથુરા :-** (૧) શિખરબંધ મંદિર ઉત્તરદ્વારે છે. મધ્ય મંદિરમાં હરિકૃષ્ણ મહારાજ શ્રીકૃષ્ણ ભગવાન તથા રાધિકાજી છે. જમણી બાજુ શ્રીઘનશ્યામ મહારાજ છે. ડાબી બાજુ સુખશય્યા છે.

(૨) બિરલા મંદિર. શ્રીકૃષ્ણ ભગવાન શંખ ચક્રધારી છે. ઉપરના જમણા હાથે ચક્ર અને નીચેના ડાબા હાથમાં શંખધારી દ્વિભુજ છે. લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિઓ પણ અતિ સુંદર છે. લાલ પથ્થરનો સ્થંભ છે. તેમાં કોતરી કાઢેલા અક્ષરોથી ગીતાના શ્લોકો તથા હિન્દીમાં અર્થ લખેલા છે.

(૩) યમુનાનદી વિશ્રામઘાટ. નજીકમાં દ્વારિકાધીશનું મોટું મંદિર છે. પૂજાવિધિ બહુ સારી થાય છે. મંદિરની આગળ બેસીને શાંતિથી દર્શન થાય છે. મૂર્તિઓ અતિ સુંદર છે.

(૪) બાંકે બિહારીનું મંદિર પણ સુંદર છે. રાધાજી વિરહ સહન કરી શકતાં નથી તેથી અહિં વારંવાર ટેરાપડદા આવે છે.

(૫) કંસ રાજાની કચેરી, મલ્લઅખાડો, કુવલ્યાપીડ હસ્તિ વિગેરેનાં દ્રશ્યો છે. જેમ કાશીમાં વિશ્વનાથ મહાદેવ પ્રખ્યાત છે. તેવી જ રીતે મથુરાપુરીમાં શ્રીકૃષ્ણ ભગવાન અને બલરામના ન્યાય કરનારા રંગનાથ મહાદેવ છે. તેની સમીપમાં અસુરોથી ત્રાસ પામેલા શ્રીધર્મદેવ ભક્તિદેવી સહ તપ કરવા માટે અયોધ્યાથી વૃંદાવન જતાં ત્રણ રાત્રી આ સ્થળે રહ્યા હતા. ત્યાં ચૌબાજી ચતુર્ભુજ અડવંગનાં ઘર હતાં. તેમના વંશના શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના ગોર તરીકે કહેવાતા શ્રીગિરીશ, ફુલ્કીરામ તથા તેમના સુપુત્ર ધીરજધારી શાસ્ત્રીએ ઉપરોક્ત પવિત્ર ભૂમિમાં સંપ્રદાયનું ઐતિહાસિક શ્રીધર્મદેવ તથા ભક્તિદેવીના પ્રસાદીભૂત સ્થાનમાં, શ્રીસ્વામિનારાયણ ઘનશ્યામ આશ્રમ બનાવેલ છે. તેમાં ધર્મદેવ અને ભક્તિદેવીની ચિત્ર પ્રતિમા સહિત ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ પ્રતિષ્ઠા શ્રીનગરનિવાસી શ્રીનરનારાયણદેવની ગાદીના ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રીદેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી સન. ૧૯૬૪ ની સાલે તા. ૮ મી માર્ચમાં કરાવેલ છે. મંદિર નાનું છે છતાં અતિ મહત્વપૂર્ણ છે.

(૬) મથુરા ગામથી માઈલેક દૂર હાલમાં સંશોધન થયેલ જે જન્મસ્થાન છે ત્યાં શ્રીકૃષ્ણ ભગવાનનું મંદિર છે. વસુદેવ દેવકીજી અને શ્રીકૃષ્ણની સુંદર મૂર્તિઓ છે. વસુદેવ દેવકીને જ્યાં કેદ કરેલાં હતાં તે સ્થળ નીચેના ભાગમાં છે. લાલ પથ્થરનો એક સ્થંભ ઉભો કરેલો છે. તેમાં કોતરેલા અક્ષરોથી ગીતાના શ્લોકો તથા હીન્દીમાં તેના અર્થો લખેલા છે. ત્યાં ભાગવતભુવન છે. આખું ભાગવત લખેલ છે. પાસે જ એક કુંડ છે, તે પોતીઆ કુંડ કહેવાય છે. ત્યાં ધર્મશાળા સારી છે. કુબ્જાનું મંદિર મથુરામાં છે. યમુના નદીના ૨૪ ઘાટ છે. તેમાં વિશ્રામઘાટ મુખ્ય છે, કારણ કે શ્રીકૃષ્ણ ભગવાને યુદ્ધ કરીને અહીં વિશ્રાંતિ લીધી હતી. મથુરાથી દ્વારિકા ગયા ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન પોતાનો મુકુટ તથા પાદુકા વિશ્રામ ઘાટ છે ત્યાં મૂકી ગયા હતા. આ ઘાટ પર યમુનાજીની મૂર્તિ છે. સાંજે દરરોજ યમુના મૈયાની આરતી આ સ્થળે થાય છે. સિવાય ગોવર્ધનનાથ, ગોપીનાથ, મથુરાંનાથ, દાઉજી, વ્રજગોવિંદ, રાધાકૃષ્ણવિહારી વિગેરેનાં મંદિરો છે.

**''મથુરામેં સબ માંગતે, દાતા કેશવદેવ । બ્રાહ્મણ બનીયા વાંદરા, સબકું છીન ખાનેકી ટેવ ॥''**

**૪૨૪ ગોકુળ :-** મથુરાથી ગોકુળ લગભગ આઠ માઈલ દૂર યમુના નદીના કિનારા પર છે. નવું અને જુનું એમ બે ગોકુલ છે. યમુના નદીનો ઘાટ આ સ્થળે બાંધેલો છે. મુખ્ય મંદિર ગોકુળ નાથજીનું છે. મુરલીધર ઘાટ પર ભગવાને મુરલી બજાવી હતી. ગોપકુવો. (શ્રીકૃષ્ણ ભગવાને બંસી બજાવીને બંસીથી કૂવો ખોદી, ગોપીઓને પાણી પાયું હતું.)

**૧. જુના ગોકુળ :-** નંદયશોદાનું ભુવન છે. ભગવાનને પારણામાં બેસાડેલ હોય છે. તેને ચાંદીની દોરી વતે ઝુલાવાય છે. તેના પર નંદયશોદા અને દાઉજીની મૂર્તિઓ છે.

**૨. બ્રહ્માંડઘાટ :-** માટી ખાવાની લીલામાં શ્રીકૃષ્ણ ભગવાને પોતાની માતા યશોદાને મુખમાં બ્રહ્માંડ બતાવ્યું હતું. ત્યાં ભગવાનની ચરણરજના પીંડા મળે છે.

૩. યમલાર્જુનનો મોક્ષ કર્યો હતો તે સ્થળે બે વૃક્ષો ઉભાં છે.

૪. બકાસુર, અઘાસુર, વત્સાસુર વિગેરેને માર્યા હતા તે લીલાનું સ્થળ અને તે તે અસુરોની આકૃતિઓ જુદાં જુદાં મંદિરોમાં પધરાવેલી છે.

૫. પાતાલદેવી ઉંડાં ભોયરામાં છે. દીવાના અંજવાળે દર્શન કરી શકાય છે.

૬. પુતના માસીનો વધ કર્યો હતો તે સ્થળ પણ ત્યાં જ છે અને પુતનાની આકૃતિ કરેલ છે.

**વૃંદાવનસેં વન નહિ, કૃષ્ણનામ સેં નામ । બંસીબટ જેસે બટ નહિ, નંદ ગાવસેં નહિ ગામ ॥**

૭. ગોકુળથી અર્ધો માઈલેક દૂર, રમણરેતી નામનું તીર્થ છે. ત્યાં સન્યાસીઓનો આશ્રમ છે. સન્યાસીઓ જુદી જુદી પર્ણકુટી કરીને અંદર રહે છે. ભજન કિર્તન કરે છે. ત્યાં સભા સ્થાને કથા પણ વંચાય છે. અહીં રમણ રેતીમાં આળોટવાનો મહિમા છે.

૮. વૃંદાવનથી ગોવર્ધન પર્વત પર મથુરાં થઈને જવાય છે અને તે ગોવર્ધન પર્વત મથુરાથી વીસ માઈલ દૂર છે. ત્યાં ભગવાનની મૂર્તિ છે. બીજાં પણ મંદિરો છે. ત્યાં કાનગોપીઓના રાસ કરે છે. લગભગ ૧૨ વર્ષ જેટલી ઉંમરના બાળકોને કાન બનાવે અને ૬ થી ૭ વર્ષની કુમારીઓને ગોપી બનાવે, મુખ્ય પટરાણી રાધિકાજી હોય છે. તેને સિંહાસનમાં કાનના સિંહાસનની પાસે જ બેસાડે છે. પછીથી તેમનું પ્રતિષ્ઠાવિધિથી પ્રતિષ્ઠા, આવાહન વિગેરે આરતી પર્યંતના ઉપચારોથી પૂજન કરે છે અથવા સામસામા સંવાદ પણ કરે છે.

૪૨૫ **જયપુર** :- શ્રીસ્વામિનારાયણ હરિમંદિર છે. ઠાકોરજી ઉત્તર સન્મુખ બેઠા છે. આ મંદિર ત્રણ માળનું છે. પૂર્વમાં થોડે દૂર પહાડ પર ગલત ગંગા નામનું રમણીય સ્થાન છે. એટલે મોટો કુંડ છે. તેમાંથી પાણી અખંડ વહ્યા કરે છે, ગૌમુખમાંથી વહે છે તે પાણી બીજા ત્રણ કુંડ તેથી નીચા છે તેમાં જાય છે. એ કુંડો પાણીથી ભર્યા જ રહે છે. કિનારે ઘણાં મંદિર છે. શ્રીરામચંદ્રજી, શ્રીકૃષ્ણ ભગવાન, રાસલીલા, રામ શ્રીકૃષ્ણ ભગવાન રૂપે થયા હતા તેની મૂર્તિ બહુ જ સુંદર છે. બીજી રામચંદ્રજી, સીતા, લક્ષ્મણ તથા રાધાકૃષ્ણદેવ વિગેરે મૂર્તિઓ જુદાં જુદાં મંદિરોમાં છે. ત્યાં ગાલવ ઋષિનો આશ્રમ છે. નૃસિંહજી ભગવાનનું મંદિર છે. ગોપાલકૃષ્ણનું મંદિર છે.

## મેવાડની યાત્રા

૪૨૬ **અજમેર** :- થઈ મોટર રસ્તે **પુષ્કરરાજ** જવાય છે. આ મોટું તીર્થ કહેવાય છે. અહીં સરોવર મોટું છે. તેના ત્રણે કિનારા પર મકાનો છે. પૂર્વનો કિનારો જરા ખાલી છે. તે સરોવરના દક્ષિણ તટ પર મંદિરો છે. તેમાં એક બ્રહ્માજીનું પણ સારૂં મંદિર છે. બ્રહ્માજી ચતુર્મુખી છે. જમણી બાજુ સાવિત્રી અને ડાબી બાજુ ગાયત્રી છે. આ સ્થળે બ્રહ્માજીએ મોટો યજ્ઞ કર્યો હતો. આ મંદિરમાં આરસની તકતીમાં બ્રહ્માજીના નમસ્કારને વિદિત એક સુંદર સંસ્કૃત શ્લોક લખેલ છે.

આ સિવાય રામાનુજ સંપ્રદાયનું રંગનાથજીનું પણ મોટું મંદિર છે. વૈકુંઠનાથજીની શ્યામ પાષાણની મૂર્તિ છે. શ્રીદેવી સેવામાં છે. સરોવરના તટ ઉપર એક શંકરનું મંદિર છે. તેની ચોતરફ સુંદર બગીચો છે, સિધ્ધપુર આગળ વહેતી સરસ્વતી નદી આ પુષ્કરરાજમાંથી ઉત્પન્ન થઈ છે.

૪૨૭ **કાંકરોલી** :- શ્રીનાથજી ભગવાનની મૂર્તિ છે. સેવા દર્શન વગેરેની વ્યવસ્થા સારી છે. કથા પણ સારી વંચાય છે. ત્યાં રાયસાગર નામનું મોટું સરોવર છે. સરોવરના કિનારે જ ઉંચે પહાડ પર મોટી હવેલી છે. તેમાં વિઠ્ઠલનાથજી, મથુરાનાથજી, છોટેદ્વારકાનાથજી, દાઉજી, ગોવર્ધનનાથજી વિગેરેનાં મંદિરો છે.

૪૨૮ **શ્રીનાથદ્વારા** :- શ્રીનાથજી ભગવાનની મૂર્તિ સુંદર છે. ઘણીવાર નેકભોગ થાય છે. મૂર્તિને જલસ્નાન, પંચામૃત સ્નાન, અભિષેક વિગેરે દરરોજ થાય છે. ઘીનું મોટું ટાંકું છે તેમાંથી ઘી લેવાય છે. ગાયો અને ભેંસો મંદિરની ઘણી જ છે, મુખ્ય મંદિર શ્રીનાથજી ભગવાનનું છે. તેને ફરતાં નવનિતપ્રિયાજી, મદનમોહનજી, વિઠ્ઠલનાથજી, ગીરધર-લાલજી, કલ્યાણરાયજી, ગોપાળલાલજી અને વનમાળીલાલજી એમ સાત મંદિરોને દરરોજ ભોગ રૂપિયા ૨૫૦૦ બે હજાર પાંચસોનો લગભગ થાય છે. ઠાકોરજી માટે બનાવે છે તે લગભગ બે મણ વજનનો એક ભોગ કરે છે. ત્યાં ઠાકોરજીના થાળનું ઘણું માહાત્મ્ય છે. ત્યાં આપણી શ્રીસ્વામિનારાયણ ધર્મશાળા છે. તેમાં રહે કરવાની સારી સુવીધા છે.

૪૨૯ **ઉદેપુર** :- ઐતિહાસિક સ્થળ છે.

૪૩૦ **ખાણ** :- શિખર મંદિર પશ્ચિમદ્વારે. હરિકૃષ્ણ મહારાજ, શ્રીકૃષ્ણ, રાધાજી છે. સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીનું જન્મસ્થળ ગામમાં છે.

૪૩૧ **વાલી** :- શિખર મંદિર પશ્ચિમદ્વારે. હરિકૃષ્ણમહારાજ, શ્રીકૃષ્ણ રાધિકાજી છે. ઉપર પ્રમાણે ચારે ધામની યાત્રાનું સંક્ષિપ્તમાં વર્ણન કર્યું. હવે આ બધાં તીર્થોમાંથી અમુક તીર્થોનો ઈતિહાસ જાણવા જેવો છે. તેથી આ પછીના પરિશિષ્ટ પ્રકરણમાં તેની થોડી વિગત આપી છે.

## પરિશિષ્ઠ પ્રકરણ

**(૧) દ્વારિકા** :- (અનુક્રમ નંબર ૮૪ના અનુસંધાનમાં)

દ્વારકાની ઉત્પત્તિ માટે નીચેનો ઈતિહાસ જાણવો જરૂરી છે. શર્યાતિ રાજાએ પૃથ્વી ઉપર દશ હજાર વર્ષ સુધી ચક્રવર્તી રાજ્ય કર્યું. એમને વૃદ્ધવસ્થા આવવાથી, પોતાના ત્રણ પુત્રોને (૧) ઉત્તાનબર્હિ (૨) આનર્ત અને (૩) ભૂરિષેણને અનુક્રમે પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ દિશાનાં રાજ્યો આપ્યાં અને કહ્યું જે, મારી ભુજાના બળથી

મેળવેલી આ પૃથ્વી મેં તમોને આપી છે. માટે તેનું યથાર્થ પાલન કરજો. આ વાત સાંભળીને મધ્યમ પુત્ર આનર્તે હસીને કહ્યું જે, હે પૂજ્ય પિતાશ્રી ! તમારા કહેવા મુજબ આ પૃથ્વી તમારી નથી, તેમજ તમોએ બાહુબળથી જીતી પણ નથી તથા પાલન પણ કરેલી નથી. આ પૃથ્વી તો મહા બળવાન સર્વ વ્યાપક ભગવાનની છે અને તેજ ભગવાન આ પૃથ્વીનું પાલન કરે છે. ભગવાન સમાન બીજો કોઇ બળવાન નથી, એટલે તેમણે પોતાના તેજથી જ આ પૃથ્વી જીતેલી છે. અનંત સૃષ્ટિના રચનાર, પાલન કરનાર ને સંહાર કરનાર પણ એ જ છે. તેમના ભયથી વાયુ આદિ પોત પોતાના કાર્યક્ષેત્રમાં પ્રવર્તી રહ્યા છે. તેમની મરજી વિના બીજા કોઇથી એક પાંદડું પણ હલાવી શકાતું નથી. માટે આવા ભગવાનનું જ આ બધું છે એમ માની, તે સર્વાંતર્યામી ભગવાનને હમેશાં ભજો. વ્યર્થ રીતે આ મારૂં છે અને મેં કર્યું છે એવો અહંકાર ન કરો. શર્યાતિ રાજા જ્ઞાની હતા, છતાં આવું આનર્તનું વચન સાંભળી તેના ઉપર ગુસ્સે થયા અને બોલ્યા જે, ‘‘અરે મૂર્ખ ! તું અહિંથી ચાલ્યો જા. પિતાને શિખામણ આપતાં તને લાજ નથી આવતી ? કોના સામું બોલું છું તેનું તને જરા પણ ભાન નથી. જ્યાં લગી મારૂં રાજ્ય છે ત્યાં સુધીના કોઇ પણ પ્રદેશમાં તારે રહેવું નહિ. તુરત અહીંથી ચાલ્યો જા. જે ભગવાન સમર્થ છે અને જેની બડાઇની વાતો મારા આગળ કરે છે તે ભગવાન શું તને નવી પૃથ્વી નહિ આપે ? માટે જેનો તને આશ્રય છે તેની આગળ તું ચાલ્યો જા.’’

પિતાનાં આવાં વચનો સાંભળીને આનર્તે કહ્યું જે, ‘‘હે પિતાશ્રી ! જ્યાં સુધી તમારૂં રાજ્ય હશે ત્યાં સુધીના પ્રદેશમાં તમારી આજ્ઞાથી હું નહિ રહું.’’ આમ કહી આનર્તે સમુદ્રના તટ ઉપર જઇ ભગવાનને પ્રસન્ન કરવા તપ શરૂં કર્યું. ભક્તિપૂર્વક દશ હજાર વર્ષ સુધી તપ શરૂં કર્યું. ભગવાન પ્રસન્ન થયા. દર્શન દઇને કહ્યું, ‘‘પુત્ર ! વર માંગ ! આનર્તે ભગવાનને સાષ્ટાંગ પ્રણામ કરી નિવેદન કર્યું જે, મારા પિતાએ મને પોતાના રાજ્યમાંથી કાઢી મૂક્યો છે. તો મને નવી પૃથ્વી આપો, તેમાં હું સુખેથી રહું અને રાજ્ય કરૂં.’’

ભગવાન બોલ્યા કે, ‘‘આ લોકમાં તો બીજી પૃથ્વી નથી. માટે હું તને સો યોજન પૃથ્વીનો ખંડ, દિવ્ય વૈકુંઠલોકમાંથી આપું છું. એમ કહી ભયંકર સમુદ્રમાં પ્રથમ સુદર્શન ચક્ર રાખીને તેના ઉપર તે સો યોજનનો ખંડ સ્થાપન કર્યો. આ પ્રદેશ ઉપર આનર્તે એક લાખ વર્ષ પર્યન્ત રાજ્ય કર્યું. આનર્તની ભક્તિથી આ દિવ્ય પૃથ્વી આવી છે, માટે આ પ્રદેશ આનર્ત દેશ એ નામથી ઓળખાય છે. આનર્તનો પુત્ર રૈવત થયો. તેણે શ્રી શૈલ પર્વતને ઉખેડીને, આ પ્રદેશમાં સ્થાપન કરેલ છે. તેથી તે પર્વત રૈવતાચલ (ગીરનાર) કહેવાય છે.

શ્રીકૃષ્ણ ભગવાને વિશ્વકર્મા પાસે દ્વારિકા આજ પ્રદેશમાં રચાવેલ છે. આ કારણથી બધા દેવતાઓ આ પુરીને મોક્ષનું દ્વાર કહે છે. અને તેથી જ તેનું નામ ‘દ્વારિકાક્ષેત્ર’ તરીકે પ્રસિદ્ધ થયેલ છે. અહિં ઘણાં તીર્થો છે. સોળ હજાર એકસો ને આઠ રાણીઓના મહેલની દક્ષિણમાં જ્ઞાનતીર્થ, કૃષ્ણકુંડ, બલભદ્રતીર્થ, માયાતીર્થ, ગોમતી, ગોપી તળાવ, રૂક્ષ્મણીતીર્થ, શંખોદ્ધાર વિગેરે ઘણાં તીર્થો છે, જ્યાં રાધા-લક્ષ્મી સહ શ્રીકૃષ્ણ ભગવાન સાક્ષાત્ રહ્યા છે. હાલના સમયમાં પણ કોઇ પુણ્યશાળી ભાવિક ભક્તોને શ્રીકૃષ્ણ ભગવાન સાક્ષાત્ દર્શન આપે છે.

**(૨) કન્યાકુમારી :-** (અનુક્રમ નંબર ૩૨૯ ના અનુસંધાનમાં)

છોટેનારાયણથી પૂર્વ અને દક્ષિણ ભાગમાં ૨૦થી ૨૨ માઇલ દૂર કન્યાકુમારી આવેલું છે. ત્યાં મોટરદ્વારા જઇ શકાય છે. ગામમાં સમુદ્ર કિનારે જે મંદિર છે તે કન્યાકુમારીનું છે. મૂર્તિ સુંદર છે. કન્યાકુમારી એટલે પરણ્યા વગરનાં પાર્વતીજી. અહીં ત્રણે સમુદ્રોનો-હિંદી મહાસાગર, બંગાળાનો ઉપસાગર અને અરબી સમુદ્ર-સંગમ થાય છે. ત્રણેનાં જળ જુદાં જુદાં જોવામાં આવે છે. આ સ્થળનો ઇતિહાસ નીચે પ્રમાણે છે. એક અસુરે મહા તપશ્ચર્યા કરી. શિવજી તેના ઉપર પ્રસન્ન થયા. વરદાનમાં અસુરે માગ્યું કે ‘‘હું કોઇથી મરૂં નહિ.’’ શિવજીએ તેને વરદાન આપ્યું. આ વરદાન મળવાથી આ અસુર નિરંકુશ બની ગયો અને બધાંને અનહદ દુઃખ આપવા લાગ્યો. આ અસુરને મારવા માટે શિવજીએ યુક્તિ શોધી કાઢી. તેમણે પાર્વતીજીને કુમારીકન્યાનું સ્વરૂપ ધારણ કરાવ્યું. પેલો અસુર ફરતો ફરતો આ કન્યા પાસે આવ્યો અને મોહ પામી તેને પરણવા માગણી કરી. કન્યાએ કહ્યું, ‘‘મને યુદ્ધમાં મારે તેની સાથે હું પરણું.’’ મોહાંધ અસુરે યુદ્ધ કર્યું અને તેમાં તેનું મૃત્યું થયું.

પછી આ કુમારી કન્યાએ શિવજીનું સ્મરણ કર્યું અને પરણવા માટે આમંત્રણ આપ્યું. શિવજી કૈલાસથી જવા માટે રવાના થયા પરંતુ રસ્તામાં દુર્વાસા મળ્યા. એક બાજુ લગ્નનું મુહૂર્ત નજીક આવતું હતું સમયસર ન પહોંચે તો લગ્ન થઇ ન શકે અને જો દુર્વાસા જોડે વાત ન કરે તો દુર્વાસા શાપ આપે. આવું ધર્મસંકટ આવ્યું. શિવજી શ્રાપની બીકથી દુર્વાસા સાથે વાતો કરવા રોકાયા. પેલી બાજુ લગ્નનું મુહૂર્ત વીતી ગયું. કુમારી કન્યાએ નિરાશ થઇ દેહ છોડી દીધો. પાછળથી શિવજી આવ્યા. તેમણે આ બધું જોયું તેમણે કુમારી કન્યાની મૂર્તિ સ્થાપી અને લગ્નનો સમાન-કંકુ, ચોખા વિગેરે હતો તે સમુદ્રમાં પધરાવ્યો. જે જુદા જુદા રંગની ચોખાના આકારની રેતી મળે છે. અહિં બે કુંડ છે. (૧) રામકુંડ (૨) પાપનાશકુંડ.

**(૩) શ્રી રંગક્ષેત્ર :-** (અનુક્રમ નંબર ૩૪૨ના અનુસંધાનમાં)

શેષશય્યા ઉપર પોઢેલા શ્રીરંગ ભગવાનની મૂર્તિ અહીં કેવી રીતે આવી. તેનો ઇતિહાસ નીચે મુજબ છે. એક સમયે બ્રહ્માએ ઘણું તપ કર્યું. તેથી ભગવાન પ્રસન્ન થયા અને પોતાનું દર્શન આપ્યું. તે વખતે ભગવાન પ્રણવાકાર વિમાનમાં શેષ ઉપર પોઢેલા હતા અને શ્રીદેવી તથા ભૂદેવી સેવામાં હતાં. આવાં અલૌકિક દર્શન કરી બ્રહ્મા

પ્રસન્ન થયા અને તેથી ભગવાન પાસે માગણી કરી કે ''આવાં ને આવાં દર્શન મને નિત્ય થાવ'' તેથી ભગવાન તેવા સ્વરૂપે ત્યાં અર્ચારૂપ બની ગયા. બ્રહ્મા આ અર્ચાસ્વરૂપને પોતાના સત્યલોકમાં લઇ ગયા અને ત્યાં હમેશાં તેમનું પૂજન અર્ચન વિગેરે પ્રેમથી કરવા લાગ્યા.

કોઇક સમયે અયોધ્યાના ઇક્ષ્વાંકુ રાજા સત્યલોકમાં ગયેલા. ત્યાં રાજાએ આ મૂર્તિનાં દર્શન કર્યા અને અતિ આનંદ થયો. પછી રાજાએ બ્રહ્માજી પાસે માગણી કરી કે, ''ભૂલોકમાં સહુ લોક આ મૂર્તિનાં દર્શન કરી પાવન થાય તેટલા માટે આ મૂર્તિ મને આપો.'' બ્રહ્માજીએ આ માંગણી સ્વીકારી નહિ તેથી રાજાએ ત્યાં મોટું તપ કર્યું. અંતે બ્રહ્મા પ્રસન્ન થયા અને તે મૂર્તિ રાજાને આપી. રાજાએ એ મૂર્તિ આ પૃથ્વી ઉપર લાવી અયોધ્યામાં સ્થાપન કરી. અયોધ્યામાં આ મૂર્તિની પૂજા અર્ચન બધું જ ધામધૂમથી લોકો કરવા લાગ્યા.

ઘણો સમય વિતી જતાં, ઇક્ષ્વાંકુ રાજાના કુળમાં ભગવાન રામચંદ્રજી પ્રકટ થયા. તે વખતે પણ આ મૂર્તિની ઉપાસના અયોધ્યામાં ચાલતી હતી. પિતાની આજ્ઞાથી રામજી વનમાં ગયા. તેમાં રાવણ, કુંભકર્ણ, મેઘનાદ વિગેરે ઘણા રાક્ષસો મરી ગયા. ભગવાને ભક્ત વિભિષણને લંકાનું રાજ્ય આપ્યું. ભગવાન સીતાજી તથા અન્ય પાર્ષદો સહિત અયોધ્યામાં પધાર્યા. વિભિષણ, હનુમાનજી વિગેરે અન્ય સેવકો સાથે જ આવ્યા હતા. તેઓ બધાય પુષ્પક વિમાનમાં બેસીને આવ્યા હતા. અયોધ્યામાં મોટો ઉત્સવ ઉજવાયો. બધા ઘણા દહાડા રોકાયા. પછી ભગવાને દરેકને સહુ સહુને સ્થાને પાછા ફરવાની આજ્ઞા કરી. વિભિષણને કહ્યું કે, ''લંકા જઇ તમારૂં રાજ્ય સારી રીતે ચલાવો.''

ભગવાનનો વિયોગ વિભિષણથી સહન ન થયો તેથી રડવા લાગ્યો. ભગવાને તેમને આશ્વાસન આપ્યું અને પ્રસન્ન થઇને કહ્યું કે,''પ્રણવાકાર વિમાન સહિતની આ મારી જ મૂર્તિ છે તે હું તમોને આપું છું. તમો લઇ જાવ. તેનાં દર્શન-પૂજન કરજો. મારા પ્રત્યક્ષ સ્વરૂપ જેટલો જ આનંદ તમને તે દ્વારે મળશે.'' વિભિષણ આ સાંભળી રાજી થયા અને તે મૂર્તિને લઇને ચાલવા માંડ્યું. તે વખતે ભગવાને તેમને ચેતવણી આપી કે, ''લંકામાં પહોંચો ત્યાં સુધી આ મૂર્તિને હાથમાં જ રાખજો. કોઇ સ્થળે ભોંય ઉપર મૂકશો નહિ. જો મુકશો, તો મૂર્તિ ત્યાં જ સ્થિર થઇ જશે. પછી ત્યાંથી ખસશે નહિ.'' વિભિષણ પ્રણામ કરી ત્યાંથી ચાલવા લાગ્યા.

ચાલતાં ચાલતાં ઉભય કાવેરી વચ્ચે રહેલા પ્રદેશમાં જ્યારે વિભિષણ પહોંચ્યા ત્યારે ત્યાંના ઋષિઓએ આ મૂર્તિની માંગણી કરી પણ વિભિષણે મૂર્તિ આપી નહિ તેથી ઋષિઓએ યુક્તિ કરી. ગણપતિને બ્રાહ્મણનું સ્વરૂપ આપ્યું અને કહ્યું કે, ''ગમે તેમ કરી આ મૂર્તિ વિભિષણના હાથમાંથી નીચે મુકાવી દો.'' ગણપતિ બ્રાહ્મણનો વેષ ધારી વિભિષણની સામે આવ્યા. તે વખતે જ વિભિષણને લઘુશંકાએ જવાનું થયું એટલે વિભિષણે આ બ્રાહ્મણને કહ્યું જે, ''તમો આ મૂર્તિને થોડીવાર તમારા હાથમાં ધારણ કરી રાખો. હું મારૂં અગત્યનું કાર્ય કરી જલ્દી પાછો આવું છું'' સાથે ભલામણ કરી કે, ''હું પાછો ન આવું ત્યાં સુધી આ મૂર્તિ હાથમાંજ રાખશો. ભોંય ઉપર ન મૂકશો.''

મૂર્તિ હાથમાં આવી અને વિભિષણ દૂર ગયા એટલે આ બ્રાહ્મણ મૂર્તિને નીચે ચોખ્ખી જમીન ઉપર મૂકી દીધી. ત્યાંજ વિભિષણ આવી પહોંચ્યા. એટલે વિભિષણની બીકથી બ્રાહ્મણરૂપે બનેલ ગણપતિ દોડતા દોડતા પર્વતની ગુફામાં પેસી ગયા તેથી આજે પણ ત્યાં ગણપતિની સ્થાપના કરેલી છે. પછી વિભિષણે મૂર્તિ ઉચકવા માંડી પણ ઉપડી જ નહિ તેથી ઋષિઓ મારફત ત્યાં તે મૂર્તિની ધામધૂમથી સ્થાપના કરી.

બીજી એવી પણ વાત છે કે, ઉભય કાવેરી વચ્ચેના પ્રદેશના ઋષિઓએ આ મૂર્તિની માંગણી કરી અને કહ્યું કે, ''થોડો સમય આ મૂર્તિ અહીં રાખો પછીથી લઇ જજો'' વિભિષણ ભગવાનની આજ્ઞા ભુલી ગયા અને મૂર્તિ ઋષિઓને સોંપી લંકા ગયા. નક્કી કરેલા સમયે જ્યારે વિભિષણ તે મૂર્તિ લેવા ગયા ત્યારે તે મૂર્તિ ઉંચકી શકાઇ જ નહિ. વિભિષણને પોતાની ભુલ યાદ આવી. ભગવાનની ઘણી પ્રાર્થના કરી ત્યારે ભગવાને દર્શન દઇ કહ્યું કે, મને આ પ્રદેશ તારી લંકા કરતાં વધુ પસંદ છે માટે અહિંજ રહેવા દે. લંકામાંથી અહીં આવીને અવારનવાર દર્શન કરી જજે. પછી વિભિષણે ધામધૂમથી આ મૂર્તિની અહીં સ્થાપના કરી. વિભિષણ લંકામાં ગયા પણ જ્યારે દર્શનની ઇચ્છા થાય ત્યારે આવી જતા. વિભિષણ ચિરંજીવી છે તેથી હજુ પણ ત્યાં દર્શન કરવા આવે છે. મંદિરના ઘુંમટના ઉપરના ભાગમાંથી દર્શન કરી, વિભિષણ ચાલ્યા જાય છે.

**(૪) રામેશ્વર :-** (અનુક્રમ નંબર ૩૩૭ ના અનુસંધાનમાં)

રામેશ્વર ભગવાનની સ્થાપના કેવી રીતે થઇ તેનો ઇતિહાસ નીચે પ્રમાણે છે. રાવણનો નાશ કરી તેની ગાદીએ વિભિષણને બેસાડી ભગવાન રામચંદ્રજી સીતાજી, લક્ષ્મણજી, વિભિષણ અને હનુમાનજી સાથે પુષ્પક વિમાનમાં બેસીને લંકાથી પાછા વળ્યા. ગંધમાદન પર્વત (રમઝરૂખો) પાસે આવ્યા ત્યાં વિમાનની ગતિ અટકી ગઇ. ભગવાન વિમાનમાંથી નીચે ઉતર્યા અને તપાસ કરી કે વિમાન શાથી રોકાઇ ગયું છે તે વખતે અગત્સ્યાદિક ઋષિઓએ જવાબ આપ્યો કે, ''રાવણ બ્રાહ્મણ હતો તેને મારવાથી તમને બ્રહ્મહત્યા લાગી છે. અને આ બ્રહ્મહત્યાજ વિમાનને અટકાવી રાખે છે.'' આ બ્રહ્મહત્યાની નિવૃત્તિનો ઉપાય પૂછતાં ઋષિઓએ જવાબ આપ્યો કે, કાશીથી શિવલિંગ લાવી આ સ્થળે તેની સ્થાપના કરવામાં આવે તો બ્રહ્મહત્યા હટી જાય અને વિમાન ચાલતું થાય.

ભગવાને કાશીથી શિવલિંગ લાવવાનું કામ હનુમાનજીને સોંપ્યું. હનુમાનજીએ તપ કરીને શિવલિંગ પ્રાપ્ત કર્યું. જેઠ સુદી ૧૦ ના રોજ સવારમાં શિવલિંગ

સ્થાપવાનું મુહૂર્ત આવતું હતું. સમય થવા આવ્યો. સહુ કોઇ હનુમાનજીની રાહ જોતા હતા, પરંતુ હનુમાનજી સમયસર આવી ન શક્યા. ઋષિઓએ મુહૂર્ત સાચવવા આગ્રહ કર્યો એટલે ભગવાનની આજ્ઞાથી સીતાજીએ રેતીનું (વેળુનું) શિવલિંગ તૈયાર કર્યું. ઋષિઓએ તે લિંગની પ્રતિષ્ઠા કરી ભારે મહોત્સવ ઉજવ્યો. આમ રામેશ્વરની સ્થાપના થઇ.સર્વત્ર આનંદ વર્તતો હતો, તે વખતે હનુમાનજી શિવલિંગ લઇને આવી પહોંચ્યા.

હનુમાનજીએ પૂછ્યું કે આ બધી ધામધૂમ શાની થાય છે ? ભગવાને જવાબ આપ્યો કે શિવલિંગની (રામેશ્વરની) સ્થાપના મહોત્સવ પ્રસંગનો આ આનંદ છે. હનુમાનજીએ આશ્ચર્યથી પૂછ્યું કે શિવલિંગ તો હજુ મારા હાથમાં છે. હમણાંજ હું કાશીથી લઇને આવું છું, તો પછી તેની સ્થાપના કેવી રીતે થઇ ગઇ ? ભગવાને કહ્યું જે મુહૂર્ત વિતી જતું હતું, એટલે સીતીજીએ વેળુનાં લિંગની સ્થાપના કરી છે. ત્યારે હનુમાનજીએ કહ્યું કે, હવે અસલ લિંગ આવી ગયું છે. મૃત્તિકાના લિંગની જગાએ આનું સ્થાપન કરો. ભગવાને કહ્યું કે, હવે તે લિંગ ઉપડી શકે નહિ. તે લિંગ તો અતલાદિક નીચેના સાત લોક સુધી પ્રતિષ્ઠિત થઇ ગયું છે. માટે તમારી શક્તિ હોય તો આ લિંગને ઉખેડી નાંખો.

હનુમાનજીએ ઘણી મહેનત કરી પણ પ્રતિષ્ઠિત લિંગ જરાય ખસ્યું નહિ. હનુમાનજી દિલગીર થઇ ગયા. તેથી ભગવાને તેમને આશ્વાસન આપ્યું અને રામેશ્વરની બાજુમાં જ હનુમાનજી લાવ્યા હતા તે લિંગની સ્થાપના કરી અને ભારે ધામધૂમ કરી. હનુમાનજી પ્રસન્ન થયા. આમ રામેશ્વરનાં બે મંદિરો છે. રામેશ્વર મંદિરની નજીકમાં જ પાર્વતીજી (રામેશ્વરી)નું મંદિર છે. ત્યાં શયન આરતી સમયે દરરોજ રામેશ્વર મહાદેવની ભોગમૂર્તિને સોનાની પાલખીમાં બેસાડીને લઇ જવામાં આવે છે. અને સવારે મંગળા સમયે પાછા મંદિરમાં લાવવામાં આવે છે. તે વખતે ધામધૂમ સહિત મહોત્સવ થાય છે. મંગળા આરતી સમયે સૌથી પ્રથમ રામેશ્વરના મંદિરમાં શંકરાચાર્યે આપેલ સ્ફાટિક લિંગ (મણિલિંગ)નું પૂજન આરતી થાય છે. ત્યારબાદ બીજાં લિંગો અને દેવતાઓની પૂજા વિગેરે થાય છે. ત્યાંથી ધનુષ્કોટી જવાય છે. સમુદ્ર નજીક તેમાં સ્નાન વિગેરે થાય છે. હાલમાં રામઝરૂખો છે ત્યાં ગંધમાન પર્વત હતો.

**(૫) હિમાલયનો પ્રવાસ.** હરિદ્વારથી ઋષિકેશ રેલ્વે જાય છે. ઋષિકેશથી બદરિનારાયણ જવા માટે પગ રસ્તો છે અને મોટર રસ્તો પણ છે. ઋષિકેશમાં લક્ષ્મણઝુલા પુલ પસાર કરીને સામી બાજુથી પર્વત ઉપર પગ રસ્તો શરૂ થાય છે. રસ્તામાં જે જે સ્થળે રોકાવા જેવું હોય ત્યાં ધર્મશાળાઓ હોય છે. હવે તો ખાનગી મોટરો મારફતે ઠેઠ બદરિનારાયણના મંદિર સુધી જવાય છે. સરવીસની મોટરો પણ નિયમિત ઉપડે છે. પર્વતની મુસાફરીમાં ખોરાક વિગેરેમાં સંયમ રાખવો પડે છે. ગરમ કપડાં તથા વરસાદથી બચવાનું સાધન રાખવું.

## નોંધ :-

(૧) કોટદ્વારથી હરિદ્વાર ૩૫ માઇલ થાય છે.
ગુખમાલ ૨૨ માઇલ
હરિદ્વાર ૧૩ માઇલ
હરિદ્વારથી બદ્રિનારાયણ ૧૯૬ માઇલ થાય છે.
ઋષિકેશ ૧૫ માઇલ
દેવપ્રયાગ ૪૪ માઇલ ઉંચાઇ ૧૧૫૦ ફીટ છે.
કીર્તિનગર ૨૧ માઇલ
શ્રીનગર ૩ માઇલ ઉંચાઇ ૧૭૦૬ ફીટ છે.
રૂદ્રપ્રયાગ ૨૧ માઇલ ઉંચાઇ ૨૦૦૦ ફીટ છે.
ગોચર ૧૪ માઇલ
કર્ણપ્રયાગ ૬ માઇલ ઉંચાઇ ૨૬૦૦ ફીટ છે.
નંદપ્રયાગ ૧૩ માઇલ ઉંચાઇ ૩૦૦૦ ફીટ છે.
ચમોલી ૬ માઇલ રાજધાની
પીપલકોટી ૧૧ માઇલ
જોષિમઠ ૨૦ માઇલ ઉંચાઇ ૬૦૦૦ ફીટ છે.
બદ્રિનારાયણ ૨૨ માઇલ ઉંચાઇ ૧૦૨૫૦ ફીટ છે.

રૂદ્રપ્રયાગથી ત્રિયુગીનારાયણ થઇને કેદારનાથજવાય છે.
ત્રિયુગીનારાયણ ૪૦ માઇલ ઉંચાઇ ૭૦૦૦ ફીટ છે.
કેદારનાથ ઉંચાઇ ૧૧૭૦૦ ફીટ છે.
બદ્રિનારાયણથી માનાપાસ (ઉંચાઇ ૧૮૪૦૨ ફીટ) થઇને કૈલાસ ૨૪૦ માઇલ છે.
૧. બદ્રિનારાયણ ૦ માઇલ
૨. માનાગામ ૨ માઇલ
૩. મુશાપાની ૫ માઇલ
૪. ઘાસતોલી ૩ માઇલ
૫. ચમરાવ ૪ માઇલ
૬. સરસ્વતી ૫ માઇલ
૭. રાતાકોના ૨ માઇલ
૮. જગરાવ ૪ માઇલ
૯. માનાધુરા ૩ માઇલ
૧૦. ચરંગ "લા" ૨૩ માઇલ
૧૧. થોલીંગ મઠ ૪૯ માઇલ
૧૨. મંગલંગ ૧૩ માઇલ
૧૩. દાપાદાવા ૧૪ માઇલ
૧૪. નાવરામંડી ૬.૫૦ માઇલ
૧૫. શિવચીલમ ૩૮.૫૦ માઇલ
૧૬. જ્ઞાનીમાચંડી ૨૮ માઇલ
૧૭. કૈલાસ ૪૦ માઇલ
૧૮. માનસરોવર ૧૬ માઇલ
કૈલાસ અને માનસરોવર તિબેટ સામ્રાજ્યમાં છે. ત્યાં જવું હોય તો તેની પરમીટ (પ્રવેશપત્ર) લેવી પડે છે.

૨. જોષિમઠથી વીતધુરા (ઉંચાઇ ૧૬૬૨૮ ફીટ) થઇને કૈલાસ ૨૦૧ માઇલ પર છે.
૧. જોષિમઠ ૦ માઇલ
૨. તપોવન ૭ માઇલ
૩. હીણી ૫ માઇલ
૪. સુરાઇકોઠા ૫ માઇલ
૫. કોઠાગાડી ૩ માઇલ
૬. જુમ્મારવાડ ૪ માઇલ

| | | | |
|---|---|---|---|
| ૭. ભાવકુંડ ૬ માઈલ | ૧૧. ગોટીંગ ૮ માઈલ | ૧૫. ગણેશગંગા ૨ માઈલ | ૧૯ શિવચીલમ ૨૮.૫૦ માઈલ |
| ૮. મલારી ૩ માઈલ | ૧૨ સાપુક ૩.૫૦ માઈલ | ૧૬. કયુંગલુંગ ૨ માઈલ | ૨૦. જ્ઞાનીમાંચંડી ૨૮ માઈલ |
| ૯. લંપા ૭ માઈલ | ૧૩. ખંખેશીયા ૪ માઈલ | ૧૭. નિતિપાસ ૪.૫૦ માઈલ | ૨૧. કૈલાસ ૪૦ માઈલ |
| ૧૦. નિતિ ૪ માઈલ | ૧૪. ગીલડુંગર ૪ માઈલ | ૧૮. નાવરામંડી ૨૩.૫૦ માઈલ | ૨૨. માનસરોવર ૧૬ માઈલ |

**(૩) દેવપ્રયાગ** ઉંચાઈ ૧૧૫૦ ફીટ.
દેવપ્રયાગથી શ્રીનગર ૨૪ માઈલ થાય ઉંચાઈ ૧૭૦૬ ફીટ.
શ્રીનગરથી રૂદ્રપ્રયાગ ૨૧ માઈલ થાય ઉંચાઈ ૨૦૦૦ ફીટ
રૂદ્રપ્રયાગમાં મંદાકીની અને અલંકનંદાનો સંગમ થાય છે. રૂદ્રપ્રયાગમાં રૂદ્રેશ્વર મહાદેવનું મંદિર છે. રૂદ્રપ્રયાગથી ત્રિયુગીનારાયણ થઈને કેદારનાથ થઈને (૫૨) માઈલ થાય છે. અને રૂદ્રપ્રયાગથી કેદારનાથ સીધા જવું હોય તો (૪૯) માઈલ થાય છે. રૂદ્રપ્રયાગથી ત્રિયુગીનારાયણ (૪૦) માઈલ થાય, ત્રિયુગીનારાયણ તીર્થની ઉંચાઈ (૭૦૦૦) ફીટ છે. ત્રિયુગીનારાયણમાં લક્ષ્મીનારાયણદેવનું મંદિર છે. કેદારનાથ તીર્થની ઉંચાઈ (૧૧૭૬૦) ફીટ છે. કેદારનાથ સ્વયંભૂલીંગ છે. તેનું પૂજન યાત્રિકો સ્વયં કરી શકે છે. સમીપમાં ૫ પાંડવ, દ્રૌપદી, શ્રીકૃષ્ણ, કાર્તિકસ્વામી, વશિષ્ઠ, અગસ્ત્ય, હનુમાનજી, પરશુરામ અને ભૈરવની મૂર્તિઓ છે. નંદીશ્વર તથા સિંહ બેઠેલા છે. અમૃતકુંડ, રેતકુંડ, હંસકુંડ એ કુંડો છે. ગરમ પાણીના કુંડમાં પોટલી બાંધીને ચોખા થોડીવાર રાખવાથી ચડી જાય છે.
જોષિમઠ તીર્થની ઉંચાઈ (૬૦૦૦) ફીટ છે. બદ્રિનાથનું આ ગાદી સ્થાન છે. શિયાળામાં ૬ માસ સુધી બદ્રિનાથના પટ બંધ થાય છે. ત્યારે તેમની પૂજા તથા પ્રિયસખા ઉદ્ધવજીને જોષિમઠમાં લાવે છે. અને તે દ્વારા ભગવાનનું પૂજન થાય છે.
(૪) જોષિમઠથી બદ્રિનારાયણ ૨૦ માઈલ.
વિષ્ણુપ્રયાગ ૨ માઈલ બલદોડા ૧ માઈલ ઘાટચટ્ટી ૩ માઈલ પાંડુકેશ્વર ૨ માઈલ યોગબદ્રિનાં દર્શન થાય છે. લામાવગઢ ૩ માઈલ.
હનુમાનચટ્ટી ૪ માઈલ. હનુમાનજીનું મંદિર છે.
બદ્રિનારાયણ ૫ માઈલ

## કૈલાસ માનસરોવરની યાત્રા

દર વર્ષે ૧૫ મી જુન થી ૨ ઓક્ટોમ્બર વચ્ચે આ યાત્રાનું આયોજન થાય છે. યાત્રા માટેની જાહેર ખબર એપ્રિલ મહીનામાં ટી.વી. રેડીયા પર અને છાપાઓમાં આપવામાં આવે છે. યાત્રામાટેની અરજી પણ નીચે પ્રમાણેના એડ્રેસપર તેના સંપૂર્ણ વિધિની સાથે કરવાની હોય છે.

એડ્રેસ

UNDER SECRETARY (CHINA) Ministry of External Affairs,
South Block, NEW DELHI

અરજી સ્વીકૃતિ પછી તેનો જે વિધિ હોય તે પતાવ્યા બાદ યાત્રિકને દિલ્હી બોલાવવામાં આવે છે. “આ યાત્રિકની સંપૂર્ણ જવાબદારી કુમાઉ મંડળ વિકાસ નિગમ” ના શિરે હોય છે. યાત્રાની શરૂઆત દિલ્હીથી થાય છે. દિલ્હીથી તવાઘાટ સુધીની ૬૪૭ કી.મી. ની યાત્રા નિગમની ગાડી દ્વારા થાય છે. ત્યાંથી ૧૨૭ કી.મી. ની કૈલાસ માનસરોવરની યાત્રા પગ દંડીની છે. તે પગપાળા કે ઘોડા દ્વારા અને આગળના ચીની વિસ્તારમાં યાક દ્વારા પણ થઈ શકે છે. સમુદ્ર સપાટીથી કૈલાસની ઉંચાઈ ૨૨૦૨૮ ફીટ છે.

## પુલ્હાશ્રમ – મુક્તનાથ

છપૈયાથી ગાડી માર્ગે નેપાળ દેશમાં પોખરા જવાય છે. ત્યાંથી એર માર્ગે જોમસોમ જવાય ત્યાંથી પગપાળા કાગબેની, ખેંગા, જારકોટ, રાનીપૌંઆ, મુક્તનાથ. પોખરાથી પગપાળા બની-ગલેશ્વર ઘરખોલા, તાતાપાની, દાના, ટુચકે, મારફા, જોમસોમ. કાગબેની, ખેંગા, જારકોટ, રાનીપૌંઆ, મુક્તનાથ.

## દેવઘાટ

છપૈયાથી નારાયણગઢ ત્યાંથી ૪ માઈલ દૂર દેવતીર્થ ધામ છે.